Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	આ
૦–૦	૧૨ સં- પણે
૦–૦	૭— યા ત્ર
૦–૦–૦	૩–૧૦ આ
રૂ. ૧–૮–૦	૧–૬ છે,

જ ખર્ચ સાફ.

ગાઉથી જ લેવાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ંથમાળા. મણકો ૭ મો.

લઘુ લેખસંગ્રહ.

ભાગ ૧ લો.

...ન્ટના લેખો ઉપરથી તૈયાર કરનાર,
...ણલાલ નથુભાઈ દોશી, બી. એ.
અમદાવાદ.

...ક, ભિક્ષુ-અખંડાનંદ.
...હિત્યવર્ધક કાર્યાલય-મુંબઈ.

...૩૦૦. કુલ પ્રત ૫૬૦૦.

...૭. (પ્રથમ વર્ષ.)

સાથે-સાદું પૂઠું ૦-૨-૦.
...૪-૦.-સોનેરી ૦-૮-૦.

...ંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
...ાસ છગનલાલે છાપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળાનું વાર્ષિક મૂલ્ય

હિંદુસ્તાન, બરમા અને સિલોન માટે

૧ પહેલા વર્ગનાં પુસ્તકો બદલ રૂ.	૧૨–૦–૦
૨ બીજા વર્ગનાં પુસ્તકો બદલ રૂ.	૬–૦–૦
૩ ત્રીજા વર્ગનાં પુસ્તકો બદલ રૂ.	૩–૦–૦
૪ ચોથા વર્ગનાં પુસ્તકો બદલ રૂ.	૧–૮–૦

પોસ્ટેજ ખર્ચ માફ.

મૂલ્ય અગાઉથી જ લેવાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન.

...આવૃત્તિમાંથી.

આ પુસ્તકમાં શાન્તિનું સ્થળ, મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં, ગૃહસ્થા-
...ગુપ્ત મદદગારો આ વિષયો છે. જે પ્રખ્યાત વિદુષી એની બિસેન્ટનાં અંગ્રે-
...બહાર પડેલાં ભાષણો તથા લખાણોપરથી રા. રા. મણિલાલ નથુભાઈ દોશી
...એમણે સ્વહસ્તે ગુજરાતીમાં તૈયાર કરી જુદા જુદા બહાર પાડેલા હતા.
...ની અનુમતિથી વિવિધ ગ્રંથમાળાના આ સાતમા મણકારૂપે ભેગા છપાવી
...વર્ગ સમક્ષ રજુ કરવામાં આવે છે.

આ પુસ્તક છપાવી બહાર પાડવાની રજા પૂર્ણ નિષ્કામતાપૂર્વક આપવા
તથા પ્રુફો જોવા કરવાનું કાર્ય પણ સ્વહસ્તેજ કરી આપવા બદલ ઉક્ત વિદ્વા-
...અત્રે ખાસ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે. ન્હાના છતાં આવા ઉપયોગી
...મળી આવશે અથવા સજ્જનો તરફથી સૂચવાતા જશે તો તેનો સંગ્રહ કરીને
...ર્ય એકાદ મણકારૂપે તે પણ આપતા રહેવા વિચાર રાખેલો છે.

સુધારો—ચોથા મણકામાં શરૂઆતના પાંચમા પૃષ્ઠે **ગ્રાહકોને પ્રશ્ન**
...ા મથાળા નીચે આપેલી હકીકતમાંના છેલ્લા પેરેગ્રાફમાં **'આ પુસ્તક મેળવવું**
...ય' એવું લખ્યું છે તેને બદલે **'આ પુસ્તક મેળવ્યું હોય'** એમ સુ-
...ા વાંચવું.

...ા બીજી આવૃત્તિ વિષે.

વિવિધ ગ્રંથમાળાનાં—ગ્રાહકોનું વધતું જતું પ્રમાણ જોઇને ભવિ-
...ષ્યનાં ગ્રાહકો માટે તૂટ ન પડે એ હેતુથી આ પુસ્તકની બીજી આવૃત્તિ સવેળા કહ-
...ડાવવામાં આવી છે.

આ પુસ્તક તૈયાર કરનાર રા. રા. મણિલાલ નથુભાઇ દોશી બી. એ. એમનો
...આવૃત્તિ માટે સંમતિ આપવા બદલ અત્ર પુનઃ આભાર પ્રદર્શિત કર-
...ાં આવે છે.

આ મણકો ન્હાનો કેમ ? ઉત્તર કે—કોઈ મણકો ન્હાનો તો કોઇ
...ટો એમ થઇ વર્ષ આખરે નિયમિત પૃષ્ઠો પુરાં થશેજ.

'મંત્રી' સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય—મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના.

આ લઘુ લેખ સંગ્રહમાં ચાર જૂદા જૂદા પણ ઉપયોગી વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે આ ચાર વિષયોને બાહ્ય દૃષ્ટિએ કાંઇ પણ સંબંધ ન હોય એમ લાગે, પણ જરા વિચાર કરનારને જણાયા વગર નહિ રહેશે કે તે દરેક વિષયનો ઉદ્દેશ સામાન્ય અને ઉચ્ચ જીવન ગાળવાને મદદ કરવાનો છે.

'શાન્તિનું સ્થળ' અને 'મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં' એવા માથાળાના પ્રથમના બે લેખો વિદુષી મીસીસ એની બીસે-ન્ટના અંગ્રેજી વ્યાખ્યાનોના અનુવાદરૂપ છે. માનસિક કે આધ્યાત્મિક શાન્તિ કે જે એકલી જ ખરી શાન્તિ છે તે મેળવવાને આપણે શો પ્રયત્ન કરવો જોઇએ તે માટે એમાં ત્રણ માર્ગો બતાવવામાં આવ્યા છે. જ્યારે આપણે કોઇ પવિત્ર સ્થળે જઇએ છીએ, ત્યારે આપણી સં-સારની ધાંધળો ત્યાં કેવી નજીવી લાગે છે? તેમજ જ્યારે આપણે કાળમાં દૂર જઇએ છીએ, અર્થાત્ કોઈ બનાવનો તે વીતી ગયા પછી દશ વર્ષે વિચાર કરીએ છીએ, ત્યારે તે બનાવ કેવું વિચિત્ર સ્વરૂપ ધરતો જણાય છે? અત્યારે કારી ઘા જેવા લાગતા પ્રસંગો તે વખતે હૃદયમાં કંપારી સરખી પણ ઉત્પન્ન કરતા નથી. આ રીતે કાળમાં તેમજ સ્થાનમાં દૂર જવાથી જે શાન્તિ મળે છે, તેજ શાન્તિ દૂર ગયા વગર તેને તેજ સમયે હૃદયના ઉંડા ભા-ગમાં ઉતરી વિચાર કરવાથી કેવી રીતે મળે, તે બાબત 'શાન્તિના સ્થળમાં' જણાવેલી છે.

કર્મના અચળ કાયદાને હિંદુ તેમજ મુસલમાન, બૌદ્ધ તેમ જ જૈનો સર્વ કોઈ માને છે. અસલના વખતથી લોકો તે સત્ય નિયમને માનતા આવ્યા છે પણ હાલના બુદ્ધિના જમાનામાં કેળવાયલો વર્ગ દરેક સિદ્ધાંત ઉપર શકની નજરથી જુએ છે, અને જ્યાં સુધી તેની બુદ્ધિ કબુલ કરે તેવો ખુલાસો ન મળે, ત્યાં સુધી તે સત્યને માનવા ના કહે છે. એવા વર્ગને આ સત્ય બુદ્ધિ ગમ્ય થાય તે માટે 'મનુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં' એ મથાળાના લેખમાં કર્મનો નિયમ શાસ્ત્રીય દૃષ્ટિએ (Scientifically) અને બહુજ અસરકારક રીતે સાબીત કરી બતાવવા પ્રયત્ન કરાયલો છે. તે સાથે વળી જો કે આપણી હાલની સ્થિતિ એ પૂર્વકૃત કર્મો ઉપર આધાર રાખે છે એ વાત ખરી છે, તથાપિ આપણું ભવિષ્ય તો આપણા હાલના વિચારો, વાસનાઓ અને કાર્યો ઉપર જ આધાર રાખે છે, એ સિદ્ધાંત સમજાવી લોકોને પોતાના ભવિષ્યના નિયંતા થવાનો બોધ આપવામાં આવ્યો છે. છેવટે કર્મની જાળમાંથી કેમ છૂટવું તે પણ બતાવવામાં આવ્યું છે.

ગૃહસ્થાશ્રમ એ અનેક સદ્‌ગુણો શિખવનારી ઉત્તમ શાળા છે. હાલના જમાનામાં ઘણા થોડા પુરૂષો વૃદ્ધાવસ્થામાં પણ સહીસલામતી ભરેલી રીતે સંન્યાસ ગ્રહણ કરવાને લાયક હોય છે. તો પછી બાળવયમાં તો સંન્યાસ વિરલાજ ગ્રહણ કરી શકે. કોઇ મહાન્ પુરૂષ જગદુદ્ધાર કરવાને જન્મ લે તો તે બાળપણથી પણ સંન્યાસ ગ્રહણ કરી શકે, પણ તેવા અપવાદને બાદ કરતાં સામાન્ય રીતે ગૃહસ્થાશ્રમ એ અનેક પ્રકારના સદ્‌ગુણો ખીલવવાની અને અનેક જાતના દુર્ગુણો ટાળવાની એક ઉત્તમ અનુભવ શાળા છે; આ વિચાર લક્ષમાં રાખી ગૃહસ્થાશ્રમની ઉચ્ચ ભાવના કેવી હોવી જોઇએ તે બતાવવામાં આવ્યું છે.

છેવટનો લેખ ગુપ્ત મદદગારોને લગતો છે. પ્રાચીન કાળમાં બ્રાહ્મણો પૃથ્વીપર વસવા છતાં દેવોનું કામ કરતા હતા, અને તેટલા માટે તેઓ ભૂદેવ કહેવાતા હતા, જે નામ સાર્થક હતું. હાલના સમયમાં દેવો નથી, મહાત્માઓ નથી, આર્ય મુનિઓ નથી, એવો જે જડવાદનો વિચાર ફેલાઇ રહ્યો છે તેને દૂર કરવાને આ લેખ લખવામાં આવ્યો છે. લેખક આ પુસ્તકમાંના વિચારો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે, તે સકારણજ છે, કારણ કે તેણે જાતે કેટલીક બાબતોનું સત્ય અનુભવ્યું છે, અને તે ઇચ્છે છે કે સઘળા બુદ્ધિમાન્ પુરૂષો પ્રાચીન વાતોનો તિરસ્કાર કરતાં પહેલાં તેમાં રહેલું સત્ય શોધવા, અને અશ્રદ્ધા કે હાસ્યનો શબ્દ ઉચ્ચાર્યા પહેલાં શાન્ત વિચાર કરવા થોભશે.

અનુવાદક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા.

અનુક્રમ.	વિષય.	પૃષ્ટ.
૧	શાન્તિનું સ્થળ.	૭
૨	મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં.	૧૯
૩	ગૃહસ્થાશ્રમ.	૪૯
	૧ પિતાપુત્રનો સંબંધ.	૫૨
	૨ માતાપુત્રનો સંબંધ....	૫૫
	૩ પતિપત્નીનો સંબંધ	૫૭
	૪ ગૃહસ્થાશ્રમમાં શીખવા યોગ્ય કેટલાક સદ્‌ગુણો.	૫૯
	૫ સ્વાર્થત્યાગ.	૫૯
	૬ જીતેંદ્રિયપણું.	૬૧
	૭ પ્રેમ.	૬૨
	૮ વાણી અને મનનો સંયમ.	૬૨
	૯ ક્ષમા.	૬૪
	૧૦ છેવટ.	૬૫
૪	ગુપ્ત મદદગારો.	૬૬
	૧ દેવ ગયા ડુંગરે અને પીર ગયા મક્કે. ...	૬૭
	૨ પવિત્ર મન, મનની એકાગ્રતા અથવા મનની એક જ વિષયપર સંપૂર્ણ આસ્થા. ...	૭૧
	૩ સંપૂર્ણ આત્મસંયમ–પોતાની જાતપર કાબુ.	૭૨
	૪ શાંતિ.	૭૬
	૫ જ્ઞાન.	૭૭
	૬ પ્રેમ.	૭૮
૫	ગુપ્ત મદદગારનાં થોડાંક દૃષ્ટાંતો.	૮૧
૬	છેવટના બે બોલ	૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઘુ લેખસંગ્રહ.

પૃષ્ઠ.
૭
૧૯
૪૯
૫૨
૫૫
૫૭
૫૯
૫૯
૬૧
૬૨
૬૨
૬૪
૬૫
૬૬
૬૭
૭૧
૭૨
૭૬
૭૭
૭૮
૮૧
૮૬

ભાગ ૧ લો.

શાન્તિનું સ્થળ.

(મીસીઝ એની બીસેન્ટના ભાષણનો અનુવાદ.)

સંસારની ધાંધલમાં, કામકાજની ઉતાવળમાં તથા મનને વિક્ષોભ પમાડે એવી પ્રવૃત્તિઓમાં, મનુષ્યજાતિનો ઘણો ભાગ મગ્ન થયો છે એવી ફર્યાદ આપણે ચારે બાજૂએથી સાંભળીએ છીએ. 'મને જરા પણ અવકાશ નથી', એ બહાનું લોકમાં સામાન્ય થઈ પડયું છે. હાલમાં લોકો મોટે ભાગે ઉપલકીઆ જ્ઞાનથી સંતુષ્ટ છે; દાખલા તરીકે, કોઈ પણ પુસ્તક વાંચવાની ગરજ, તે ઉપર આપેલા અભિપ્રાય વાંચવાથી સરતી હોય એમ તેઓને લાગે છે; રાજ્યનીતિ સંબંધી લેખો વાંચવાનું કામ વર્તમાનપત્રોમાં તે સંબંધી ચર્ચાતા આર્ટીકલો વાંચી તેઓ ચલાવી લે છે, અને કોઈ પણ અગત્યની શોધ કરવાની બાબતો સંબંધીનું જ્ઞાન તે વિષય ઉપર કોઇએ આપેલા ભાષણથી મેળવી લે છે. આ પ્રમાણે સ્ત્રી અને પુરૂષોનાં મન જીંદગીની ઉપરટપકેની અને બહારથી ભપકો આપનારી ચીજો તરફ વધારે ને વધારે ખેંચાય છે. વ્યાપારમાં સહેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે ફત્તેહ મેળવવા માટે, જનસમાજમાં જરા ઉંચી પદવી અથવા માન પામવા માટે, અથવા રાજ્યકારભાર કે વિદ્યા વિષયમાં ક્ષણવાર પ્રતિષ્ઠા મેળવવા સારૂ મનુષ્ય અને સ્ત્રીઓ વલખાં મારે છે, કાવતરાં કરે છે, અને પ્રયત્ન કરે છે. આરંભેલા કાર્યનું પરિણામ શીઘ્ર આવવું જોઇએ, નહિ તો તે કાર્ય કરનાર નિષ્ફળ નીવડેલો ગણવામાં આવે છે. જરા વધારે શ્રમ લેવાથી ઇચ્છિત વસ્તુ, લોકની પ્રશંસા અને તાળીઓ વચ્ચે મળે તે વાસ્તે સઘળો પ્રયત્ન કરવામાં આવે છે. આખી જીંદગી સુધી ખંતથી અને એકાગ્રતાથી શ્રમ કરી મેળવેલી ચારિત્રપ્રતિષ્ઠા; જે કાર્યનું ફળ મળે તે પહેલાં તો તે કાર્ય કરનાર મરણના દરવાજામાં થઇ પસાર થયેલો હોય તેવું જીવનપર્યંત મહેનત કરી કરેલું કાર્ય; કોઈ પણ પ્રકારની ઉચ્ચભાવના જે તરફ સાધારણ મનુષ્યોનું લક્ષ ખેંચાતું નથી અને જે એક ભવમાં પ્રાપ્ત થઈ શકતી નથી તેવી ભાવના અનુભવવાનો દૃઢ નિશ્ચય; આવી બાબતોને સામાન્ય મનુષ્યવર્ગ હસી કાઢે છે અને તે પ્રમાણે ચાલવાને પ્રયત્ન કરનારની તરફ ઇર્ષ્યા તથા શંકાની નજરથી જુએ છે. આજના જમાનાના લોકોની વૃત્તિનો ખ્યાલ એક ચીનના તત્ત્વવેત્તાના શબ્દોથી સારી રીતે આવી શકે "He looks at an egg and expects to hear it crow" અર્થાત્ "ઇંડાને જોતાં વાર જ તેને કાકા અવાજ કરતું સાંભળવાની ઇચ્છા રાખે છે." કુદરતનો પ્રવાહ ધીમે ધીમે આગળ ચાલે છે. અને ઘણીવાર ઉતાવળથી કરેલું કાર્ય સંગીનપણામાં કાચું હોય છે એ વાત આપણે ઘણીવાર ભૂલી જઇએ છીએ.

આ જગત્‌ના "ઢીંગલા ઢીંગલીના નાચ"માં જ કાંઈ મનુષ્યની જીંદગીનું સાર્થક આવી રહેલું નથી તેવો વિચાર કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કેટલાક મનુષ્ય આપણને મળી આવે છે. તેવા મનુષ્યોના હૃદયમાં ધીમો પણ અસરકારક અવાજ આ પ્રમાણે નીકળે છે; " દુનિયાની ક્ષણભંગુર વસ્તુઓ મેળવવા માટે થતી આ સઘળી ધમાલ અને મારામારી એ કેવળ પડદા ઉપર ' મેજીકલેન્ટર્ન ' થી પાડેલાં પુતળાં બરોબર છે." સાંસારિક ફત્તેહો, વ્યાપારની સારી કમાણી, લોકસ્તુતિ, આખરે તો ઘણી જ તકલીદી વસ્તુઓ છે અને જોરભેર વહેતી નદીના પ્રવાહમાં એક ક્ષણે ઉત્પન્ન થઇ બીજી ક્ષણે નાશ પામતા પાણીના પરપોટા સમાન છે, એની પક્કી ખાત્રી તેમના હૃદયમાં થયેલી હોય છે. અને તેને વાસ્તે જે હરિફાઇ, ઇર્ષ્યા અને મનની આકુળવ્યાકુળતા થાય છે તે તદ્દન નિરર્થક છે.

જો જીંદગીનું સ્વરૂપ જ આવું હોય તો પછી જીવનમાં કાંઈ પણ ઉત્તમ રહસ્ય રહેલું નથી ? શું એવો એક પણ ઉત્તમ સિદ્ધાંત નથી કે જે કહેતાં વાર જ સમજવામાં આવે ? શું એવો એક પણ ખજાનો નથી કે જે ચારે બાજૂએ વેરાયેલો માલૂમ પડે ? આવા પ્રશ્નો સ્વાભાવિકરીતે મનુષ્યના હૃદયમાં ઉત્પન્ન થાય છે.

દરેક સ્ત્રી પુરૂષના પોતાના અનુભવની પેલી પાર ગયા સિવાય પણ તે પ્રશ્નોનો ખુલાસો મળી શકે તેમ છે અને તે ઉત્તરની અંદર જ ઉંડું સત્ય સમાયલું માલુમ પડશે. એકાદ વસ્તીવાળા શહેરની ઘોંઘાટવાળી અને મનને ક્ષોભ પમાડનારી જીંદગીમાં સામાજિક ફત્તેહના ક્ષણભંગુર સુખ માટે પ્રયત્ન કરવામાં, હલકી અભિલાષા–આશાઓની આતુરતામાં, નજીવી નિરાશાઓના સંતાપમાં, આપણા સરખા જ સ્વાર્થી બીજા પુરૂષો સાથે સ્વાર્થની બાતર કલેશ ઉત્પન્ન કરવામાં એક અઠવાડીયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા માસ ગાળ્યા પછી તે ગરબડ અને કલબલાટવાળા ગીચ શહેરમાંથી ઘણે દૂર જ્યાં આગલી રાતના વર્ષાદનું એકઠું થએલું પાણી ધોધ બંધ વહે છે, બીકણ સસલાના ચાલવાથી સુકાં પાંદડાંનો ખણખણાટ અવાજ નીકળે છે, બરૂના છોડવામાંથી પસાર થતી મરઘીને લીધે ઝરામાંથી નીકળતો સણસણાટ અવાજ સંભળાય છે, કિનારા પરના કાંકરા સાથે અથડાવાથી પાણીમાંથી ઘુઘવાટ કરતો અવાજ શ્રવણગોચર થાય છે, ઘાસની ઝાડીમાં ઉડતાં પતંગીઆઓ ગણગણાટ કરી રહ્યા છે, અને છાયા નીચે પાણીના ખાબોચીયામાં આવેલી માછલીઓ ફડફડાટ કરી મૂકે છે; જ્યાં આવા કુદરતની શાંતિમાં ઓર જ પ્રકારનો વધારો કરનારા નાદ ચારે બાજુએથી નીકળે છે અને કોઇ પણ રીતે સર્વત્ર પ્રસરી રહેલી કુદરતની શાંતિમાં વિઘ્ન કરતા નથી; ત્યાં પર્વતમાં આવેલી એકાંત વાસવાળી શાંત જગામાં અથવા પવિત્ર તીર્થમાં આપણે જઇએ તો તેવા મનુષ્યોથી દૂર આવેલા સ્થળમાં કુદરતના અસરકારક સ્પર્શથી મન શાંત થઇ જાય છે. આવા સર્વ બાજૂએ પ્રસરી રહેલા શાંતિના વાતાવરણમાં શહેરના ધંધારોજગાર તથા સ્વાર્થી મારામારને લીધે ઉત્પન્ન થતાં કલકલાટ, ખીજવાટ, અને મૂર્ખતા કેવા સ્વરૂપમાં આપણી આગળ ખડા થાય છે ? **તે સમયે આપણને લાગે છે કે એક નાની બાબતમાં આપણે જીત્યા હોઇએ કે હાર આપી હોય તો તેથી શું થયું ?** આપણી કોઇએ પ્રશંસા કરી હોય કે કોઇએ આપણી નિંદા કરી હોય તો તેમાં શું થયું ? તે જીંદગીના પાણીના વમળથી અને ન્હેરલેર ઉછળતા કલ્લોલથી દૂર જવાથી આંતરદૃષ્ટિ ક્ષણવાર ખુલે છે અને આપણને સહજ ભાન થાય છે કે બહારની કંટાળા ભરેલી અને સ્વાર્થી જીંદગીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતરની ખરી અને શુદ્ધ માર્ગ ભણી દોરનારી જીંદગી સાથે ઘણો જ થોડો સંબંધ છે.

જગ્યાની માફક કાળમાં પણ દૂર જવાથી જીંદગીના સુખ દુઃખનો યથાર્થ ખ્યાલ મેળવવાને માટે આપણને પ્રસંગ મળે છે. સુખો, આશાઓ, કસોટીઓ, નિરાશાઓ જે સમયે આવી પડયાં હતાં તે સમયને દશ વર્ષ વીતી ગયા પછી તે બાબતો સંબંધી વિચાર કરીશું તો તે નજીવી બાબતોને આપણે તે સમયે એટલું બધું ગંભીર રૂપ કેમ આપ્યું હતું તે વિષે આપણને આશ્ચર્ય ઉપજ્યા વિના રહેશે નહિ. આ પ્રમાણે કાળ વીત્યા પછી જીંદગીના ભારેમાં ભારે સંકટો, આફતો પણ, સૂક્ષ્મ વિચાર કરતાં આપણને વિચિત્ર રીતે અસત્ય ભાસે છે.

એક સમય એવો હતો કે જ્યારે આપણું જીવન બીજાના જીવન સાથે જોડાઇ ગયેલું હતું, અને તે વખતે જીવનમાં જે કાંઇ આનંદદાયક હતું તે સર્વ તેમાં આવી વસ્યું હતું. જ્યારે તે પ્રેમપાત્ર નાશ પામ્યું ત્યારે આપણને લાગ્યું કે જીંદગી હવે નિષ્પ્રયોજન થઇ, હૃદયના ચૂરેચૂરા થઇ ગયા અને હવે જીવન અને મૃત્યુ સમાન છે. પણ વખત જતાં તે કારી ઘા રૂઝાયો અને આપની જીંદગીમાં આનંદ આપનારાં નવાં પુષ્પો ખીલી નીકળ્યાં, અને અત્યારે તે જીંદગીના ચૂરેચૂરા કરનાર પ્રસંગ વિષે જરા પણ દિલગીર થયા સિવાય આપણે વિચાર કરી શકીએ છીએ. અથવા એક અપ્રિય–કટુ શબ્દ બોલી મિત્રતા તોડી હોય; દશ વર્ષ વીત્યા પછી તે સમયનો વિચાર કરીએ તો તે વખતનો આપણો ક્રોધ અને જુસ્સો તદ્દન મૂર્ખાઈ ભરેલાં હતાં એમ જણાયા વિના નહિ રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા અતિશ્રમ લેઇ મેળવેલી ફત્તેહથી આપણે આનંદની રેલમાં તણાયા હોઇએ; પણ જીંદગીના ચિત્રમાં તે ફત્તેહની ખરી સ્થિતિ શી છે તેનો અત્યારે શાંત મને વિચાર કરીએ તો તે ફત્તેહ કેવી સાધારણ હતી અને આપણે તેના સંબંધી કેવી અતિશયોક્તિથી વિચાર કર્યો હતો તે સઘળું નજર આગળ તરી આવશે. તે સમયે તે બનાવે આપણું માનસિક આકાશ ભરી નાખ્યું હતું, પણ હાલ તેનો તે બનાવ એક બિન્દુ રૂપે ભાસે છે.

જગ્યાથી તેમ જ કાળથી દૂર જઇએ અને આપણે પૂર્વ કાળની ફત્તેહો તથા નિરાશાઓ વિષે વિચાર કરીએ અને તેથી તત્ત્વજ્ઞાનને લીધે જે શાંતતા મળે તે જ્યારે આપણે પાછા સંસારવ્યવહારમાં ગુંથાઇએ છીએ ત્યારે પહેલાની માફક અદૃશ્ય થાય છે. સર્વ સાધારણ વસ્તુઓ તેઓના નવા સ્વરૂપમાં આપણું મન આકર્ષે છે, પૂર્વનાં સુખદુઃખ નવા આકારોમાં આપણાપર અસર કરતાં જણાય છે, અને ઇંદ્રિયો તેમ જ વિકારોનો જુસ્સો હૃદયને ઘસડી જાય છે. અને આ પ્રમાણે પૂર્વની માફક નજીવી ચિંતાઓમાં, નાની તકરારોમાં, ક્ષણિક આશાઓમાં, અને નિરર્થક નિરાશાઓમાં આપણો અમૂલ્ય સમય વ્યતીત થાય છે.

શું નિરંતર આમ જ ચાલ્યાં કરશે ? આપણે જગત્માં રહી જીવનરૂપી નાટકમાં આપણો ભાગ ભજવવા માગતા હોઇએ તો શું સઘળી ક્ષણિક વસ્તુઓને આધીન થઈ રહેવું જોઇએ ? અથવા તો જો કે તે વસ્તુઓની વચમાં આપણે રહેવાનું હોય અને કાળમાં ચારે બાજૂએ તેમનાથી ઘેરાયેલા હોઇએ છતાં તે જગ્યા અને કાળથી આપણે દૂર આવ્યા હોઇએ તેવું શાંતિનું સ્થળ શું આપણને મળી શકે ? જે ઉત્તર પહેલાં આપણે આપી ગયા તે ઉપરના ઉત્તરમાં જ આ સંબંધી સત્ય રહેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્ય તે એક અમર પ્રાણી છે. ઇચ્છાઓ અને વિકારોથી ગતિમાન થતું અને જીવનમય દેખાતું જડ શરીરરૂપ વસ્ત્ર તેણે ધારણ કરેલું છે. આ વસ્ત્ર સાથે મનુષ્યનો અમર સ્વભાવ એક દોરીથી જોડાયલો છે, જે દોરી તે મન છે. આ મન અસંયત અને અસ્થિર હોવાથી જગતના બાહ્ય વિષયોમાં આમતેમ ભટકે છે, અને વિકારો તેમજ ઇચ્છાઓ, આશાઓ તેમજ ભયને લીધે ચપળ બને છે. ઇન્દ્રિયોના વિષયમાંથી ઉપજતા ક્ષણભંગુર આનંદના ઘુંટડા પીવાને તે તૃષાતુર હોય છે, અને આસપાસના બાહ્ય ભપકાથી અને ઘોંઘાટથી તેને ઝળઝળીઆં આવે છે અને અર્જુને જણાવ્યા પ્રમાણે મન ચપળ, ક્ષોભ પમાડનારૂં, મજબૂત અને હઠીલું છે. આ ચકડોળે ચઢતા મનની પેલીપાર સાક્ષીરૂપે શાંત નિર્વિકારી મનુષ્યનો અંતર્યામી આત્મા રહેલો છે. જો કે નીચે તોફાન હોય તોપણ ઉપર તો શાંતતા જ પ્રસરી રહેલી હોય છે, અને તે જ શાંતિનું સ્થળ છે. કારણ કે આત્મા તો અમર–શાશ્વત્ છે, અને સંસારની વસ્તુઓ અનુભવ લાવી આપે તેમ જ સારાસારનું જ્ઞાન આપી શકે તે સિવાય તેને શા અર્થની છે? તેણે આ માટીના દેહમાં રહી ઘણીવાર જન્મ અને મરણ, લાભ અને હાનિ, આનંદ અને વિષાદ, સુખ અને દુઃખ અનુભવ્યાં છે, અને તેને લીધે તેમને પડદા ઉપર દેખાઇ અદૃશ્ય થતાં ચિત્રો સમાન ગણે છે. બહારની ઉપાધિને દુઃખ થતાં કોઇપણ ઠેકાણે ઐક્ય (Harmony) નું ચક્ર બગડયું હશે તેમ તેને જણાય છે અને તેવા મનુષ્યને દુઃખ પણ આવકારદાયક થઈ પડે છે. કારણ કે દુઃખરૂપી ગુરૂ આપણી ભૂલ બતાવે છે અને જ્યાંથી તે દુઃખ ઉદ્ભવ્યું તેનો ત્યાગ કરવાનું શીખવે છે. અંતરાત્માને આ જડ વસ્તુઓ ઉપર જય મેળવવાનો છે તેમ જ તે દ્વારા તેને શુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઉચ્ચ બનવાનું છે અને પોતાનું કામ શી રીતે કરવું તે દુઃખને લીધે મળતા અનુભવથી શીખી શકે છે.

હવે તે શાંતિનું સ્થળ મેળવવાનો માર્ગ આપણા અંતરાત્માની બહિરાત્મા સાથે નહિ પણ પરમાત્મા સાથે એકતા અનુભવવામાં રહેલો છે. આપણે ઘણીવાર મન તેમ જ શરીરની અંદર કાર્ય કરતા મગજને આત્મારૂપ માનવા અજ્ઞાનથી દોરાઇએ છીએ. વિકારો તેમ જ ઇચ્છાઓ સાથે આપણે ભૂલથી આપણી એકતા કબુલ કરીએ છીએ અને "અમે આશા રાખીએ છીએ", "અ મને ભય લાગે છે" આવા શબ્દો ઉચ્ચારીએ છીએ. કેટલીક વાર તો આ જગતમાં કાર્ય કરવાના સાધનરૂપ જે સ્થૂલ દેહ તે જ આપણે છીએ એમ જો કે શબ્દોમાં આપણે જણાવતા નથી તોપણ આપણા કાર્યપરથી તેમ જણાઈ આવે છે.

આપણા બંધારણના આ સઘળા ભાગો બાહ્ય વસ્તુઓના સંબંધમાં આવ્યાથી જ્યારે જાગ્રત થાય ત્યારે સ્થૂલ જીવન આપણાપર પૂરેપૂરી અસર કરે છે, અને આપણા ચૈતન્યમાં પણ વિકૃતિ થાય છે. અને જેમ ઉછળતા મોજાવાળા સમુદ્રપર આવેલું વહાણ તોફાનને લીધે આમતેમ ચકડોળે ચડે છે, તેજ રીતે અસંયત હૃદય મનોવિકારોની આજ્ઞાને સ્વાધીન થઈ આપણા આત્મિક જ્ઞાનને દૂર ફેંકી દે છે અને તે સમયે શાંતિ, બળ અને ધૈર્યથી વિમુખ બનાવનારી સઘળી વૃત્તિઓ–ઉશ્કેરાયેલું મન, મનની સમાધાનતાનો અભાવ, ચીડીઆપણું, વેર લેવાની ઇચ્છા આ સર્વ પોતાના સઘળા જોરથી તેના પર અસર કરે છે.

જે માર્ગે શાંતિના સ્થળ ભણી જવાય તે માર્ગે ચાલવાનો પ્રારંભ કરવો તે જ અંતરાત્માની પરમાત્મા સાથે એકતા અનુભવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારૂપ, તેમ જ તે જે રીતે જુએ છે અને વિચારે છે તે રીતે જોવા અને વિચારવારૂપ છે. આપણે એકદમ તે કાર્ય કરી શકીએ નહિ તે તો ખરૂં છે; પણ તે પ્રમાણે ચાલવાનો પ્રારંભ કરવો તે તો આપણા હાથમાં છે અને તે પ્રાપ્ત કરવાનાં ત્રણ સાધન નીચે પ્રમાણે છેઃ—

(૧) ઇંદ્રિયોના વિષયથી પરાઙ્મુખતા, (૨) ફળ–પરિણામમાં નિરાસાક્ત, (૩) પરમાત્માનું સતત ધ્યાન.

અનુક્રમે તે ત્રણ સાધનોમાંથી એક પછી એક વિચારીશું. પ્રથમ, ઇંદ્રિયોના વિષયથી પરાઙ્મુખતારૂપ પ્રથમ સાધન મેળવવાને માટે નિરંતર ડહાપણભરેલી રીતે આત્મકેળવણીની જરૂર છે. તેને વાસ્તે નાની નાની ઉદ્વેગ પમાડનારી ચીજો તરફ, આવાપીવાની મોજમઝા તરફ અને સ્થૂલ શરીરના ભોગ તરફ વિરાગવૃત્તિ રાખવાની આવશ્યકતા છે. અને નાના પ્રકારનાં સુખ મેળવવાની અને દુઃખ ત્યાગ કરવાની ઇચ્છા પણ ધીમે ધીમે નાશ કરવી જોઇએ. અને આ રીતે ચિંતાગ્રસ્ત થયા વિના નાની બાબતો સંબંધી ઉદાસીન વૃત્તિ (indifference) આપણા હૃદયમાં જાગ્રત કરી શકીશું અને જેને લીધે લોકો જરાકમાં મિજાજ ખુએ છે તેવી બાબતો આપણને અસર કરી શકશે નહિ અને આ પ્રમાણે આપણા સ્વજન તથા પડોશીઓ જેઓને આવી અડચણો હેરાન કરે છે તેમને મદદ કરવાને આપણે યોગ્ય બનીશું. અને આ રીતે આપણા કરતાં નાજુક પગવાળાનો માર્ગ થોડેઘણે અંશે સરળ બનાવવામાં સાધનભૂત થઈશું. આ ઉદાસીન વૃત્તિ મેળવવાની મધ્યમસરપણું તે જ કુંચી છે. ભગવદ્ગીતામાં કહ્યું છે કે " આ દૈવી કેળવણી, જે મનુષ્ય વધારે ખાય છે અથવા જે ઓછું ખાય છે, જે લાંબો વખત સૂઈ રહે છે અને જેને ઉજાગરા કરવાની ટેવ પડી છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાથી મેળવવી શકાય તેમ નથી. જે મનુષ્ય ખાવાપીવામાં, ઐશ-આરામમાં નિયમિત રહે છે, જે કાર્ય કરવામાં મધ્યમસર છે અને જે ચાલવામાં તેમ જ ઉંઘવામાં નિયમ પ્રમાણે વર્તે છે, તેવા મનુષ્યના હૃદયમાં જ દુઃખનો અંત લાવનાર ધ્યાન–મનન ઉત્પન્ન થવા પામે છે." **શરીરના કકડા કરવાના નથી પણ તેને કેળવી નિગ્રહમાં લાવવાનું છે.** शरीरमाद्यं खलु धर्मसाधनं । (ધર્મ સાધનમાં પ્રથમ નિરોગી શરીર છે.)

બીજું સાધન કાર્યના ફળની ઇચ્છા ન રાખવી તે છે. આપણે આગળ કેવી રીતે પ્રવૃત્તિ કરવી તે જાણવાને સારૂ આપણા કાર્યના ફળની તપાસ ન રાખવી, એમ આ ઉપરથી સમજવાનું નથી; કારણ કે આવા પરિણામનો અભ્યાસ કરવાથી અનુભવ મળે છે. અને તે દ્વારા ખરૂં જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્યારે આપણે કોઇપણ કાર્ય આપણી વિચારશક્તિથી, બળથી અને શુદ્ધ આશયથી કર્યું હોય ત્યાર પછી તેને "જતું કરવું" અર્થાત્ તેના સંબંધી જરા પણ ચિંતા ન રાખવી એ વાત ધ્યાનમાં રાખવાની છે. જે કાર્ય કર્યું તે ન કર્યું થવાનું નથી અને કેવળ ઉદ્વેગ કે ચિંતાથી આપણને કાંઇ પણ લાભ મળતા નથી. જ્યારે કાર્યનું પરિણામ આવે ત્યારે ફક્ત **જ્ઞાનની ખાતર** તે ફળની નોંધ લેવી પણ તેમાં હર્ષિત તેમ જ દિલગીર થવું નહિ. કારણકે આનંદ યા વિષાદની વૃત્તિ આપણું ધ્યાન, આપણા હાલના કર્તવ્યમાંથી, ખેંચી લે છે, અને તે કાર્ય કરવાને આપણને નિર્બળ બનાવે છે. અને તેટલા વાસ્તે શોક કે હર્ષની કોઈપણ વૃત્તિને વાસ્તે આપણને અવકાશ નથી. ધારો કે પરિણામ ખરાબ આવ્યું તે વખતે સુજ્ઞ મનુષ્ય મનની સાથે નીચે પ્રમાણે વિચાર કરશે "મેં ભૂલ કરી તેથી અનિષ્ટ પરિણામ આવ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ભવિષ્યમાં તેવી ભૂલ કરતાં અટકવાને પ્રયત્ન કરીશ. પણ વિષાદ અને શોકને લીધે તો મારા હાલના કર્તવ્ય બજાવવાને માટે હું અયોગ્ય થઇશ. અને તે છતાં પણ મારી ભૂલથી કરેલા કાર્યના પરિણામમાં જરા પણ ફેરફાર થવાનો નથી, તેથી આવા શોકમાં કાળ નિર્ગમન કરવાને બદલે વધારે સારી રીતે કાર્ય કરવાને પ્રયત્ન કરીશ." આ પ્રમાણે પોતાની જાતને પોતાના કાર્યના ફળથી ભિન્ન ગણવામાં શાંતનો માર્ગ રહેલો છે. ધર્મશાસ્ત્રોમાં કહેલું છે કે "જેઓ કોઇપણ કાર્ય કરતી વખતે પરમાત્માને તે કાર્ય અર્પણ કરે છે અને તેના પરિણામ સંબંધી સર્વ સ્વાર્થી વિચારોનો ત્યાગ કરે છે તે મનુષ્ય જેમ કમળ જળમાં ઉગવા છતાં પણ જળથી નિર્લિપ્ત રહે છે તેમ કર્મ કરવા છતાં પણ કર્મથી બંધાતો નથી. બરા ભકતો તો સ્વાર્થનો વિચાર દૂર કરી તેઓના શરીરથી, મનથી, બુદ્ધિથી અને ઇંદ્રિયોથી કેવળ હૃદયશુદ્ધિને અર્થે કાર્ય કરે છે અને જે મનુષ્ય ભક્ત છે અને કાર્યના ફળમાં આસક્ત નથી તે માનસિક શાન્તિ અનુભવે છે, પણ જે મનુષ્ય સ્વાર્થને લીધે તેના કાર્યના ફળમાં આસકિત રાખે છે તે કર્મબંધનથી બંધાય છે.

ત્રીજું સાધન ધ્યાન, તે મનની શાંતિને સારૂ ઘણું જ ઉપયોગી તેમ જ ઘણું જ દુષ્કર છે. પરમાત્મા સાથે આપણા જીવાત્માની એકતા અનુભવવાનો સતત પ્રયત્ન કરવામાં તેમ જ તેના જેવા આ જગતમાં સ્વાત્મભાનવાળા થવામાં તે રહેલું છે.

આ ભમતું અને અસ્થિર મન કોઇ પણ વસ્તુ પ્રતિ આકર્ષાય તે સમયે તેને વશ કરી, પાછું વાળી આત્મા પર સ્થિર કરવાની ધ્યાનના અભ્યાસીઓને જરૂર છે. આ કામ આખી જીંદગીનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે આપણને શાંતિના સ્થળ ભણી દોરશે તે નિઃસંશય છે. આ પ્રયત્નને નિરંતર ચાલુ રાખવો જોઇએ, અને ધીરજથી તેની પાછળ મંડયા રહેવું જોઇએ. જેમ કાચબો પોતાના કોષ (shell) માં પ્રવેશ કરે છે તેમ આપણે પણ અમુક નિયમિત સમયે થોડો સમય આપણા મનને અંતર્મુખ કરી વિચાર કરવો જોઇએ કે આપણે કાંઈ ક્ષણભંગુર નથી પણ અમર છીએ, અને આસપાસની ક્ષણિક વસ્તુઓ આપણને કાંઇ અસર કરી શકશે નહિ. આમ વિચાર કરવાથી ધ્યાન અથવા મનનને સહાય મળે છે. આ પ્રમાણે અંતર્મુખ રહેવાથી ધીરે ધીરે ખીલતી અને વૃદ્ધિ પામતી શક્તિથી આપણે પરમશાંતિ તેમ જ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરવા સમર્થ થઈએ છીએ. કારણકે સ્વકીય ઈચ્છાઓના અભાવથી તેમજ પોતાના અમર સ્વભાવનો ખ્યાલ આવવાથી આપણે એક તરફી અથવા પક્ષપાતવાળા વિચારોને અંગીકાર કરતા નથી અને તેથી કરીને વસ્તુઓનું ખરૂં જ્ઞાન મેળવવાને સ્વતંત્ર થઇએ છીએ.

મન નિશ્ચિંત અને એક વસ્તુ ઉપર સ્થિર–એકાગ્ર થવાથી સર્વ બાજુએથી તે જ્ઞાન મેળવી શકે છે. જે મનુષ્યનું હૃદય અને મન ચિંતાગ્રસ્ત અને અસ્થિર છે તે જ્ઞાન મેળવવાની સ્થિતિમાં નથી. આ પ્રમાણે ધીરજ હોવાને લીધે ધીમે ધીમે શાંતિ મેળવે છે, જે મનુષ્યનું મન શાંત છે, જેણે પોતાના વિકારો તથા ઇચ્છાઓને નિયમમાં રાખ્યા છે અને જે પરમાત્મા સાથે એકતા અનુભવે છે તે જરૂર **પરમાનંદ** મેળવે છે.

આ ત્રિવિધ માર્ગ **શાંતિના સ્થળમાં** લેઈ જાય છે, અને તે સ્થળમાં રહેવું તે કાળ અને મૃત્યુ ઉપર જય મેળવવા સરખું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા શબ્દોમાં કહીયે તો તે મનુષ્ય અમર બને છે અને જન્મ-મરણના ચક્રથી મુક્ત થાય છે. આ માર્ગ આખે રસ્તે ઉભી સીધી ટેકરીપર ચઢવા જેવો છે, અર્થાત્ વિકટ છે, પણ શાંતિ રૂપી પક્ષીની પાંખો તે મુસાફરના શ્રમિત કપાળપર પવન નાખે છે અને જેમાં કદાપિ ભંગ ન પડે તેવી પરમશાંતિ છેવટે તે પ્રાપ્ત કરે છે.

મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં.

[મીસીઝ એની બીસેન્ટના ભાષણનો અનુવાદ.]

જો કે સત્ય શિખવવાની સાયન્સે અને ધર્મે પ્રતિપાદન કરેલી રીતો ભિન્ન છે, છતાં તેઓ એક બીજાની વિરોધી નથી. પ્રાચીનકાળમાં તો ધર્મગુરૂઓજ સાયન્સ બરોબર શિખવતા હતા. પણ હાલના સમયમાં આ બન્ને કર્તવ્યો જૂદા જૂદા પુરૂષોના હાથમાં આવેલાં છે. અને ઘણીવાર સાયન્સે ધર્મની વિરૂદ્ધ પોતાનો દેખાવ આપ્યો છે. જો આપણે આ બાબતનો સૂક્ષ્મ રીતે (in the abstract) વિચાર કરીએ તો મને તો તેનું કારણ બરોબર નીચે પ્રમાણે જણાય છે. ભૂતકાળમાં ધર્મ સત્તા (authority) થી શિખવવામાં આવતો હતો; તે ફરમાન રૂપે જણાવવામાં આવતો હતો. જોકે દરેક ફરમાન સદ્જ્ઞાન ઉપર આધાર રાખતું હતું, છતાં જેમને તે શિખવવામાં આવતું હતું તેમને તે સદ્જ્ઞાન સર્વદા આપવામાં આવતું નહોતું, અને તેથી પ્રાચીન કાળમાં ધર્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરૂઓ કેટલાંક ફરમાનો, કેટલાક નીતિના નિયમો સ્થાપન કરતા હતા, અને તેઓ તે **સત્તાથી** જણાવતા હતા. તેઓ અનુમાનથી કે તર્કવડે તે સાબીત કરી આપવાને કદાપિ પ્રયત્ન કરતા ન હતા. ક્રીશ્ચીયન ધર્મગ્રન્થમાં જે સત્તાનાં વાકયો કહેવાય છે, તેવાં વાકયો તેઓ બોલતા હતા. તે આત્મજ્ઞાનવાળા પુરૂષો પોતાના જ્ઞાનથી જણાવતા હતા, અને જૂદા જૂદા ધર્મોના સંસ્થાપકોએ યોજેલાં ધર્મશાસ્ત્રોમાં " માણસે જીવનવ્યવહાર કેવી રીતે ગાળવું " તેના સંબંધમાં સત્તાનાં વાકયો તમને વારંવાર જડી આવશે.

જો તમે મહાભારત તરફ તમારી દૃષ્ટિ ફેરવશો, તો ત્યાં તમને અનેક વાર્તાઓ મળી આવશે અને દરેક વાર્તામાં કાંઇને કાંઇ સાર લેવાનો હોય છે; અને કેટલીક બાબતોમાં તો તે વાર્તા માણસના ઘણા જન્મોને લગતી હોય છે. જે કર્મનો નિયમ માણસને પોતાના ભવિષ્યનો નિયંતા બનાવે છે તે જો આપણે દાખલા તરીકે વિચારીશું તો ઉપનિષદ્ જેવાં પુસ્તકોમાં કેટલીક આજ્ઞાઓ પ્રતિપાદન કરેલી જણાશે. ઉપનિષદ્ જણાવે છે કે **" માણસ જેવો વિચાર કરે છે, તેવો તે થાય છે."** વળી ત્યાં પ્રતિપાદન કરેલું જણાય છે કે **માણસની ઇચ્છાઓ ઉપર તેના ભવિષ્યના જન્મના સંજોગોનો આધાર રહેલો છે.** માણસ પોતાની કલ્પના પ્રમાણે ઇચ્છાઓ કરે છે, અને તે ઇચ્છાઓ પ્રમાણે તેને એક અથવા બીજા સ્થાનમાં જન્મ લેવો પડે છે. મહાન્ મનુ પણ જણાવે છે કે **માણસનાં કાર્યો અનુસાર તે ભવિષ્યના જીવનમાં જન્મ લેશે.** ટુંકમાં હાલની જીંદગીનાં કાર્યો, વિચારો અને ઇચ્છાઓ તેની ભવિષ્યની જીંદગીનો નિર્ણય કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું ભવિષ્ય પોતાના હાથમાં કેવી રીતે રહેલું છે, તે સંબંધમાં જણાવેલાં આ આજ્ઞાવાકયોની સત્યતા પુરવાર કરવાને ઘણી વાર્તાઓ ધર્મપુસ્તકોમાં આપેલી છે. બીજા શબ્દોમાં કહીએ તો આ વાર્તાઓ, **સામાન્ય જન સમજી શકે તેવા રૂપમાં આપેલા ધર્મસિદ્ધાંતો છે.** દાખલા તરીકે એવો દાખલો આપેલો તમને જણાશે કે એક માણસ તત્ત્વજ્ઞાનનો અભ્યાસી હતો, ધર્મ સારી રીતે સમજતો હતો, પણ અમુક બાબતમાં તેણે એક મોટો દોષ કર્યો, અને તે દોષના બદલા રૂપે કર્મના નિયમ પ્રમાણે હલકી સ્થિતિમાં તેને જન્મ લેવો પડયો હતો. આ જનસમાજની છેક હલકી સ્થિતિમાં તે જન્મ્યો હતો. તેનું નસીબ તે જન્મમાં પ્રાણીઓનો વધ કરવાનું–ચાંડાળનું કામ કરવાનું–હતું. માણસ જાતને વાસ્તે જે ધંધો સૌથી અધમ છે, તે ધંધો તેને કરવાનો હતો છતાં તે જ્ઞાની હતો, અને આત્મિક જ્ઞાનનો અનુભવી હતો, પોતે કરેલાં દુષ્ટ કર્મોથી અને અશુભ વિચારોથી તેણે પોતાને આવી સ્થિતિમાં લાવી મુકયો હતો. આ પ્રમાણે પ્રાચીન કાળમાં તત્ત્વને પ્રતિપાદન કરનારાં આજ્ઞાપ્રાધાન્ય વાકયોથી માણસોને શિખવવામાં આવતું હતું. તે તત્ત્વ સામાન્ય માણસોને વાર્તાઓ મારફતે શિખવવામાં આવતું હતું, અને તે વાર્તાઓ તત્ત્વને સિદ્ધ કરનારી હતી. જે માણસોએ આ વાર્તાઓ જગતને જણાવી, તેઓ જ્ઞાની હતા, ભૂતકાળનો ઇતિહાસ વાંચવાને સમર્થ હતા, કોઈ પણ માણસના પૂર્વ જન્મના બનાવો જાણવાને અને તે ભવમાં રોપાયેલાં બીજ તેની પછીના ભવમાં ફળરૂપે કેવીરીતે પરિણામ પામ્યાં, તે શોધવાને તેઓ શક્તિમાન્ હતા. આવી વાર્તાઓ લખવાનો હેતુ એ હતો કે માણસો નિયમ સમજીને, અને તે નિયમ કેવી રીતે વ્યવહારમાં આવે છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણીને, પોતાના જન્મોને તે નિયમ લાગુ પડી શકે, અને હાલના તેઓના જન્મમાં તે નિયમ કેવી રીતે અસર કરે છે, તે અનુભવી શકે, અને આ રીતે તેઓના ભવિષ્યના જીવનના તેઓ નિયંતા થઈ શકે. તેઓ ભવિષ્યનાં કાર્યો, અને ભવિષ્યના જીવનમાં જે સંજોગોમાં તે જન્મે, તે સંજોગો પણ બનાવી શકે. જો શાસ્ત્રોનું પ્રમાણ જોઈતું હોય તો આપણા ભવિષ્યનો આધાર આપણા હાલના વર્તનપર રહેલો છે, એમ સર્વ ધર્મો બરાબર રીતે જણાવે છે.

જો તમે હિંદુશાસ્ત્રો તપાસો તો ઉપર જણાવ્યા પ્રમાણે તમને છાંદોગ્ય ઉપનિષદ્માં લખેલું જણાશે કે માણસ જેવો વિચાર કરે છે, તેવો તે થાય છે, કારણ કે માણસ વિચારનો ઉત્પાદક છે, અથવા ખરૂં કહીએ તો **માણસ, વિચારનું પરિણામ છે.** અને **મંડુકોપનિષદ્**માં તમે જણાવેલું જોશો કે માણસની કલ્પનાઓ ઈચ્છાઓને ઉત્પન્ન કરે છે, અને માણસની ઈચ્છા પ્રમાણે તે આ કે પેલા સ્થાનતાં જન્મ લે છે અથવા **બૃહદારણ્યક** ઉપનિષદ્ તમે તપાસશો તો જણાશે કે સુવર્ણકાર (સોની)સુવર્ણ લઇને પોતાના વિચાર પ્રમાણે તેનાં વિવિધ આભૂષણો બનાવે છે, તેજ પ્રમાણે માણસ પોતાની ઇચ્છા અને વાસના પ્રમાણે પોતાની ભવિષ્યની જીંદગીઓ બનાવી શકે છે. હિંદુશાસ્ત્રો ઉપરથી જો તમારી દૃષ્ટિ તે મહાન્ ગૌતમ બુદ્ધના શિક્ષણ તરફ ફેરવશો તો તે પણ તેજ સિદ્ધાંત જણાવે છે કે બળદની પછવાડે જેમ ગાડાનું પૈડું ચાલ્યું આવે છે, તેમ અશુભ કામ કરનારની પછવાડેજ દુઃખ ચાલ્યું આવે છે. તે પછી થયેલા ખ્રિસ્તી ધર્મ તરફ તમે નજર કરશો તો ત્યાં પણ તેવાજ પ્રકારનું શિક્ષણ તમને જડી આવશે. ત્યાં કહેલું છે કે ' Be not deceived, for God is not

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

mocked, whatsoever a man soweth, that shall he also reap.'

"તમે ભૂલ ખાતા નહિ, કારણ કે ઇશ્વર છેતરાતો નથી. જેવું માણસ વાવે છે તેવું લણે છે." એ પણ ખરી વાત છે કે ખ્રિસ્તી ધર્મના પાછળના શિક્ષણમાં કુદરતના આ મુખ્ય અને સત્ય સિદ્ધાંતનો અનાદર કરવામાં આવ્યો છે, અને આ સિદ્ધાંતની જરૂર ન પડે તેવી કેટલીક રીતોનો આશ્રય લેવામાં આવેલો છે. આ સર્વ યુક્તિઓ–રીતોમાં ઉપર જણાવેલો મુખ્ય સિદ્ધાંત તદ્દન ભૂલી જવામાં આવ્યો છે, અને તે સર્વ રીતોની તપાસ કરતાં ઉપર જણાવેલું વાકય યાદ રાખવું ઘટે છે કે 'તમે ભૂલ ખાતા નહિ, કારણ કે ઇશ્વર છેતરાતો નથી,' જેવું માણસ વાવે છે, તેવું તે લણે છે. વારંવાર તે જન્મ લે છે, અને દરેક જન્મમાં પૂર્વ જન્મમાં વાવેલાં બીજોનો પાક તે અનુભવે છે. દરેક જન્મમાં તે ભવિષ્યના પાકનાં બીજ રોપે છે, અને તેજ વખતે ભૂતકાળમાં વાવેલાં બીજનો પાક લણે છે. માણસ એક પછી એક જન્મ લીધાં કરે છે અને દરેક જીંદગી જે કારણોથી ઉદ્‌ભવ પામી તે કારણોને લીધે પૂર્વ જન્મોની સાથે તે સંકળાયેલી છે. અને હાલમાં જે કારણો આપણે ઉત્પન્ન કરીએ છીએ, તે કારણોને લીધે તે જીંદગી ભવિષ્યના જન્મો સાથે સંબંધ ધરાવે છે; આ પ્રમાણે શાસ્ત્રો પ્રતિપાદન કરે છે.

મેં આગળ જણાવ્યું કે સાયન્સ જૂદીજ રીતે શીખવે છે. અવલોકનને આધારે કરેલા પ્રયોગો મારફતે સાયન્સની શિખવવાની પદ્ધતિ છે, અને હાલના સમયમાં ધર્મ કરતાં પણ સાયન્સ ઘણે ભાગે ઉંચી સ્થિતિ ભોગવે છે, કારણ કે જે જે બાબતો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજી કરે છે, તે પ્રયોગો દ્વારા સાબિત કરવાની શક્તિ તે ધરાવે છે. હાલના સમયમાં માણસની બુદ્ધિ એવા વાતાવરણમાં કેળવાયેલી છે, કે તે બુદ્ધિ તેને ટીકા કરતાં, દરેક બાબતનો બુલાસો માગતાં, અને કોઈ પણ વાત અંગીકાર કરતાં પહેલાં તેની સાબિતી મેળવતાં શિખવે છે. કોઇ મહાન્ પુરૂષના પ્રમાણ ઉપરથી ધર્મનાં સિદ્ધાંતો માને તેવી સ્થિતિમાં તેઓ નથી. તેઓની બુદ્ધિને સંતોષકારક બુલાસો મળવો જોઇએ, એવી તેઓની માગણી છે, અને દરેક તત્ત્વનો બુદ્ધિગમ્ય પુરાવો મેળવવો જોઇએ, એમ તેઓ જણાવે છે. આ બાબતનો જવાબ ધર્મ કરતાં સાયન્સ વધારે સારી રીતે આપવાનું સામર્થ્ય ધરાવે છે; કારણ કે સાયન્સનો આધાર ઇન્દ્રિયોપર રહેલો છે, અને દરેક માણસ ઇન્દ્રિયોદ્વારા તેની સાબિતીઓની કીંમત આંકી શકે. પણ ધર્મ તો આત્માની સાથે સંબંધ ધરાવતો હોવાથી, ઇન્દ્રિયોની મારફતે પોતાનાં સિદ્ધાંતો પુરવાર કરી શકે નહિ. જેઓની આત્મિક શક્તિઓ પ્રગટ થઇ છે, તેવા ઘણા જુજ માણસો ધર્મના સિદ્ધાંતોને સાબિત કરી શકે.

દુનિયાના ધર્મના મહાન્ સંસ્થાપકો, અને પૂર્વકાળના મહાન્ ગુરૂઓ જેમને હિંદવાસીઓ પ્રાચીન ઋષિ મુનિયોના નામથી ઓળખે છે, તેઓ નિરંતર ધર્મ ઉપર તપાસ રાખતા અને તેનું રક્ષણ કરતા આવ્યા છે. તે જ ઋષિ મુનિઓએ પ્રાચીન કાળમાં ધર્મશાસ્ત્રો રચ્યાં હતાં, અને ત્યારથી તે હજુ સુધી તેઓ મનુષ્યજાતિના આધ્યાત્મિક ભવિષ્યને દોરવતા આવ્યા છે. આ મહાત્મા-પુરૂષોએ મનુષ્યજાતિ સાથેનો પોતાનો સંબંધ છોડી દીધો નથી. તેઓએ રક્ષણ કરનારા પોતાના હાથ રક્ષણ કરવાના કામમાંથી પાછા ખેંચી લીધા નથી. જ્યારે તેઓને જણાયું કે માણસો ઉન્નતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમમાં એવી સ્થિતિએ આવી પહોંચ્યા છે, કે જ્યારે તેમની બુદ્ધિ તપાસ કરનારી અને અન્વેષણ કરનારી થઈ છે, અને ધર્મને જડવાદ ઉપર રચાયેલું સાયન્સ પાછો પાડે છે, ત્યારે તેઓએ એક નવો માર્ગ અંગીકાર કર્યો. માણસોને આત્મજ્ઞાન આપવાના માર્ગમાં તેઓએ એક આગળ પગલું ભર્યું એમ કહી શકાય, અને હાલની ભાષામાં પ્રાચીન સત્યોને નિવેદન કરવાનો તેઓએ નિશ્ચય કર્યો. ધર્મનાં સિદ્ધાંતો ફરીથી આ સમયમાં જણાવવા જોઇએ પણ તે સાયન્સની રીતે–બુદ્ધિ કબુલ કરે તેવા રૂપમાં–અપાવવા જોઇએ. તેમનો આમ કરવાનો હેતુ એ હતો કે હાલના વિચારવંત પુરૂષો ફરીથી ધર્મના વિચારો અંગીકાર કરતા થાય, અને બુદ્ધિ કબુલ કરે તેવી દલીલો વડે બુદ્ધિવંત પુરૂષો ધર્મમાર્ગમાં જોડાય. તેઓએ પોતાના એક બે શિષ્યોને પસંદ કર્યા અને આ ખાસ કામ લક્ષમાં રાખી તેઓને કેળવ્યા. અને તેમાંના એક શિષ્યને આ જગત્માં મોકલ્યો. તે શિષ્ય જેને તમે હેલેના બ્લેવેટ્સ્કીના નામથી ઓળખો છો, તે હતાં. પૂર્વના દેશમાં ગુપ્તજ્ઞાનની કેળવણી મેળવેલી હોવાથી, તેમણે હાલના સમયમાં તે પ્રાચીન સત્યોને ફરીથી હાલના સ્વરૂપમાં પ્રતિપાદન કર્યાં. અને પોતે જણાવેલાં સિદ્ધાંતોની પુષ્ટિરૂપે જોકે વેદ, ઉપનિષદ્, પુરાણ વગેરે પ્રાચીન ગ્રંથોનો તે આશ્રય લેતાં છતાં તેની સાથે સાથે તે હાલના સાયન્સનો પણ આધાર લેતાં; કારણ કે હાલના માણસોની બુદ્ધિને સાયન્સની મદદવતી વધારે સારી રીતે અસર કરી શકાય તેમ હતું. માટે એ પદ્ધતિસર જન સમાજને તેમણે શિખવ્યું, અને તેમના ગુરૂઓએ–મહાત્માઓએ–શિખવવાનું કામ હાથ ધર્યું, અને આ પ્રમાણે થીઓસોફીકલ સોસાયટી સ્થાપવામાં આવી છે. તેની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતને શિખવવાનું નવું સત્ય, નવી બાબતો અથવા નવાં સિદ્ધાંતો નથી. પણ તે સોસાયટી આત્મિક સત્યો સાયન્સની પદ્ધતિએ શિખવે છે; સાયન્સને ધર્મની સહાયતામાં વાપરે છે, અને તેનાં તે ધર્મનાં સત્યો બુદ્ધિ કબુલ કરે તેવા રૂપમાં જણાવે છે; માણસોની બુદ્ધિ અને વિચાર શક્તિ માન્ય કરે તેવી રીતે સત્યોનો બોધ આપે છે, અને આ પ્રમાણે બુદ્ધિગમ્ય ખુલાસો આપવાની સાથે તે સોસાયટી નિવેદન કરે છે કે આ સત્યો તે પ્રાચીન ધર્મ પુસ્તકોમાં વર્ણવેલાં જ સત્યો છે. તે પ્રાચીન પુસ્તકો પુરવાર ન કરી શકે, તેવું કાંઈ પણ નવું આ સોસાયટી શીખવતી નથી; પણ દરેક સિદ્ધાંત લેઇને તે વિસ્તારપૂર્વક અને સંપૂર્ણરીતે વિવરણ કરે છે કે જેથી કરીને દરેક માણસ તે બરાબર સમજી શકે. કર્મના સિદ્ધાંત વડે માણસ પોતાનું ભવિષ્ય પોતાના હાથમાં લેઇ શકે તે સિદ્ધાંત પણ આવીજ રીતે સમજાવવામાં આવેલો છે.

આ મહાત્માગુરૂઓએ તે કર્મના સિદ્ધાંતને બુદ્ધિગમ્ય ખુલાસો આપ્યો અને પોતાના શિષ્યોને તે ખુલાસાની સત્યતા પુરવાર કરતાં શિખવ્યું કે જેથી કરીને તેઓ વધારે સ્પષ્ટ રીતે તે સિદ્ધાંત બીજાઓને શિખવી શકે. પૂર્વકાળની કેટલીક બાબતો તેઓએ ખુલ્લી કરી કે જેથી ભૂત અને વર્તમાનકાળ વચ્ચેનો સંબંધ બરાબર સમજી શકાય. આ દૃશ્ય જગતમાં તે કર્મ કેવી રીતે અસર કરે છે તે તેઓએ દર્શાવી આપ્યું, કે જેથી તે સ્પષ્ટ અને ચોકસરીતે સમજાવી શકાય અને આ રીતે બીજાને શિખવી શકાય.

કર્મનો સિદ્ધાંત હાથ ધરી, સાયન્સ કુદરતના નિયમો સંબંધી જે જ્ઞાન આપે છે, તેની સાથે તે સિદ્ધાંત સંગત (અવિરોધી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એમ બતાવવાને હું પ્રયત્ન કરીશ. સાયન્સ જે તત્ત્વોને આ સ્થૂલ દુનિયાના સંબંધમાં પુરવાર કરે છે, તેજ તત્ત્વોને કર્મનો નિયમ માનસિક અને નૈતિક દુનિયાના સંબંધમાં શીખવે છે તે હું દર્શાવીશ; પછી પ્રાચીન પુસ્તકોના આધારે કર્મનો નિયમ કેવી રીતે જગતમાં વર્તે છે તે સંબંધમાં ધર્મશાસ્ત્ર શું કહે છે તે હું બતાવીશ, અને તે નિયમ કેવી રીતે કામ કરે છે તે હું જણાવીશ. અને આ રીતે તમારૂં ભવિષ્ય તમે કેવી રીતે બાંધી શકો, અને આ સિદ્ધાંતોનો બરાબર અમલ થાય તો તમે કેવી રીતે તમારા ભવિષ્યના નિયંતા થઇ શકો તે હું દેખાડી આપીશ.

પ્રથમ સાયન્સને કર્મ સાથે શો સંબંધ છે, તે આપણે ટુંકાણમાં વિચારીશું. કર્મનો સામાન્ય અર્થ કાર્ય એવો થાય છે, પણ ઘણુંખરૂં તે અર્થમાં તે શબ્દ વપરાતો નથી, પણ તે **કાર્યના પરિણામના** અર્થમાં તે શબ્દનો ઉપયોગ થાય છે. દાખલા તરીકે શ્રી કૃષ્ણ શીખવે છે કે જ્ઞાનવડે કર્મ બાળી શકાય; વળી બીજે સ્થળે તે જણાવે છે કે માણસ (એવી રીતે વર્તે કે તે) ને કર્મબંધ ન થાય. કર્મનું મૂળ 'ઇચ્છા' છે, અને જેવું ફળ માણસ ઇચ્છે છે તેવું ફળ તેના કાર્યનું થાય છે. સાયન્સ, નિયમો (laws) ના સંબંધમાં પ્રથમ એ વાત પ્રતિપાદન કરે છે કે કુદરતના કોઇ પણ નિયમ બદલી શકાય નહિ. માણસ ગમે તેવો પ્રયત્ન કરે તોપણ તે નિયમ કોઇથી ભંગાય નહિ, બદલાય નહિ, અને તેમાં ફેરફાર થઇ શકે નહિ. બરાબર નિયમ પ્રમાણે અને નિયમથી વિરૂદ્ધ નહિ–સઘળા બનાવો બનવા જોઇએ. કુદરતના કાયદા આપણી ચારે બાજુએ કાર્ય કરી રહ્યા છે, અને તે નિય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોની હદમાં રહીને આપણે કાર્ય કરી શકીએ. જ્યારે સાયન્સ આવી વિશાળ પ્રતિજ્ઞાઓ પ્રતિપાદન કરે છે, ત્યારે મનુષ્યના મન ઉપર પ્રથમ અસર એ થાય છે કે જો આ વાત સત્ય હોય તો માણસ એક અનાથ અને નિરાધાર પ્રાણી છે; તેની આસપાસ વર્તતા નિયમોને આધીન છે, તેઓના પંજામાં તે કેવળ નિરાધાર અને ઉત્સાહ વગરનો થાય છે. જો એમ જણાવવામાં આવે કે નિયમ બદલી શકાય નહિ, નિયમો આપણી ચારે બાજુએ આવી રહેલા છે, અને આપણી જીંદગીનું દરેક કાર્ય નિયમને આધીન છે, તો તો આપણે ખરેખર પુતળાં સમાન છીએ; આપણે કેવળ સંચા રૂપ છીએ; આપણે નિરાધાર બનીએ છીએ, આપણી સ્વતંત્ર ઈચ્છા નાશ પામી જાય છે, અને માણસ સંજોગોના હાથમાં પડ-નને લીધે આમ તેમ ડોલતા સુકાન વગરના વ્હાણ જેવો એક અ-શક્ત પ્રાણી ઠરે છે. સાયન્સથી શોધોથી નિયમોની અચળતા લો-કોના જાણવામાં આવી. ત્યારે પ્રથમ તેમના પર આવા પ્રકારની અસર થઈ. હમારા યુરોપીઅન શિક્ષકોએ એમ જણાવ્યું કે સા-યન્સની શોધો પ્રમાણે માણસ એક સંજોગોને આધીન પુતળા સમાન છે; તેનું શરીર ટેવનું પરિણામ છે; તેનું મન તેની પ-રિસ્થિતિનું ફળ છે, કેળવણી એ સર્વસ્વ છે, તેના માબાપે આ-પેલા શરીરપર તેના ગુણો આધાર રાખે છે, અને જે સંજોગોમાં તે જન્મ્યો તે સંજોગો પ્રમાણે તે ગુણો કેળવાય છે કે વૃદ્ધિ પામે છે. આ પ્રમાણે કેટલાક વખત સુધી શિખવવામાં આવ્યું અને આ વિચારોને વિચારકોએ પણ અંગીકાર કર્યા, પણ જેમ જેમ સાયન્સ આગળ વધતું ગયું તેમ તેમ નિયમનું સ્વરૂપ વિશેષ વિશેષ સારું સમજવા લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાયન્સના આગળ વધવાની સાથે લોકોને જણાયું કે નિયમ અચળ છે, એ બાબત માણસોને નિરાધાર અને અનાથ બનાવવાને બદલે, સર્વસત્તાવાન્ બનાવે છે; અને જેમ માણસનું જ્ઞાન વૃદ્ધિ પામતું જાય તેમ તેમ તે નિયમો તેને આધીન વર્ત્તતા થાય છે; અને તેની ઇચ્છાને અમલમાં મૂકનારા નીવડે છે. કારણ કે એવી પણ શોધ કરવામાં આવી છે કે આ કુદરતના નિયમોને એક બીજાની સામે લડાવી શકાય. અને જો કે કોઈ પણ નિયમ બદલી શકાય નહિ પણ તેની અચળ ક્રિયા અને તે ક્રિયાનું જ્ઞાન માણસને બીજા નિયમોનો ઉપયોગ કરતાં શિખવે છે. આ રીતે પોતાના તે જ્ઞાનથી, તે કુદરતના સઘળા કાયદામાંથી એક કાયદાને બીજાની સામે મૂકીને માણસ ચોકસ કામ કરી શકે છે. અને તે કાર્યવડે આવનારા પરિણામનું પણ સંપૂર્ણ જ્ઞાન તેને આ રીતે પ્રથમથી થાય છે. દરેક સાયન્સ આ સત્યો પર રચાયેલું છે. નિયમની અચળતા સિવાય સાયન્સ ટકી શકે જ નહિ; કારણ કે તેના સિવાય અમુક પ્રકારના કાર્યનું અમુક પરિણામ આવ્યું એમ કદાપિ ચોકસ રીતે કહી શકાય નહિ. તમારી શાળાઓમાં જે રસાયન શાસ્ત્ર (Chemistry) તમે શીખો છો, તેથાંથી એક દાખલો લેઇએ. જો કુદરતના નિયમ અવિચળ ન હોય તો કોઇ પણ પ્રયોગ શી રીતે કરી શકાય? કોઇ પણ પ્રયોગ કરવામાં સહીસલામતીનો આધાર શી રીતે રાખી શકાય? સંયોગના નિયમો બદલાય નહિ તેવા છે. તે કારણથી જુદા જુદા તત્ત્વોનાં લક્ષણો બદલાતાં નથી; તે કારણથી તથા નિયમ અવિચળ છે તે કારણથી જે પરિણામ પ્રયોગદ્વારા પોતે લાવવાનો છે તેનો આગળથી તે ખ્યાલ લાવી શકે. તે જાણે છે કે જુદાં જુદાં તત્ત્વોનો સંયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય, અને તેના તે જ સંજોગોમાં અમુક તત્ત્વોનો સંયોગ કરવામાં આવે તો અમુક જ–અને બીજું નહિ—પરિણામ આવશે, એમ તે બેધડક માને છે. તે સંબંધમાં તે શંકા ધરતો નથી, ભય રાખતો નથી; પણ સંપૂર્ણ અધીનપણાથી તે કુદરતપર વિશ્વાસ રાખે છે. જો પરિણામમાં કાંઈ ફેરફાર માલૂમ પડે તો તેનું કારણ તે પ્રયોગ કરવામાં કાંઇ ભૂલ થયેલી હોવી જોઇએ, એમ તે માને છે. નિયમ તો અવિચળ છે, કાંઈક નવું કારણ ઉત્પન્ન થવા પામ્યું હશે કે જેને લીધે ધારેલું પરિણામ ન આવી શકયું, એમ તે જાણે છે. આ ઉપરથી ફલિત થાય છે કે નિયમની અવિચળતા ઉપર સાયન્સનો પાયો રચાયેલો છે. રસાયનશાસ્ત્રી, વિદ્યુત્શાસ્ત્રી અને બીજા તેવા સાયન્સદ્વારા કાર્ય કરનારાઓ અમુક ઉદ્દેશ જે તેઓ અગાઉથી જાણી શકે છે તે લક્ષમાં રાખી કાર્ય કરે છે. કારણ કે કુદરતના નિયમોનું જ્ઞાન, જે પરિણામ તેઓ લાવવાના છે તે આગળથી ચોકસ રીતે જાણતાં તેમને શિખવે છે. હવે માનસિક અને નૈતિક પ્રદેશમાં આ નિયમની અચળતાનો સિદ્ધાંત કેવી રીતે કાર્ય કરે છે તે જુઓ. રસાયનશાસ્ત્રી તમને જણાવે છે કે " જો તમે હાઇડ્રોજન અને ઓક્સીજન નામના બે વાયુ એકઠા કરો તો અમુક હવાના દબાણ અને ઉષ્ણતાની સ્થિતિમાં તમને પાણી જ મળશે અને પાણી સિવાય બીજું કાંઈ મળશે નહિ."તે જ રીતે આત્મિકજ્ઞાનવાળો પણ નિઃશંક રીતે જણાવે છે કે, " અમુક રીતે તમે વિચાર કરશો તો તમારા ચારિત્ર પર આવા જ પ્રકારની અસર થશે, અને બીજા પ્રકારની થશે નહિ; જો તમે આવી ઇચ્છા કરશો તો આવું જ પરિણામ આવશે, અને બીજા પ્રકારનું પરિણામ આવશે નહિ. જો તમે અમુક રીતે વર્તશો તો તમારા કાર્યનું ફળ આવું આવશે અને બીજું નહિ આવે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી તમને જણાશે કે આપણે સાયન્સની સાથે આ બાબતમાં સમાનકક્ષામાં આવેલા છીએ, અને વિશ્વના દરેક પ્રદેશમાં–સ્થૂળ, માનસિક કે નૈતિક પ્રદેશમાં—એક સરખી રીતે નિયમ અવિચળ માલૂમ પડે છે. કુદરતનો નિયમ અચળ છે, કારણ કે તે તેના સ્વભાવનો આવિર્ભાવ છે. અને જે બેહુત ડાંગર વાવે છે તે સારી રીતે સમજે છે કે તે વાવેતરથી ડાંગરનો પાક થશે, અને બીજા કોઇ ધાન્યનો પાક થશે નહિ. તેજ રીતે માણસો વિશ્વને ચલાવનારા નિયમો સમજીને અને તે નિયમ પ્રમાણે વર્તીને ગુણો, સંજોગો અને ભવિષ્ય વાવી શકે.

તે નિયમ વ્યવહારમાં કેવી રીતે વર્તે છે તે જણાવવું એ હવે બીજું પગલું છે. પ્રથમ જ મારે જણાવવું જોઇએ કે માણસ અનેક તત્ત્વોનો બનેલો છે. પણ આજનો વિષય બરાબર સમજવાને કુદરતના નિયમના ત્રણ વિભાગ પાડીએ તો ચાલી શકશે.(૧)સ્થુળ નિયમ કે જે આ સ્થૂલ ભુવનને લગતો છે;(૨)બીજો વિભાગ તેની ઇચ્છાઓ, વાસનાઓ, બાહ્ય પદાર્થો મેળવવા લલચાય છે. તે તેનો વાસના સ્વભાવ જ છે. આપણે કહીએ છીએ કે માણસ સત્તાને ઇચ્છે છે, કુટુંબની ઇચ્છા રાખે છે, તે ધન મેળવવા અથવા બીજી અનેક વસ્તુઓ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. દરેક બાબતમાં માણસની ઇચ્છા બાહ્ય સૃષ્ટિના પદાર્થો ભણી આકર્ષાય છે; આ ઉપરથી જણાય છે કે માણસને સ્થૂળ શરીર છે, બાહ્ય પદાર્થોનો ઉપભોગ કરવાને ઇચ્છા રાખતો અંતરનો સ્વભાવ છે, અને જે વડે તે વિચારી શકે છે તે માનસિક સ્વભાવ છે.

જો કે મનુષ્યના સ્વભાવનું આ સંપૂર્ણ પૃથક્કરણ નથી, પણ આજનો વિષય સમજવાને આટલો વિભાગ ચાલી શકશે. માણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સના સ્વરૂપના આ ત્રણ વિભાગો બરાબર તમારા મનમાં રાખો એટલે કર્મના નિયમનું વિવેચન તમે બરાબર રીતે સમજી શકશો. માણસનો માનસિક સ્વભાવ પ્રથમ આપણે વિચારીએ; કારણ કે તે ભવિષ્ય બાંધવામાં બીજા બધા કરતાં વિશેષ અગત્યનો ભાગ ભજવે છે. તમે પ્રતિદિન વિચાર કર્યા કરો છો. તમે શુભ યા અશુભ અનેક વિચારોને દરરોજ જન્મ આપો છો. કેટલાક વિચારો પ્રેમના હોય છે કે કેટલાક દ્વેષના હોય છે. કેટલાક નમ્ર અને કેટલાક સભ્ય હોય છે. કેટલાક પવિત્ર અને કેટલાક અશુદ્ધ હોય છે. તમારો માનસિક સ્વભાવ મોટા એન્જીનની માફક એક પછી એક વિચારને નિરંતર બહાર મોકલ્યાં કરે છે. તમારી જાગ્રત અવસ્થાની દરેક ક્ષણે તમે વિચાર કરો છો, અને તે વિચારો વડે ચેતનમય શક્તિઓ (living forces) ઉત્પન્ન કરો છો. કારણ કે દરેક વિચાર એ મોટી શક્તિ છે; મોટું બળ છે. દરેક વિચાર એ **જીવતી વસ્તુ** છે; અને જેવો તમે વિચાર કરો છો તેવીજ તમે એક ચેતનવાળી શક્તિ પેદા કરો છો, જે શક્તિ માનસિક ભુવનના પરમાણુઓ ગ્રહણ કરી આકારવાળી થાય છે. તમારા વિચારોની આકૃતિઓ ઉત્પન્ન થાય છે, અને જેઓએ સ્થૂળ ભુવનની પેલી પારની સૂક્ષ્મ પ્રકૃતિ જોવાની શક્તિ ખીલવેલી હોય છે, તેઓ તે આકૃતિઓને **જોઈ શકે છે.**

માણસ જ્યારે વિચાર કરે છે તે વખતે અદૃશ્ય સૃષ્ટિમાં જોવાની શક્તિ ધરાવનારાઓને તેના શરીરમાંથી નીકળતા રંગો આકૃતિઓ **નજરે પડે છે.** તે વિચારના સ્વરૂપ ઉપર–બુદ્ધિવડે ચાલતા મનોવ્યાપારના સ્વરૂપ ઉપરજ–તે રંગોની સુંદરતા કે અસુંદરતાનો આધાર રહેલો છે. માનસિક પ્રકૃતિના (પ્રોફેસર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલીફર્ડના શબ્દોમાં કહીએ તો મનોદ્રવ્યના') બનેલા આ વિચારોનું ચૈતન્યને ભાન થાય છે. આ વિચારો તેના ઉત્પન્નકર્ત્તાની આસપાસ આવી રહે છે, અને બીજાઓને પણ અસર કરે છે. સાથે રહેનારાં બે માણસોના અથવા સંપૂર્ણ પ્રેમ ધરાવનારા દંપતીના વિચારો એક બીજાને કેવી રીતે અસર કરી શકે છે, એ કદી તમે તપાસ્યું છે? એક પણ શબ્દ બોલ્યા વિના એક મગજમાંથી બીજા મગજમાં વિચારો કેવી સહેલાઈથી અને ઝડપથી પસાર થાય છે? તમારો કોઈ વ્હાલામાં વ્હાલો મિત્ર હોય જેની સાથે તમારી સંપૂર્ણ દિલસોજી હોય, તે અને તમે કેટલી બધી વાર એક જ બાબતનો વિચાર કરતા હો છો અને તેથી જ્યારે તમારો મિત્ર વાત કરવાનો પ્રારંભ કરે છે, ત્યારે તમે જણાવો છો કે "હું તેજ વિષય પર બોલવા જતો હતો, હું તે જ પ્રશ્ન વિચારવાની તૈયારીમાં હતો!"

કારણ કે વિચાર એ સૂક્ષ્મ શક્તિ છે, અને સૂક્ષ્મ પ્રકૃતિદ્વારા કાર્ય કરે છે અને શબ્દો બોલ્યા સિવાય માણસોનાં મનને અસર કરે છે. બાહ્ય છાપ સિવાય પણ તે મનમાં આકૃતિઓ ઉત્પન્ન કરે છે. દરેક માણસ જાગ્રત અવસ્થાની દરેક ક્ષણમાં આવી આકૃતિઓને જન્મ આપે છે. તેનું શું પરિણામ આવે છે તે હવે આપણે વિચારીએ. તેનું પરિણામ બે પ્રકારનું આવે છે. પ્રથમ તેના પોતાના પર આવે છે. માણસ જ્યારે વિચાર કરે છે, ત્યારે જે આકૃતિઓ તે ઉત્પન્ન કરે છે તે તેના માનસિક બંધારણને અસર કરે છે અને એક પ્રણાલિકા બાંધે છે, કે જેમાં તેના ભવિષ્યના વિચારો ઝટ દોડે છે. તમે કોઈ માણસને લોઢાના જૂદા જૂદા ઘાટો બનાવતા જોયા છે? તેઓ લોઢાને ભઠ્ઠીમાં કેવી રીતે ગાળે છે, રેતીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકારો અથવા બીબાં બનાવે છે, અને તે બીબાંઓમાં લાલચોળ તપાવેલું અને પ્રવાહી આકારનું લોઢું રેડે છે, અને જ્યારે તે લોઢું ઠંડું થઈ સખ્ત થઈ જાય છે, ત્યારે તે રેતીના બીબાંનો આકાર ધારણ કરે છે. તે રેતીનાં બીબાંને ભાગી નાખવામાં આવે છે, અને રેતીમાં બનાવેલા બીબાના આકારનું ચોકસ અને સપ્ર તે લોઢું બને છે. હવે વિચારો પણ લગભગ તે જ રીતે કાર્ય કરે છે. જેવો વિચાર ઉત્પન્ન થાય છે તેવો તે માનસિક ભુવનમાં દોડતો જણાય છે. ત્યાં આકૃતિના સંબંધમાં આવે છે અને તેમાં તે પ્રવેશ કરે છે. તે સૂક્ષ્મ પ્રકૃતિ એવા પ્રકારની છે કે દરેક વિચાર દર્શાવવાનું બીબું અથવા આકૃતિ ત્યાં ઉત્પન્ન થઈ જાય છે, તે વિચાર તે આકૃતિ ધારણ કરે છે, અને મુકાબલે સ્થાયી થાય છે. તમે જોઇ શકશો કે તેવા જ પ્રકારનો વિચાર કરવાને માણસ ફરીથી દોરવાય છે; અમુક પ્રકારે વિચાર કરવાની તેને ટેવ પડે છે. જ્યારે તમે કોઇ બાબતનો ઘણા દિવસ સુધી વિચાર કર્યો હોય છે, ત્યારે તમે તમારી ઇચ્છા સિવાય અથવા તમારી ઇચ્છાશક્તિના ઉપયોગ સિવાય તેવો જ વિચાર કરવા મંડી જાઓ છો. આ બાબત, તનું કારણ સમજ્યા વિના પણ ઘણીવાર તમારા જોવામાં આવી હશે. તમારૂં મન તમારા ભાન સિવાય પણ તે વિષય બાબત ભણી દોડે છે. ધારો કે તમારો વિચાર કોઇ તત્વજ્ઞાનના સિદ્ધાંત ઉપર તમે સ્થિર કરો છો, અને જ્યારે તે બાબતનો તમે બહુવાર વિચાર કર્યો હોય છે, ત્યારે તે બાબતનો વિચાર કરવાનું કામ બહુ સરલ થઈ જાય છે. ધારો કે તમારો વિચાર કોઇ ધંધા સંબંધી ચિંતાનો છે. હવે જ્યારે તમે ઘેર નિરાંતે બેઠા હો, અને જ્યારે તમે બીજી બાબતો તરફ તમારૂં મન દોરવતા હો, તે વખતે પણ આખા દિવસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર કરેલી ચિંતાની પ્રણાલિકામાં તમારા વિચારો, તમારી આજ્ઞા વિના પણ, એકાએક દોડી જતા જણાશે.

આ વિચારની આકૃતિઓ તેમને ઉત્પન્ન કરનારા મન ઉપર સંપૂર્ણ સત્તા ચલાવે છે. તેમને ઉત્પન્ન કરનારી શક્તિઓનું ઉપરીપણું તે આકૃતિઓ ભોગવે છે; અને તેનું પરિણામ એ આવે છે કે માણસને અમુક પ્રકારની મનની ટેવ પડી જાય છે; અને માણસના મનનું વલણ એવા પ્રકારનું થઇ જાય છે કે તે કશાથી ફેરવાતું નથી. નવા વિચારો તેને અસર કરી શકતા નથી. તેનું મન એવા દૃઢ અને સખ્ત આકારનું બંધાયેલું છે કે કોઇપણ નવો વિચાર તેમાં ફેરફાર કરી શકતો નથી. તે આકાર એટલો બધો ઘટ અને દૃઢ હોય છે કે નવી શક્તિ તેને બદલવાને સમર્થ થતી નથી. હવે આવો માણસ મરણ પામે ત્યારે શું પરિણામ આવે છે? **જ્યારે માણસ મરણ પામે છે ત્યારે તેનું મન મરણ પામતું નથી,** શરીરના મરણની સાથે તેના વિચારની આકૃતિઓ નાશ પામતી નથી. મન અદૃશ્ય સૃષ્ટિમાં ચાલ્યું જાય છે, અને તેના વિચારો–તેની ગઇ જીંદગીમાં તેણે કરેલા વિચારો એક માનસિક શરીર બનાવે છે. જે શરીરમાં તે વિચારો વચલા ભુવનમાં રહે છે. જો તે વિચારો પવિત્ર અને ઉમદા હોય, પ્રેમાળ અને નમ્રતા ભર્યા હોય, તો મન તે વિચારોને સ્વર્ગના ભુવન પર લેઇ જાય છે; અને ત્યાં સ્વર્ગીય ભુવનમાં, જેવી રીતે કોઈ કારીગર આરસપહાણમાંથી કોઇ આકૃતિ ઘડી કાઢે તેમ, મન તે સઘળી વિચારની આકૃતિઓ પર કામ કરે છે, અને તેમાંથી મનની શક્તિઓ અને મનનું વલણ બાંધે છે, જે ભવિષ્યની સર્વ જીંદગીઓમાં આત્માની મીલ્કતરૂપ થાય છે. અને જ્યારે માણસ પૃથ્વી પર ફરીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મ લે છે, જ્યારે ફરીથી જીવ આ મનુષ્ય દેહ ધારણ કરે છે, તે વખતે ભૂતકાળમાં જે માનસિક શક્તિઓ મને ઉત્પન્ન કરી હતી, અને જે શક્તિઓને તેણે (આત્મા એક જન્મ પછી બીજો જન્મ લે તે વચલી સ્થિતિમાં) ખીલવી હતી, તે સાથે તે જન્મ લે છે. તે બાળક ભૂતકાળની પોતાની શક્તિઓને બરાબર મળતી આવતી શક્તિઓ સાથ જન્મ ધારણ કરે છે, અને પૂર્વ ભવમાં માનસિક શક્તિઓ જેટલી ખીલવેલી તે નવા ભવમાં બતાવે છે. આ કારણથી જ છાંદોગ્યોપનિષદ્માં લખેલું છે કે, '**માણસ વિચારની કૃતિ છે!**' જેવો માણસ વિચાર કરે છે, તેવો તે થાય છે. તમારા ચારિત્રના સંબંધમાં, તમારી માનસિક શક્તિઓના સંબંધમાં તમારી ભવિષ્યની જીંદગી કેવા પ્રકારની થશે, તે તમે હાલના તમારા વિચારો ઉપરથી અનુમાન બાંધી કહી શકો. જો તમે તમારી માનસિક શક્તિઓ હાલમાં ઉમદા રીતે વાપરતા હો, જો તમે તેમનો સદુપયોગ કરતા હો, લોકોના ભલાને વાસ્તે તેનો ઉપયોગ કરતા હો, જો તમે તે માનસિક શક્તિઓનો ઉપયોગ શુદ્ધ, પવિત્ર અને સન્માર્ગને લગતા વિચારો કરવામાં કરતા હો અને આ રીતે તેનો સતત ઉપયોગ કરીને તમે તે શક્તિઓને મજબુત બનાવો તો કુદરત તમને તમારા લાયક શક્તિઓ અર્પશે.

જે બીજ તમે રોપો છો તેનાં ફળ કુદરત તમારી પાસે લણાવશે. અને જો ઉપર પ્રમાણે તમે વિચાર કર્યો હશે તો વધારે વિશાળ બુદ્ધિ સાથે, વધારે સારી તર્કશક્તિ સાથે, વધારે તીક્ષ્ણ વિવેકબુદ્ધિ સાથે, વધારે ઉમદા માનસિક બંધારણ સાથે, અને વધારે ઉચ્ચ પ્રકારની માનસિક શક્તિઓ સાથે તમે જન્મ પામશો. આમ કરવાને બદલે જો હલકી અને અધમ બાબતોમાં તમે તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારો દોરવો, જો તમે તમારા વિચારોને તમારા વિકારો અને હલકી સ્વાર્થવૃત્તિના ગુલામ બનાવો, તો તમે આ બાબતમાં પણ જેવું વાવશો તેવું લણશો. તમે જેવા વિચાર કરશો તેવા તમે થશો. અને તમે હલકી માનસિક શક્તિઓ સાથે, દુરાચારી વાસનાઓ સાથે, આવતા ભવમાં જન્મશો, અને તમારી ભવિષ્યની આખી જીંદગીમાં તમે પોતે જ બનાવેલા મનના હલકા વિચારો સાથે, તમારે ભારે યુદ્ધ કરવું પડશે. તમે પોતે જ બનાવેલા માનસિક શરીર સાથે (અને બીજા કોઈ સાથે નહિ) તમારે લડવું પડશે. આપણે જોઇએ છીએ કે માણસના વિચારો તેનું ચારિત્ર બાંધેછે. માણસનો આંતર્ સ્વભાવ વિચારોથી બંધાય છે. માણસ બુદ્ધિમાં તથા નીતિમાં કેવા પ્રકારનો થશે તેનો આધાર તેના વિચારો પર રહેલો છે.

ભવિષ્યના સંબંધમાં જેવી જેવી તે ઇચ્છાઓ કરે છે તે તે ઇચ્છાઓ તેને જન્મવાનું સ્થાન અને તેના સંજોગો ઉત્પન્ન કરે છે. આ સંજોગો અને સ્થાન તેને અમુક પ્રસંગોમાં લાવે છે અને તેણે બનાવેલી શક્તિઓનો વ્યય કરે છે. ધારો કે દાખલા તરીકે તમે ધન મેળવવાની અત્યંત તૃષ્ણા રાખો છો. ધારો કે તમારા સઘળા વિચારો તે તૃષ્ણા તરફ દોરાય છે; તમે તેને સારૂ પ્રયત્ન કરો છો, તે બાહ્યપદાર્થ–ધન તમારે જોઇએ છે, તમે તેને વાસ્તે અમુક યોજનાઓ ઘડો છો, અને તે પ્રમાણે ચાલો છો, તમે કૃત્રીમ યુક્તિઓ રચો છો, તે વાસ્તે કદાચ તમે અન્યાયથી વર્તો છો, ધન મેળવવાના પ્રબળ ઉત્સાહમાં તમે તમારા પડોશીઓને હેરાન કરો છો; તમે ધન મેળવ્યા સિવાય મરણ પામો, તોપણ ધન પ્રાપ્ત કરવાની શક્તિ તો તમે મેળવી છે. તમારા વાસનાસ્વરૂપમાં ધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવવાની શક્તિ રહેલી છે, તેથી કરીને તમે એવી શક્તિ સાથે બીજા ભવમાં જન્મ લેશો કે જે શક્તિને લીધે તમે તમારી ઇચ્છા-વાસનાના પદાર્થો તરફ દોરવાશો. ભવિષ્યમાં તે પદાર્થ તમે મેળ-વશો, અને ધન પણ પ્રાપ્ત કરશો. **વાસનાના એક પદાર્થ સારૂ આખી જીંદગી અર્પણ કરી દેવી એ ખરેખર કમભાગ્ય છે,** કારણ કે ભવિષ્યની જીંદગીમાં એ ઇચ્છાને પદાર્થ ભૂતની માફક તમારી આસપાસ ભમ્યાં કરે છે.

કેટલીકવાર મને એવો વિચાર આવે છે કે માણસો ધનના લોભથી શું કરે છે તેનો જો તેમને ખ્યાલ આવતો હોય, ધન મેળવવાની ઇચ્છાથી તેઓ કેવળ પોતાની હાલની જીંદગી સંકુચિત અને દુઃખી અને કેટલીકવાર અપ્રમાણિક અને પાપનો ડર નહિ રાખનારી બનાવે છે, આ જો તેઓ જાણતા હોય, તે-મ જ તેઓનું ભવિષ્ય તેઓ પોતે જ રચે છે અને ધન મેળવવાની ઇચ્છા તેમના હૃદયમાં દૃઢ કરેલી હોઇને તેઓ આવે છે અને તે ઇચ્છા તેમને આ જીંદગીના હલકા અને નીચ માર્ગ ભણી લોઈ જાય છે, **અને આવું ભવિષ્ય તેમને વાસ્તે તૈયાર રહે છે.** આ સર્વ જો તેમના જાણવામાં આવે તો તેઓ જરૂર તેનો ત્યાગ કર્યા વિના રહે નહિ; કારણકે આત્માની અપેક્ષાએ વિચારતાં આ સર્વ તદ્દન હલકું અને તુચ્છ જણાય છે.

અથવા ઉચ્ચપદવીની ઇચ્છાનો દાખલો લોઈએ. પોતાના જાતિ-ભાઇઓ ઉપર ઉપરિપણું–રાજ્ય કરવાની સત્તા, બીજાને દાબમાં રાખવાનો અધિકાર, બીજાઓને દોરવાની પદવી, કેવળ ઉપભો-ગને વાસ્તે જ નહિ પણ બીજાની જીંદગીઓ પોતાના કાબુમાં રહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પદવીની સ્વાર્થી ઇચ્છા—આ સર્વ મેળવવાને વાસ્તે જે માણસની ઇચ્છાઓ લાગેલી હોય, અને જે તે માણસ ખંતથી અને ચોક્કસ રીતે તેને વળગ્યો રહે—તેનું હૃદય તે બાબતપર સ્થિર કરે-ચોતાની જીંદગી તે બાબતમાં જ ગાળે તો બીજા જન્મમાં તેને તે સત્તા ફળ તરીકે મળશે. જે સ્થળે તેની ઇચ્છા તૃપ્ત થાય તે સ્થળે તે જન્મશે. મહાન્ રાજા તરીકે ગણાતા નેપોલીયનનો દાખલો તમે સારી રીતેજાણો છો. પૂર્વ જન્મની તેની ઇચ્છાઓને લીધે તેને વાસ્તે એવું જીવન નિર્મિત થયું કે રુધિરસ્રાવ, દુઃખ અને હરેક પ્રકારના અપરાધોથી માર્ગ કરી તે ફ્રાન્સના રાજ્યાસનપર ચઢયો. પણ તેનું જીવન લોકોને અંગત પદવીની સ્વાર્થવૃત્તિ નહિ જાગ્રત કરવાની ચેતવણી આપે છે; આવા પ્રકારની ઇચ્છાઓને નહિ પોષવાને આપણને બોધ આપે છે. હજુ પણ માણસ જે ઇચ્છે તો તેવો માર્ગ પસંદ કરી શકે, અને હજુ પણ જો તે તેવી ઇચ્છા કરે તો જે સ્થળમાં તે ઇચ્છા તૃપ્ત થાય તેવા સ્થળમાં તે જન્મ લેશે.

તમારી હાલની ઇચ્છાઓથી તમારૂં ભવિષ્યનું જીવન તમે પસંદ કરો છો; દાખલા તરીકે તમારામાંના ઘણાખરા ઇચ્છે છે તેમ જો તમે એવી ઇચ્છા કરો કે પાશ્ચાત્ય મોજશોખની વસ્તુઓ, પાશ્ચાત્ય સુધારો, અને પાશ્ચાત્ય જડવાદ અહીંયાં પણ આવે, અને એવી બીજી અનેક બાબતો જો તમે ઇચ્છો તો તમે શું કરો છો તેનો તમને ખ્યાલ છે ? જ્યાં તમારી ઇચ્છા તૃપ્ત થઈ શકે તેવા તે દેશોમાં તમારા જન્મને વાસ્તે તમે તૈયારી કરો છો. તમારી ઇચ્છાના પદાર્થો જે દેશોમાં મળી આવે તે સ્થળમાં તમારો જન્મ થાય, એવી તમે ગોઠવણ કરો છો, અને આ રીતે તમારી હાલની પ્રબળ ઇચ્છાઓથી તમારૂં ભવિષ્યનું જીવન તમે રચો છો—નિર્મિત કરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. પાશ્ચાત્ય રીતભાતો અને પાશ્ચાત્ય લોકોના રીવાજોથી મોહિત થયેલા યુવકોને હું કેટલીક વાર તે જ કારણથી જણાવું છું કે, "જરા ધીરજ રાખો, આધ્યાત્મિક જીવન અથવા આધ્યાત્મિક ભવિષ્યને વાસ્તે યોગ્ય એવો જે આ એક જ દેશ છે, એ પાશ્ચાત્ય સુધારા લાવવાને ઇચ્છતા નહિ."

"જરા ધીરજ રાખો, જે સુધારાને વાસ્તે તમે બધા ઇંતેજાર છો, અને (તમારા ગયા ભવમાં તમે પાશ્ચાત્ય દેશોમાં જન્મ લીધેલો હોવાથી) જેનો ઉપભોગ કરવાને તમે પ્રબળ ઇચ્છા દાખવો છો, તે તમારી સુધારાની ઇચ્છા થોડા સમયમાં તૃપ્ત થશે. કારણ કે જે ભૌતિક (Material) સુધારાની તમે લાલચ રાખો છો, તેના વચમાં જ તમારો જન્મ થશે, જડવાદની અસર અનુભવ્યા વિના તમે રહી શકો; પણ તમારા આવતા જન્મ સુધી જરા થોભો. કારણ કે ત્યારે તમે માંસ ખાતા થશો અને દારૂ પીતા થશો, અને તમારી મૂર્ખાઇભરેલી વાસનાઓએ તમને પ્રેર્યા પ્રમાણે મોજશોખવાળા ઘરમાં તમે રહેશો." (ખુશાલીના પોકારો).

પણ હજુ આપણે માણસનું ભવિષ્ય રચવામાં સહાય કરનાર એક ઉપયોગી તત્ત્વ છોડી દીધું છે. તે તેના કાર્યોનું પરિણામ છે. આપણાં કાર્યો આપણા આડોશીપાડોશીઓને સારી અથવા નરસી અસર કરે છે, કાં તો તેમને સુખ કે કાં તો દુઃખ આપનારાં નીવડે છે.

આપણાં કાર્યોથી બીજાને આપણે કરેલું સુખદુઃખ કુદરતમાં ત્યાં જમા થાય છે અને કુદરત ભવિષ્યમાં આપણને તે પાછું આપે છે. જે માણસો પોતાની આસપાસના માણસોમાં, કુટુંબમાં, શહેરમાં કે દેશમાં સુખશાંતિ ફેલાવે છે તેનો એક દાખલો આપું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારીએ. લોકોમાં બહુજ સુખ ફેલાવનારા તરીકે તે ગણાય છે. તે શુભ આશયથી તે કામ કરે છે કે હલકા આશયથી તે આપણે અત્રે વિચારતા નથી; પણ હાલ તો તેના બાહ્ય પરિણામ તરફ નજર કરીએ. તે ધનની મોટી સખાવતોથી અથવા બીજા કોઈ માર્ગે સુખ ફેલાવે છે. બીજા જન્મમાં તેને સારા સંજોગો રૂપી ફળ મળશે, અને બાહ્ય સુખ આપનારા સંજોગોમાં તેનો જન્મ થશે. તે આ જન્મમાં બીજાને સુખ આપે છે. અને બીજી દુનિયા તેના બદલામાં તેને સુખ આપી તેણે આપેલું પાછું આપે છે. જો તે દુઃખ વાવે છે, તો તે દુઃખ લણે છે. જો તે પોતાના જાતિભાઇઓને બહુજ દુઃખી કરે છે અને પોતાના કુટુંબને, પોતાના મિત્રોને કે પોતાની જ્ઞાતિને દુઃખી અને કંગાલ બનાવે છે, તો તે માણસ પોતાને વાસ્તે દુઃખી જન્મ મેળવવાની જોગવાઈ કરે છે.

ત્યાં તેને સંજોગો પણ પ્રતિકૂળ મળશે. ત્યાં તેની આસપાસના માણસો પણ દુઃખી હશે. અને કુદરત જ્યાં ત્યાં તેને નિરાસ અને નિષ્ફળ બનાવશે. તેનો આશય છોડી દઈને ઉપરની હકીકત મેં નિવેદન કરી છે. કારણ કે આશય બાહ્ય પદાર્થોને અસર કરી શકતો નથી. હવે આપણે તેના આશય તરફ જરા દૃષ્ટિ ફેરવીએ. અમુક માણસ સ્વાર્થી વૃત્તિથી બીજાઓમાં સુખ ફેલાવે છે એવું આપણે ધારીએ. દાખલા તરીકે તે માણસ એક બગીચો જાહેર પ્રજાના ઉપભોગને વાસ્તે ખુલ્લો મુકી દે છે. બગીચા તે શહેરના માણસોને ઘણું સુખ આપે છે એ તો આપણે સર્વે કહી શકીશું. લોકોને સુખી કરવાના ઈરાદાથી તે આ કામ કરતો નથી. તે લોકોને સુખ થાય કે દુઃખ થાય તેની લેશમાત્ર દરકાર રાખતો નથી. તે પોતાના નામની જોડે રાયબહાદુર કે ખાન બહાદુરનું પુંછડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લટકાવવા માગે છે, અથવા અમુક કીતાબ મેળવવા ધારે છે. અને પોતાના સંકુચિત અને સ્વાર્થી જીવનમાં પોતાને જેથી સુખ મળે તેની વસ્તુ (કીતાબ વગેરે) મેળવવા ખાતર તે બીજાને આ બગીચો ઉપભોગ વાસ્તે આપે છે.

તેથી કેવું કર્મ બંધાય છે ? જે કાર્યથી સુખ ફેલાય તે કાર્ય ઉપર મેં જણાવ્યું તે પ્રમાણે બીજા ભવમાં તેને **અનુકૂળ સંજોગો** લાવી આપે છે.

પણ તેનો **આશય તેના ચારિત્રને** અસર કરે છે. તેનો આશય, જે મુખ્ય બાબત છે તે તેના આત્મા પર અસર કરે છે; અને આત્મા માણસના સ્વભાવ ઉપર અસર કરે છે, અને તે સ્વભાવ ઉપર મૃત્યુનું રાજ્ય પણ ચાલી શકતું નથી, અને સ્વાર્થી આશય જે પોતાના અંગત ઉપભોગને સારૂ કાંઈક મેળવવાની ઇચ્છા રાખતો હતો, અને જે તેના ચારિત્રને અસર કરે છે, તે આશયનું પરિણામ એ આવે છે કે તે અસંતોષી, જે તે ગ્રહણ કરનારો (લાલચુ) અને તેના કાર્યના બદલા તરીકે મળેલા સુખમય સંજોગોમાં પણ દુઃખી થાય છે. શું તમે તમારી જીંદગીમાં આવા બનાવો નથી જોયા ? અંગત વૈભવ, ધન અને અનુકૂળ સંજોગોની બાબતમાં મન કલ્પી શકે તે સર્વ મળેલું હોય; છતાં આ સર્વ સમૃદ્ધિની વચમાં જે અસંતોષી અને દુઃખી હોય, જે તેને ન મળ્યું હોય તે મેળવવા મથતો હોય અને જે પોતાને મળેલું હોય તેનો ઉપભોગ કરી શકતો ન હોય એવો કોઇ પુરૂષ શું તમારી નજરે નથી પડયો ? પોતાના પૂર્વ ભવમાં બરાબ આશયથી સારાં કામ કરનારાં આ માણસો હોવાં જોઇએ. તેઓએ સ્વાર્થી આશયથી દયાનાં કામ કરેલાં હોવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ. અને હવે તેઓ તેઓના વિચારનું અને કાર્યનું જુદું જુદું ફળ ભોગવે છે. જો આ કર્મનો નિયમ બરાબર રીતે તમારા સમજવામા આવે તો મનુષ્યની જીંદગી તમને એક ગુંચવણ ભરેલા પ્રશ્ન રૂપ ભાસશે નહિ. પ્રપંચ અને અસત્યના ગુંચવણ ભરેલા માર્ગમાંથી લેઈ જનારો ભોમીયો તમને મળી જશે, અને ઇશ્વરનું ન્યાયીપણું માણસોની દૃષ્ટિમાં સિદ્ધ થયેલું જણાશે. તમે આ સર્વ બાબતોમાં ભૂતકાળનું પરિણામ ભોગવો છો, તમે ભૂતકાળનું ફળ લણો છો, અને આ રીતે ભૂતકાળનું ફળ વર્તમાનકાળમાં ભોગવતાં તમારૂં ભવિષ્ય તમે વર્તમાનકાળમાં રચો છો. આજ કારણથી હું જણાવું છું કે **માણસનું ભવિષ્ય પોતાના હાથમાં રહેલું છે.**

જ્યાં સુધી તમે અજ્ઞાન હો ત્યાં સુધી તમે તમારી આસપાસ વર્તતી શક્તિઓને સ્વાધીન છો–ગુલામ છો. અમુક અમુક શક્તિઓનું શું પરિણામ આવે છે, તમારી ઇચ્છાનું શું ફળ આવે છે, અને કાર્યનું શું પરિણામ પેદા થાય છે તે તમે જાણતા નથી, અને આ પ્રમાણે નિયમ (law) ના અજાણ હોવાથી તે નિયમની શક્તિઓ તમે વશ કરી શકતા નથી, પણ ઉલટા તમે તેમનાથી ખેંચાઈ જાઓ છો. **તેથી જ ધર્મગુરૂઓએ આપણને મદદ કરવાને પ્રયત્ન કર્યો છે, અને આપણને નિયમો જણાવ્યા છે.** દરેક બાબત સમજવી જ જોઇએ એમ જરૂર નથી. શરીરના પોષણ અર્થે, ખોરાક ઉપયોગી થાય તે માટે, તે ખોરાક કઈ કઈ સ્થિતિમાં પસાર થાય છે તે જાણવું અગત્યનું નથી. પણ સાયન્સ આપણને કહી શકે છે કે અમુક ખોરાક નડે તેવો છે. જો તમે અમુક ખોરાક ખાશો તો તમારૂં શરીર તંદુરસ્ત થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો તમે અમુક બીજો ખોરાક લેશો તો તમારા શરીરને રોગ થશે કે તમે મરી જશો.

રોગ કે તંદુરસ્તી સંબંધી અજ્ઞાન ધરાવનારો તે પુરૂષ કા- યદો સમજે કે ન સમજે પણ જેવી રીતે તે તે નિયમ પ્રમાણે ચાલે છે તે પ્રમાણે તે ખોરાક તેના શરીરને અસર કરે છે અને વિચાર અને ઇચ્છાઓ, જે તેના ઉચ્ચ સ્વભાવનો ખોરાક છે, તે સારાં કે ખોટાં હોય તે પ્રમાણે ખોરાક કે ઝેરરૂપે પરિણામ પામે છે. ધર્મસંસ્થાપકોએ પ્રતિપાદન કરેલા નિયમોનું જ્ઞાન તે તમે પ્રથમથી ધરાવો છો. હું ફક્ત તે નિયમ કેવી રીતે વર્તે છે તે સમજાવવાને પ્રયત્ન કરૂં છું, કે તે નિયમના કાર્યના જ્ઞા- નથી તમે ગુરૂઓનો ઉપદેશ માનવાને વધારે દોરવાઓ.

તમારામાંથી વધારે વિચારશીલ પુરૂષોને લાભકારી જે જ- ણાય, પણ જે જીંદગીની કીંમત સમજતા નથી તેમને બહુ અગત્યની ન. જણાય એવી એક બાબત આપણે હવે વિચારીશું. તમારામાંના કેટલાક આ પ્રમાણે અંતરમાં પ્રશ્ન પૂછો છો "આ મરણ જન્મમાંથી આપણે શી રીતે મુક્ત થઇ શકીશું ? જે કર્મને નિયમ આપણને ફરીથી જન્મ લેવરાવે છે, તે કર્મની સત્તામાંથી આપણે શી રીતે નાશી છુટીશું ? કર્મબંધનથી અને ઇચ્છાઓના બંધનથી જે સ્થળમાં ઇચ્છા તૃપ્ત થાય, તે સ્થળમાં આત્માને ફરીથી આવવું પડે છે, તો તે બંધન શી રીતે ભેદી શકાય ? તમારામાંના વધારે વિચારશીળ, વધારે ધર્મિષ્ઠ અને વધારે ગં- ભીર પુરૂષો આ પ્રશ્ન પૂછો છો. અને તેનો જવાબ શ્રી કૃષ્ણના શબ્દોમાં નીચે પ્રમાણે છેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જ્ઞાનાગ્નિવડે કર્મબંધન બાળી શકાય, અથવા ભક્તિવડે તેનો ક્ષય કરી શકાય.'' કર્મ નાશ કરવાના બે માર્ગ છે. કર્મના બંધનમાંથી છુટા થવાના આ બે રસ્તાઓ છે. જો માણસને જ્ઞાન હોય, અને પોતાનાં ભૂતકાળનાં કાર્યો જોઇ શકે તો તે ભૂતકાળમાં ઉત્પન્ન કરેલી શક્તિઓનો જેથી નાશ થાય તેવી શક્તિઓને તે વર્તમાનકાળમાં પેદા કરશે. અને આ રીતે બંનેનું સમતોલપણું આવશે, અને ફરીથી સામ્ય જળવાઇ રહેશે. જાણીને કે અજાણતાં આ કામ શી રીતે માણસ કરી શકે તે હું એક દાખલો લેઇને સમજાવીશ. દરેક મહાન્ ગુરૂએ અપકારને બદલે ઉપકાર કરવાનો બોધ આપેલો છે. મહાન્ મનુએ કહ્યું છે કે 'તમારા શત્રુને ક્ષમા આપો !'' બુદ્ધદેવે જણાવ્યું છે કે 'દ્વેષ દ્વેષથી નહિ, પણ પ્રેમથી નાશ પામે છે,' જીસસ ક્રાઇસ્ટે કહ્યું છે કે 'શુભવડે અશુભપર જય મેળવો'' તે મહાન્ ગુરૂઓનાં વાકયોમાં જરા પણ મતભેદ નથી. સર્વે એક જ પ્રકારનો નિયમ શિખવે છે. કારણ કે સર્વે કર્મનો એક જ નિયમ જાણે છે, કે કર્મનો નાશ થઈ શકે છે. ધારો કે અમુક માણસને તમે ધિક્કાર્યો હોય, અને ધારો કે તે માણસ તમને ધિક્કારે છે, અને તમારામાં દ્વેષની વૃત્તિ સાથે તમે મરણ પામો છો. તે માણસ પણ ફરીથી નવો જન્મ ધારણ કરશે, અને જે દ્વેષનું તમારા બન્ને વચ્ચે બંધન થયું, તે દ્વેષના પરિણામ રૂપે તમે એક બીજાને જરૂર હેરાન કરતા રહેશો. હવે તે **શી રીતે દૂર કરી શકાય ?** તેના ઉપર પ્રીતિ રાખો, જ્યારે તે તમને નુકસાન કરે ત્યારે તેને ક્ષમા કરો, જ્યારે તે તમને ઇજા કરે ત્યારે તેનું ભલું થાઓ, એવી ઇચ્છા કરો; તેની અશુભ ઇચ્છાનો પ્રત્યુત્તર શુભ ઇચ્છાથી આપો. તેના ઘાતકી કાર્યનો બદલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયાળુ કાર્યથી આપો. આ રીતે કાર્મિક બંધન તમે તોડી નાંખો છો; આ રીતે કર્મના બંધનનો ક્ષય થાય છે. દ્વેષ પ્રેમથી નાશ પામે છે, નુકસાનને સારૂ આપેલી ક્ષમા તે નુકસાનનો અંત આણે છે. જો તમને તમારા ધર્મ સંસ્થાપકોમાં વિશ્વાસ હોય તો તમે આ કાર્ય તેમની આજ્ઞા પ્રમાણે ચાલીને કરી શકો.

નિયમનો બુદ્ધિગમ્ય ખુલાસો જોઇતો હોય અને તે સમજવાની તમારામાં કદાચ શક્તિ ન હોય તોપણ જેવી રીતે બે સરખી પણ વિરૂદ્ધ ગુણવાળી આ જગતની બે શક્તિઓ એક બીજાની સામે થઈ સમતા અને સ્થિરતા ઉત્પન્ન કરે છે, તેજ રીતે જો કોઈ માણસ તમને મારે, અને તમે તેના બદલામાં તેના ભણી પ્રેમ દર્શાવો તો આ વિરૂદ્ધ ગુણવાળી બે શક્તિઓ સાથે મળે છે, ત્યારે એક બીજાની શક્તિનો નાશ કરે છે, અને સમતોલ વૃત્તિ પેદા થાય છે; અને નવું કર્મ બંધાતું નથી, અને ભવિષ્યમાં થવાની હેરાનગતિ જડમૂળથી નાશ પામે છે; પણ જો તમારે કર્મબંધન અટકાવવું હોય તો તમારે **શુભ કે અશુભ બન્ને પ્રકારના કર્મ બાં ધવાનું બંધ કરવું જોઇએ.** અશુભ કર્મની માફક સારૂં કર્મ પણ ફળ આપે છે, અને અશુભ ઇચ્છાઓની માફક સારી ઇચ્છાઓ પણ બંધનકારક છે, તો નવાં કર્મ ઉપાર્જન કરતાં આપણે શી રીતે અટકવું જોઇએ ? શું કાર્ય કરવાનું બંધ કરીને ? ના, તે માર્ગ નથી. કારણ કે દરેક માણસને આ જગતમાં કેટલીક ફરજો બજા વવાની છે, અને તે ફરજોનો અનાદર કરવાનો તમને અધિકાર નથી.

તમે માથે લીધેલી કેટલીક ફરજો કે જોખમદારીઓ તોડ વાનો અને આ રીતે તમારે કરવા યોગ્ય કાર્યો તરફ અનાદર રહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનો તમને હક નથી. ત્યારે હવે આ કર્મબંધનથી શી રીતે મુક્ત થઇ શકાય ? તમારે કાર્ય તો કરવું જોઇએ, અને તમારા સર્વ બુદ્ધિબળથી અને સંપૂર્ણ રીતે તમારે તે કરવું જોઇએ, પણ જે પળે તે પૂર્ણ થાય તે જ પળે તમારે કાર્યને "જતું કરવું" જોઇએ. તેના ફળની ઇચ્છા રાખતા નહિ. તે કાર્યનો બદલો શોધતા નહિ. દાખલા તરીકે, જો તમે કોઇ કામ કરવામાં ગુંથાયેલા હો તો તમારા સઘળા સામર્થ્યથી તે કરજો, અને બની શકે તેવી સારી રીતે તે કર્યા પછી તેનો જે બદલો આવે તેની અથવા તેના ફળની તમારે આશા રાખવી નહિ. દરરોજ તમારે માથે આવી પડેલાં કર્તવ્યો બજાવો, કારણ કે ઇશ્વરે તમને આ જગતમાં તે કામ કરવાને સોંપેલું છે.

જો તમારામાં ઇશ્વર પ્રત્યે પ્રેમ હોય, જો તમે તેની સેવા કરતા હો તો દરેક કાર્યનો હેતુ ઇશ્વરની સેવાનો થાય છે. તેની ઇચ્છાનુસાર વર્તવું—એ જ તમારા સઘળાં કાર્યોનો હેતુ હોવો જોઇએ. તેથી કર્મ બંધન થતું નથી. ઇશ્વરપ્રીત્યર્થે સઘળી વસ્તુનો ભોગ આપો, તમે જે જે વિચાર કરો, અને તમે મનથી કે શરીરથી જે વચન બોલો કે કાર્ય કરો, તે સર્વ ઇશ્વરને સમર્પણ કરો. અને આવું કાર્ય તમને આ પૃથ્વી સાથે બાંધી શકશે નહિ. તેનામાં આત્માને બંધ કરવાની શક્તિ નથી. આ પ્રમાણે શ્રીકૃષ્ણ બોધ આપે છે. તમને તેમનું વાક્ય યાદ હશે કે "જે જે તું કરે, તે વિચારોનો તપ હોય કે સામાન્ય કાર્ય હોય તો તે સર્વ મારી ખાતર કરજે" અને આગળ તે જણાવે છે કે "આવું કાર્ય કોઇ પણ પ્રકારનું બંધન ઉત્પન્ન કરતું નથી, પણ મરણ સમયે તે ભક્ત મને આવીને મળે છે"

જો કર્મના બંધનમાંથી મુક્ત થવા તમે માગતાં હો તો તમારે તેના ફળની ઇચ્છા રાખવી નહિ, અને જો તમારામાં ધાર્મિકવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રબળ હોય અને જો તમારામાં ભક્તના જેવી લાગણીઓ હોય, તો ઇચ્છાનું મૂળ નાશ કરવાનું કામ તમારા માટે સુગમ થઈ જાય છે.

જે બંધનથી પૃથ્વી સાથે આત્મા બંધાય છે, તેનાથી આત્માને મુક્ત કરનાર તે માર્ગ છે. પણ તમારા હૃદય આ જગતનો પદાર્થોપર ચોંટેલાં છે, અને જ્યાં સુધી તે ચોંટેલાં રહેશે ત્યાં સુધી, જ્યાં તમારી ઇચ્છા તૃપ્ત થાય તેવા પ્રદેશમાં ફરી ફરીને તમારે જન્મ લેવો જ પડશે. જ્યાંસુધી તમારૂં હૃદય ઈશ્વર–અથવા તમે તેને ગમે તે નામ આપો તેના–ઉપર સ્થિર નથી થયું ત્યાં સુધી આમ અન્યાં જ કરશે. નામ કાંઇ અગત્યની બાબત નથી, પણ ભક્તની વૃત્તિ એજ સર્વસ્વ છે. તમે ગમે તે નામથી ઉપાસના કરો, પણ તમારી જીંદગી ઉપાસના અને આત્મભોગવાળી થવી જોઇએ. તેની (ઇશ્વરની) ઇચ્છા બર લાવવાને તમારી જીંદગી ગાળવી જોઇએ અને કોઈ પણ કર્મ તમને બાંધી શકાશે નહીં. તમારો આત્મા એથી હમેશને વાસ્તે મુક્ત થાય છે. આ કારણથી તમે તમારા ભવિષ્યના નિયંતા છો. પૃથ્વીપર ફરીથી પાછા આવવું કે નહિ એ તમારી પસંદગીની વાત છે; વિદ્વાન્ થવું કે મૂર્ખ થવું; ગરીબ થવું કે ધનવાન્ થવું એ તમારી ઇચ્છા ઉપર આધાર રાખે છે. જેમ તમારી ઇચ્છાઓ તમને દોરશે, તેવા તમે થશો.

પણ જો તમે તમારૂં હૃદય ઈશ્વરપર સ્થિર કરો, અને તેની ઉપાસના કરો, તો આ પૃથ્વી પાસે તમને આપી શકે તેવું કાંઇ રહેતું નથી. અને કાંઇ પણ વસ્તુ તમને આ પૃથ્વી સાથે બાંધી શકશે નહિ. ઉપનિષદમાં શિખવેલા પ્રાચીન નિયમનું આ સ્પષ્ટીકરણ છે. સૂક્ષ્મ ભુતો જાણવાની જેમની શક્તિ ખીલી છે, તેઓએ આ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમને સત્ય તરીકે અનુભવેલ છે. અને તમારા વચ્ચે જે કામ હું કરવા ધારું છું તે કામ તમારી શ્રદ્ધા વધારે મજબુત કરવાનું, તમારી ભક્તિ વધારે સંપૂર્ણ કરવાનું અને પ્રાચીન ધર્મપુસ્તકોમાં કેવો કીંમતી ખજાનો રહેલો છે તે બતાવવાનું છે. અને હું હાલની ભાષામાં બોલું છું તેનું કારણ એ છે કે માણસોનાં મન અર્વાચીન થઈ ગયાં છે, અને તે જ માર્ગે તેમને અસર કરી શકાય તેમ છે. જો કે શબ્દો અર્વાચીન છે, છતાં તેમાં રહેલા વિચાર પ્રાચીન છે, અને માણસ પોતાના ભવિષ્યનો નિયંતા છે, કારણ કે તે બ્રહ્મ સાથે ઐકય ધરાવે છે, અને સ્વતંત્ર ઇચ્છાશક્તિ જે માણસનું ખાસ લક્ષણ છે, તે માણસના સ્વરૂપમાં જ રહેલું છે.

ગૃહસ્થાશ્રમ.

સત્ આચારને સારૂ સત્ વિચારની જરૂર છે. આપણે ઉત્તમ પ્રકારનું જીવન ગાળવું હોય તો આ જીવન અને તેના ઉદ્દેશો સંબંધી જ્ઞાન પ્રથમ આપણે મેળવવું જોઇએ. ત્યારે હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે, આપણે કેવી રીતે જીવન ગાળવું, અથવા તો આપણને મળેલા સંજોગો અને શક્તિઓનો કેવી રીતે સદુપયોગ કરવો કે જેથી જ્યારે આ ફાની દુનિઆનો આપણે ત્યાગ કરીએ. તે વખતે આપણે સંતોષની સાથે કહી શકીએ કે, "મારા જન્મ સમયે દુનિયાની જે સ્થિતિ હતી, તે સ્થિતિમાં મારી શક્તિના પ્રમાણમાં અને મારા કાર્યપ્રદેશના વિસ્તારના પ્રમાણમાં કાંઇ પણ યોગ્ય સુધારો કરવા હું સમર્થ થયેલો છું." આ મહત્કાર્ય કરવાને માટે આપણે આપણી જાતને કેવી રીતે કેળવવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રશ્નનો ઉત્તર આપતા પહેલાં કેળવણી એ શું તે જાણ
વાની જરૂર છે. આપણી અંદર ગુપ્ત રહેલી શક્તિઓનાં બીજ
અનુકૂળ સામગ્રીદ્વારા વિકસિત કરવાં તેનું નામ 'કેળવણી.' એ
અંગ્રેજ લેખકના શબ્દોમાં કહીએ તો: "Training is th
education of one's faculties and discipline of one'
passions and intelligence, is the product of industr
and sound judgement."

જો મનુષ્ય જાતિ ભણી આપણે દૃષ્ટિ ફેરવીશું તો આપણું
જણાયા વગર રહેશે નહિ કે સામાન્ય રીતે દરેક માણસમાં શુ
અને અશુભ બીજ ગુપ્ત રહેલાં છે. જો કે દરેક માણસનો આત્મ
સ્વભાવે શુદ્ધ છે, પણ જડ વસ્તુની સાથે સંબંધમાં આવવાથી
પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે, અને ક્ષણિક અને નાશવંત પદ
થોમાં આનંદ માનતો થયો છે. બીજા જીવાત્મા સાથેનો સંબ
વિસ્મરણ થવાથી બીજાઓને દુઃખ ઉત્પન્ન કરીને પણ પોતા
સુખ શોધે છે. આ રીતે તેનામાં કેટલાંક અશુભ બીજો પણ આવે
છે. જેથી કરીને શુભ બીજોને પોષણ મળે, તથા તે બરાબર બી
નીકળે, અને અશુભ બીજોને પોષણ ન મળવાથી તેઓ કરમા
જાય, તેવા પ્રકારની કેળવણી જીવાત્માને મળવી જોઇએ.

આ વાસ્તે આપણે શું કરવું? તે સંબંધમાં આપણે અજ્ઞાની
ગોથાં મારવાનાં નથી. પ્રાચીન જ્ઞાની મહાત્માઓએ પોતાના દ
મર્ય જાતિસ્વભાવથી આપણા જેવા અજ્ઞાન વર્ગને સારૂ પોતા
માર્ગ શોધવાનું કામ રહેવા દીધું નથી, પણ જે માર્ગે ઇષ્ટસિ
કરી શકીએ અને આપણા જીવનનો ઉદ્દેશ સફળ કરી શકીએ તે
માર્ગ પ્રદર્શિત કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે માર્ગ મનુષ્ય જીંદગીને અમુક વિભાગમાં વહેંચી નાંખે છે. જેમકે એક બ્રહ્મચર્યાશ્રમ. તે સમયમાં વિદ્યાર્થીએ બ્રહ્મચર્ય વ્રત પાળી પોતાનો સઘળો સમય વિદ્યાભ્યાસ અને શરીર કસરતદ્વારા કેળવણીમાં ખરચ કરવો ઘટે છે. વિદ્યાભ્યાસના સમયમાં નિશ્ચળપણે અખંડિત બ્રહ્મચર્ય તેણે પાળવું જોઇએ. એ આશ્રમ પુરો થાય એટલે કે તેની સંપૂર્ણ કેળવણી તે મેળવે, અને પુખ્ત ઉમરનો થાય, ત્યારે અનુકૂળ પત્ની સાથે લગ્ન સંબંધ બાંધી ગૃહસ્થાશ્રમનો આરંભ કરે.

હવે ગૃહસ્થાશ્રમ એ શું છે, અને તે કયાં કયાં શિક્ષણો આપણને આપે છે, તે વિચારીએ. તે નિઃસ્વાર્થતા અને નિયમિતતા શીખવે છે. નિર્બળનું રક્ષણ કરવાનું શીખવાની અને સહેલામાં સહેલી રીતે આત્મભોગ આપવાનું શીખવનારી નિશાળ છે. મી. મજમુદાર નામના એક બંગાળી લેખક જણાવે છેઃ—"કીર્તિ, ધન, અને ઉંચી પદવીનાં સુખ પ્રાપ્ત કરવાં એ કામ સુલભ નથી, પણ માયાળુ પિતા, પ્રેમાળ માતા, સુશીલ અને અનુરાગી ભાર્યા, કર્ત્તવ્યપરાયણ પુત્રો, અને આજ્ઞાંકિત પુત્રી, આ સર્વ આનંદનાં કારણો છે; પણ આપણો ગૃહસ્થાશ્રમ કેવળ આનંદને લીધે જ કિંમતી નથી; કારણ કે ઘણે ભાગે દિલસોજી, સહનશીલતા, સ્વાર્થત્યાગ અને કોમળતાના ઉમદા પાઠો શીખવનારી એ ઉત્તમ શાળા છે. માતાને, પત્નીને અને પુત્રીને તેઓનાં કર્ત્તવ્ય બજાવતાં જોવાં એજ એક પ્રકારની ઉમદા કેળવણી છે."

હવે આપણે પિતાપુત્ર, પતિપત્ની, માતા અને પુત્રનો સંબંધ અનુક્રમે વિચારતા આવીશું અને જો માણસ ધારે તો તેમાંથી કેવા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે અવલોકીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાપુત્રનો સંબંધ.

પ્રથમ આપણે પિતા અને પુત્ર વચ્ચેના સંબંધનું અવલોકન કરીશું, અને તે સંબંધ પ્રથમ કેવા પ્રકારનો હતો, હાલ કેવા પ્રકારનો છે, અને તેમાં કેવા પ્રકારના સુધારાની જરૂર છે તે આપણે વિચારીશું. પ્રાચીન સમયની પિતાપુત્ર સંબંધી ઉચ્ચ ભાવનાઓ નિહાળતાં આપણને જણાય છે કે પિતા અને પુત્ર વચ્ચે પ્રેમની લાગણી બહુ જ દૃઢ હતી. પિતા તે પ્રેમની લાગણી પુત્રનું રક્ષણ કરવામાં અને તેને સન્માર્ગે દોરવવામાં વાપરતો હતો. પ્રાચીન ઇતિહાસ તેના અનેક પુરાવા આપે છે.

પણ હાલના સમય તરફ દૃષ્ટિ કરતાં આપણે સખેદ કહેવું પડે છે કે ઉચ્ચ ભાવના ઘણે ભાગે વિનાશ પામેલી છે. જે ઉચ્ચ ભાવના હાલમાં જોવામાં આવે છે, તે પ્રાચીન સમયના લીસોટા તુલ્ય છે. પિતા અને પુત્ર વચ્ચે મહદ્ અંતર પડેલું જણાય છે. પિતા પુત્ર જોડે બોલવામાં અથવા તેના ભણી પ્રેમ દર્શાવવામાં પોતાની મહત્તા ઘટતી હોય એમ માને છે અને તેથી પુત્રને પોતાથી દૂર રાખે છે. આનું પરિણામ એ આવે છે કે પુત્ર પિતાથી ડરતો રહે છે, અને કેટલીકવાર પિતાને શત્રુ તરીકે લેખે છે. ઘણીવાર પિતાઓ સ્વાર્થના જ વિચારમાં મશગુલ રહે છે, અને પુત્રોની જરૂરીયાતોના સંબંધમાં બેદરકાર રહે છે; અને પોતે જ્યારે યુવાવસ્થામાં હતા ત્યારે પોતાનામાં જે લાલસાઓ ઉત્પન્ન થતી તે તેઓ તદ્દન વિસ્મરી જાય છે અને પોતાના હક્ક તથા સત્તા તરફ જેટલું ધ્યાન આપે છે તેટલું ધ્યાન તે ઉગતા છોડવાઓ ઉપર દયા રાખવામાં અથવા પ્રેમ બતાવવામાં રાખતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનું બેદકારક પરિણામ એ આવે છે કે પિતાના પ્રેમભર્યા અને નીતિયુક્ત સહવાસમાં ઉછરવાને બદલે, તે પુત્રો તે પ્રેમ-પ્રીતિ પોતાના સમોવડીયા મિત્રોની સોબતમાં શોધે છે, અને આમ તેઓ ઉન્માર્ગે ઘણીવાર દોરાય છે.

હવે પુત્રો પણ ઘણે ભાગે મગરૂર, ઉદ્ધત અને અવિનયી જણાય છે. તેઓ પોતાને મળેલા અલ્પ જ્ઞાનને બહુ જ મહત્ત્વનું માની પોતાને એક અનિયંત્રિત રાજા તુલ્ય લેખે છે, અને પિતા તરફ ભક્તિ બતાવવાને બદલે અને તેની આજ્ઞાનુસાર વર્તવાને બદલે પોતાની સ્વેચ્છા પ્રમાણે ચાલે છે. આ રીતે તેઓ કૃતઘ્ની નીવડે છે.

પિતાપુત્રના સંબંધની ઉચ્ચ ભાવનાના ઉત્તમ નમુના વાસ્તે **દશરથ અને રામચંદ્ર** જેવાં દૃષ્ટાન્તો આપણા હૃદયચક્ષુ આગળ નિરંતર રાખવાં ઘટે છે. **રામચંદ્રે** દર્શાવેલી પિતૃભક્તિના અનેક પુરાવા છે. જે દિવસે પોતાને સારૂ રાજ્યાભિષેકના સર્વ સમારંભો તૈયાર થયા હતા, થોડા સમય પછી તે ચક્રવર્તી પદને મેળવવાનો હતો અને સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો હતો, તે જ દિવસે પોતાના પિતાનું વચન પાળવાને, ચૌદ વર્ષ સુધી વનવાસ જવાને, અને રાજ્યપાટનો ત્યાગ કરવાને તે ઉત્સુક થયો, એ બનાવ જ તેની પિતૃભક્તિનું અનુપમ દૃષ્ટાન્ત છે. રામચંદ્ર કરતાં વધારે ઉચ્ચ દાખલો પિતૃભક્તિનો શું હોઈ શકે ? પણ દશરથ વિષે શું ? શું તે પોતાના પુત્ર ભણી પ્રેમાળ, દિલસોજી ધરાવનાર અને માયાળુ હતો ? ખરેખર તે તેવો જ હતો. જો કે પોતાની પત્નીને અમુક સંજોગોમાં આપેલા વચનાનુસાર રામચંદ્રને વનવાસ મોકલવાની તેને જરૂર પડી હતી, પણ તેનું પ્રેમાળ હૃદય તેને સારૂ તલસતું હતું, અને પુત્રવિયોગના શોકને જ લીધે તે મરણ પામ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો અનુપમ અને અનુકરણ કરવા યોગ્ય સંબંધ પિતાપુત્ર વચ્ચે અસલમાં હતો, તેવો સંબંધ શું હાલ પણ લાવી શકાય ? અને લાવી શકાય તો તેને સારૂ શું કરવાની જરૂર છે ?

જો ઉચ્ચ ભાવનાને વ્યવહારમાં મુકાયેલી જોવાની અને આપણો ઘરસંસાર સુખમય જોવાની આપણી અભિલાષા હોય તો પિતાઓનો ધર્મ એ છે કે તેઓએ પોતાના પુત્રો ભણી પ્રેમ, દિલસોજી અને વિશ્વાસ બતાવવાં જોઇએ.

પિતાએ પોતાના પુત્રની સાથે મૌનવ્રત ધારણ કરવું નહિ. તેમ જ તેની તરફ પોતે બેદરકાર હોય તેવું વર્ત્તન રાખવું નહિ. પિતાએ અરેખર પુત્રોના રક્ષક થવું જોઇએ છે. પણ આ કામ તેઓ પુત્ર પ્રત્યે પ્રેમ અને દિલસોજી બતાવ્યા વિના કરી શકશે નહિ, કારણ કે જો પિતાનો પુત્ર તરફ ખરો પ્રેમ હોય તો પોતાનો પુત્ર કેવા સોબતીઓના સહવાસમાં ફરે છે, તે તરફ તે લક્ષ આપ્યા વગર રહેશે નહિ; અને તેથી ખરાબ સોબતીઓના નીચ પ્રસંગમાં આવવાનો પ્રેમાળ પિતાના પુત્રને ઓછો સંભવ રહે છે.

પૂર્વના સમયમાં પિતાના વચનને પુત્રો પ્રથમ સાંભળતા, પણ હાલ તો તે વચનનું કારણ પૂછવાને તેઓ તત્પર થાય છે. પણ જો ઉચ્ચભાવના ફરીથી જાગ્રત કરવી હોય તો પુત્રોએ પણ પિતાની ઉમ્મર, અનુભવ, વિશેષ જ્ઞાન વગેરે ધ્યાનમાં લઇ તેમના વચનને માન આપતાં શીખવું જોઇએ. પિતાની પોતાના ઉપર રહેલી સત્તા કબુલ રાખવી જોઇએ. આમ જ્યારે થશે ત્યારે જ વિરોધ અને દિલસોજીના અભાવને બદલે શાંતિ અને પ્રેમ ઘરસંસારમાં ફરીથી પ્રસરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતા પુત્રનો સંબંધ.

હવે આપણે મા અને પુત્ર વચ્ચેનો સંબંધ વિચારીએ. જો કે સ્વતંત્ર વિચારમાં ઉછરેલા યુવકો, પોતાની જુવાનીના મદમાં પોતાની માતા તરફ ભક્તિ ન બતાવે કે તેને માન ન આપે, છતાં માતાનો પુત્ર પ્રત્યેનો પ્રેમ, સ્વાર્થત્યાગ અને દિલસોજી તો તેવાં ને તેવાં છે. એક લેખક જણાવે છે કે, જ્યાં સુધી વસ્તુ આપણી પાસે હોય ત્યાં સુધી આપણને તેની કીંમત હોતી નથી, પણ જ્યારે તે વસ્તુ આપણે ખોવાની તૈયારીમાં હોઇએ અથવા તે વસ્તુ ખોઇએ ત્યારે જ તેની ખરી કીંમત આપણને જણાય છે. તે જ રીતે ઘણા યુવકો માતાના પ્રેમ, દિલસોજી, સ્વાર્થભોગ અને તેઓના હિત તરફની તેની અનન્ય કાળજી, આ સર્વને લેખામાં ગણતા નથી, પણ જ્યારે માતા મરણ પામે, અને તેમની તરફ દિલસોજી કે પ્રેમ બતાવનાર બીજું કોઇ માણસ ન હોય ત્યારે જ માતાના પ્રેમની ખરી કિંમત તેઓને જણાય છે, અને માતાનું હેત સાંભરી આવે છે. તે વખતે તેઓ ગમે તેટલો પશ્ચાત્તાપ કરે, છતાં તેમણે માતા પ્રત્યે દર્શાવેલી બેદરકારીનો બદલો તેઓ વાળી શકે નહિ.

આવા કેટલાક અપવાદને બાદ કરતાં ઘણે ભાગે તે ઉચ્ચ સંબંધ હજુ પણ ટકી રહેલો છે, પણ તેને એક મ્હોટો ભય છે, તે તરફ આપણે જરા ચેતવણી રાખવાની છે; કારણ કે માતાઓ કેળવાયલી હોતી નથી અને તેથી પોતાના કેળવાયેલ પુત્રોની ઇચ્છાઓ અને તરંગો સાથે દિલસોજી દર્શાવી શકે નહિ. તેથી ભવિષ્યમાં પુત્રો પોતાની માતા તરફ હાલના જેવા ભક્તિભાવથી જોશે કે કેમ તે એક મ્હોટો પ્રશ્ન છે. આ પ્રશ્નને લીધે ઉત્પન્ન થતો ભય દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાને માટે એકજ સબળ ઉપાય છે, અને તે એ છે કે, સ્ત્રીઓ
અજ્ઞાનદશા દૂર કરવી અને તેમને વિશાળ દૃષ્ટિવાળી બનાવવી અ
આ સારૂ તેઓને નાનપણથી કેળવવાની–ભણાવવાની જરૂર છે.

પતિપત્નીનો સંબંધ.

હવે આપણે પતિપત્નીનો સંબંધ વિચારીશું. શું પૂર્વના સ
ચની ભાવના હાલ જણાય છે? પવિત્ર ધર્મગ્રંથોમાં વર્ણવેલ
ઉત્તમ સ્ત્રી પુરૂષના સંબંધનાં ચરિત્રો તમને હાલ દૃષ્ટિગોચર થા
છે? અહીંયાં પણ જવાબ ઘણે ભાગે નકારમાં આવશે. સ્ત્રી
પતિને દેવ તરીકે માનતી હતી, તે ભક્તિ હાલમાં જોવામાં આ
વતી નથી, અને બીજી બાજુ તપાસીએ તો પુરૂષોનો પ્રેમ પ
બહુજ જુજ પ્રમાણમાં દેખાય છે. જે પ્રેમ, દિલસોજી અને દય
પતિએ પત્ની તરફ બતાવવાં જોઇએ તે ઘણે ભાગે બતાવવા
આવતાં નથી. જે પ્રેમ પ્રેમપાત્રનું કલ્યાણ ઇચ્છે, તેવો પ્રેમ નજ
પડતો નથી. પણ આ સ્થળે કહેવું જરૂરનું છે કે જે પ્રેમ સ્ત્
ભક્તિ સ્ત્રીઓ પુરૂષ પ્રત્યે બતાવે છે અને પુરૂષોના સુખને વા
જે દુઃખ સહન કરે છે, તે પ્રેમ, ભક્તિ અને દુઃખનો બદલો પુ
તેટલા જ પ્રમાણમાં આપતા હોય એમ જણાતું નથી.

"સ્નેહમુદ્રા" યથાર્થ જણાવે છે કેઃ—

નરજાત સુખી હશે અહિં,
કદી ચ્હાલતી સ્વછંદથી;
પણ નારીને રોવા વિના,
નહીં કર્મમાં બીજું કંઈ.

ઘણી વાર પતિ એમ જણાવે છે કે, જો કે હું મારી સ્ત્રીને ચ્હ
છું, છતાં મારી સ્ત્રી મને પૂર્ણ પ્રેમથી ચ્હાતી નથી. આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્યનું પૃથક્કરણ કરીએ અને તેનો ખરો અર્થ તપાસીએ. ખરો પ્રેમ પ્રત્યુપકારની આશા રાખતો નથી. તે તો પ્રિય જનનું હિત કરવા જ સર્વદા મથે છે. પોતાનું પ્રેમપાત્ર તે પ્રેમનો બદલો વાળે કે નહિ તેની ખરો પ્રેમી આકાંક્ષા રાખતો નથી. પ્રેમ ગ્રહણ કરવાને નહિ પણ આપવાને આતુર હોય છે. ઉપરનું વાક્ય તો 'આપ લે' પ્રેમથી ઉદ્ભવેલું છે.

તે તમને ચ્હાય, માટે તમે તેને ચ્હાઓ, અને તે ચ્હાતી બંધ થાય, એટલે તમે તેને ચ્હાતા બંધ થાઓ, આ રીત ખરા પ્રેમની નથી. તે તો ઉચ્ચ પ્રકારની સ્વાર્થતા છે. આ રીતે તે વાક્યનું પૃથક્કરણ કરવામાં આવે તો, પોતે માની લીધેલો પ્રેમ ઉચ્ચ સ્વાર્થતારૂપ ઠરે છે, અને તેથી એકદમ ગભરાય છે, પણ અજ્ઞાનને દૂર કરવાનો પ્યાલો સર્વદા કડવો જ હોય છે, અને જો તે ભૂલ સુધારવી હોય તો તે પ્યાલો પીવો જ જોઇએ. માટે આ પ્રમાણે પોતાની ભૂલ સુધારીને તેણે ખરા અંતઃકરણથી પોતાની સ્ત્રી તરફ પ્રીતિ અને દિલસોજી રાખવી જોઇએ. અને જો ખરો પ્રેમ સ્ત્રીને પોતાના તરફ આકર્ષી ન શકે તો જગતમાં એવું બીજું કયું સાધન એક બીજાના હૃદયને આકર્ષવા સમર્થ થઈ શકે તેમ છે? પ્રેમથી જ એક બીજાનાં હૃદય આકર્ષાય છે. જો એક બીજાના હૃદયમાં ખરો પ્રેમ હશે તો વિચારોના ભેદ દૂર જતાં વાર લાગતી નથી. અને આ પ્રમાણે હૃદય અને મન અભિન્ન થાય તો તેના જેવું ઉત્તમ જોડું બીજું કયું આ જગતમાં હોઇ શકે? અને આ કારણથી જ સ્ત્રી-પુરૂષની-પતિપત્નીની મિત્રતા ઉત્તમ કહેલી છે. સ્ત્રી અને પુરૂષના ગુણો કેવા હોવા જોઇએ તે સંબંધની ઉચ્ચભાવના વિષે લખતાં વિદુષી મીસીઝ એની બીસેન્ટ લખે છે કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"The characteristies of an ideal wife are most perfect, most unbounded love, deepest reverence, a fidelity that knows no possibility of change, a courage that can hold to one against every opposing circumstances, a love that does not falter even under the uttermost strain, a strength that never wavers no matter how great the difficulty, how sore the trial. And the husband on his part should show unfailing tenderness, continual protection, power and will to guide and unfaltering love; and the union of the husband and wife having these characteristies might serve as an ideal of mariage."

" સંપૂર્ણ અને અપરિમિત પ્રેમ, ઉત્કૃષ્ટ પૂજ્યભાવ, બદલાય નહિ તેવી ભક્તિ, દરેક પ્રતિકૂળ સંજોગોમાં પણ એકને વળગી રહેનારૂં ધૈર્ય, ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ નહિ બદલાય તેવો પ્રેમ, અને અત્યંત વિકટ અને કસોટીના સમયમાં પણ ડગે નહિ તેવી હિંમત, આ સર્વ અનુપમ પતિવ્રતા સ્ત્રીનાં મુખ્ય લક્ષણો છે. પતિએ પણ સંપૂર્ણ માયાળુપણું બતાવવું જોઇએ, નિરંતર તેનું રક્ષણ કરવું જોઇએ, અને તેને દોરવાની ઇચ્છા અને શક્તિ પતિમાં હોવી જોઇએ, અને તેની સાથે ડગે નહિ તેવો પ્રેમ રાખવો જોઇએ. આવા સદ્‌ગુણોવાળાં પતિપત્નીનું લગ્ન થાય તો તે લગ્નની ઉચ્ચ ભાવના તરીકે લેખી શકાય. "

જો કે આવી ઉચ્ચ ભાવનાને વ્યવહારમાં મૂકવી એ કામ અતિ દુષ્કર છે, છતાં તે ઉચ્ચ ભાવના પ્રાપ્ત કરવાને કાંઇક પગલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરી શકાય. તેમાંનું પ્રથમ પગલું એ છે કે માણસે પ્રેમ અને કામ વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. કારણ કે ખરો પ્રેમ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રેમપાત્રનું કલ્યાણ ઈચ્છે છે, પણ સ્વાર્થને સાથ આપતો નથી. ખરા પ્રેમમાં સઘળું સહન કરવાનું સામર્થ્ય રહેલું છે. પાશવ કામ એક બાળકને ઉત્પન્ન કરી શકે તો દૈવીપ્રેમ માણસનો ઉદ્ધાર કરી શકે, તેમાં જરા પણ સંદેહ રાખવા જેવું નથી. કારણ કે જો ગૃહસ્થાશ્રમમાં પવિત્ર અને શુદ્ધ પ્રેમ સામ્રાજ્ય ભોગવતો હોય તો આપણો ગૃહસ્થાશ્રમ દેવતાઓને પણ આપણે ત્યાં જન્મ લેવાને આકર્ષી શકશે.

ગૃહસ્થાશ્રમમાં શિખવા યોગ્ય કેટલાક સદ્‌ગુણો.

ગૃહસ્થાશ્રમમાં માણસો ધારે તો અનેક પ્રકારના સદ્‌ગુણો શિખી શકે. કારણ કે, આ લેખનું મથાળું જ સૂચવે છે કે ગૃહસ્થાશ્રમ એ એક કેળવણીની શાળા છે. આ શાળામાં કયા કયા સદ્‌ગુણો શિખી શકાય અને તે કેવી રીતે, તે હવે આપણે વિચારીશું, તેમાં મુખ્ય સદ્‌ગુણો સ્વાર્થત્યાગ, જીતેંદ્રિયપણું, પ્રેમ, વાણી અને મનનો સંયમ, ક્ષમા વગેરે છે. આ ગુણોમાંથી એક પછી એક હવે આપણે વિચારવા માંડીશું.

સ્વાર્થનો ત્યાગ.

સ્વાર્થનો ત્યાગ ગૃહસ્થાશ્રમમાં રહીને માણસ કેવી રીતે શિખી શકે છે, તે ઉપર આપણું લક્ષ હવે આપણે દોરવીશું. એક સ્વાર્થી માણસ છે; તે પોતાના પંડના શિવાય બીજા કોઇનો વિચાર સરખો કરતો નથી. આપવું અથવા દાન કરવું તે શું, તે હજુ સમજતો નથી. તેવો માણસ પરણે છે, લગ્નસંબંધથી એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીને પોતાની પત્ની બનાવે છે. તે સ્વાર્થી માણસને પોતાની સ્ત્રીનું ગુજરાન ચલાવવું પડે છે. તેના વસ્ત્ર સારૂં કેટલુંક ખર્ચ કરવું પડે છે; તેટલે અંશે તે નિઃસ્વાર્થી થાય છે અને સ્વાર્થ-ત્યાગનો સદ્‌ગુણ તેનામાં ખીલે છે. આ રીતે ગૃહસ્થાશ્રમ તેને એક ઉમદા સદ્‌ગુણ કેળવવામાં સહાયભૂત થાય છે. લગ્નથી તે દંપતીને એક પુત્ર ઉત્પન્ન થાય છે. વળી વખત જતાં એક પુત્રીને તેની સ્ત્રી જન્મ આપે છે. આ પોતાનાં છોકરાંનું પોષણ કર્યા સિવાય ચાલે નહિ, તેમના ભરણપોષણ અર્થે તેને ધન ખરચવું પડે છે અને તે કામ તે કરે છે. આ રીતે તેની સ્વાર્થવૃત્તિ તટલા પ્રમાણમાં નાશ પામતી જાય છે. જો કે હજુ તે પોતાના આ ત્રણ સ્વજન સિવાય બીજાને સારૂ એક દમડી ખરચે તેમ નથી, તોપણ આ ત્રણ સ્વજનને સારૂ ખર્ચવાને તે પ્રેરાય છે તેટલે અંશે સ્વાર્થત્યાગનો સદ્‌ગુણ તેનામાં વૃદ્ધિ પામતો જાય છે. કારણ કે આ સ્વજનોને સુખમાં રાખવાને તેને પોતાનાં અંગત સુખનાં સાધનોનો ભોગ આપવો પડે છે. ધારો કે તે બજારમાંથી એક ફળ લાવે છે. તે જ્યારે એકલો હતો ત્યારે આખું ફળ પોતે જતે જ ખાઈ જતો, અને બીજાને કડકો સરખો પણ આપતો ન હતો; પણ હવે તે ફળના ચાર ભાગ પાડે છે, તેમાંથી ત્રણ ભાગ તે પોતાની પત્ની અને બે છોકરાંને ખેંચી આપે છે, અને ફક્ત એક જ ભાગ પોતાના સારૂ રાખે છે. આ રીતે તે ફળના ત્રણ કટકાનો પોતાના સ્વજન સારૂ ભોગ આપતાં શિખે છે. આ રીતે દરેક બાબતમાં તે સદ્‌ગુણ ખીલવતો જાય છે, અને વખત જતાં તેનું દયાનું ક્ષેત્ર વિશાળ અને વિશાળ થતું જાય છે. જો કે ઉપર જણાવેલું ફળનું દૃષ્ટાન્ત બહુ જ નજીવું છે, પણ તે ઉપર વિચાર કરીએ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહસ્થાશ્રમમાં સ્વાર્થત્યાગ શી રીતે શીખી શકાય, તેનો બરાબર ખ્યાલ આવી શકશે.

જિતેંદ્રિયપણું.

મનુષ્યમાં કામિકવાસનાનું પ્રાબલ્ય સૌ કરતાં વિશેષ પ્રમાણમાં માલૂમ પડે છે. તે વૃત્તિ યા વાસના એકદમ દાણી દેવાથી નાશ પામે તેવી નથી. માટે ગૃહસ્થાશ્રમમાં રહી માણસ ધીમે ધીમે તે વૃત્તિને નિયમમાં લાવવા પ્રયત્ન કરે છે અને તેમાં અંતે તે વિજય પણ પ્રાપ્ત કરે છે. કારણ કે એકદમ તે કામિકવાસનાને દાણી દેવી તે સામાન્ય મનુષ્યવર્ગને માટે અશક્ય કામ છે. અને જો તેવો પ્રયત્ન કરવામાં આવે તો ઘણીવાર આઘાત અને પ્રત્યાઘાતના નિયમ (Law of action & reaction) પ્રમાણે તે વૃત્તિ વિશેષ બળથી બીજા રૂપમાં સ્ફુરી નીકળે છે. અને માણસ હતો તે કરતાં વધારે વિષયી કે દુરાચારી બને છે. એક જ ફટાકાવડે તે વૃત્તિને મારી નાખી શકાય નહિ, પણ નિયમિતતા–જિતેંદ્રિયપણાનો મહાવરો પાડવાથી અને ગૃહસ્થાશ્રમમાં ધીમે ધીમે તેને સંયમમાં લાવવા પ્રયત્ન કરવાથી, અને હલકી વૃત્તિઓને ઉચ્ચ સ્વભાવ વડે વશ કરવાથી આ કામ થઇ શકે તેમ છે. તે ગૃહસ્થાશ્રમમાં રહીને વિષયસુખની ક્ષણિકતાનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. વળી તે સાથે વિષયસુખને લીધે થતી વીર્યહાનિ અને વીર્યહાનિને લીધે આવતી નિર્બળતાનો તેને ખ્યાલ આવે છે, અને આ રીતે તે કામિકવૃત્તિને નિયમિત માપમાં રાખતાં અને છેવટે સંપૂર્ણ વશ કરતાં શિખે છે. આ રીતે અનિયંત્રિત વિષયી પુરૂષ ગૃહસ્થાશ્રમદ્વારા જિતેંદ્રિયપણાનો ઉમદા પાઠ શિખે છે, અને આવો માણસ સંન્યાસને વાસ્તે પૂર્ણ રીતે લાયક થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ.

આ સદ્‌ગુણ ખીલવવાને ગૃહસ્થાશ્રમ જેવી બીજી એક પણ ઉત્તમ શાળા નથી. પ્રેમ તેના સંપૂર્ણ સ્વરૂપમાં ગૃહસ્થ ખીલવી શ છે. માનસિક શાસ્ત્રવેત્તાઓએ પ્રેમની વૃત્તિના ત્રણ વિભાગ પાડ છે. ઉચ્ચ પુરૂષો તરફના પ્રેમને તેઓ ભક્તિ અથવા પૂજ્યભાવ ક છે. સરખી લાયકાતના પુરૂષો તરફના પ્રેમને તેઓએ મૈત્રી અથ ભ્રાતૃભાવનું નામ આપેલું છે, અને આપણાથી હલકી પંક્તિ પુરૂષો તરફ જણાવવામાં આવતા પ્રેમને દયા–કરૂણા વગેરે ગુણો તેઓ ઓળખે છે. આ સર્વ સદ્‌ગુણો ખીલવવાનો પ્રસંગ ગૃહસ્થ શ્રમીને મળે છે. તે પોતાનાં પિતામાતા અને વડિલો તરફ પૂજ્ય ભાવ દર્શાવે છે, પોતાનાં ભાઈબહેનો તરફ તે મિત્રભાવ જણાવે પોતાની પત્ની તરફ પણ તેવો જ અપરિમિત પ્રેમ તે દાખવે અને પોતાનાં પુત્રપુત્રીઓ તથા કુટુંબના સકલ બાળવર્ગ પ્ર તેનો પ્રેમ, માયા કે કરૂણા રૂપે પ્રગટ થાય છે. આ રીતે સર્વ જુએથી પ્રેમ તેનામાં ખીલે છે. એક અમેરિકન લેખક જણાવે કે "પ્રેમ વગરનું જીવન તે જીવન છે જ નહિ, અથવા તેવું જી તે જીવતું મરણ છે." આપણે સર્વ પ્રેમ–પ્રેમ પોકારીએ, પ્રેમના ગુલાબ નીચે સ્વાર્થના કાંટા સંતાયેલા હોય છે, તેથી ખરા પ્રેમની સુગંધી આપણા હાથમાં આવતી નથી, ઉપર જણાવેલા ઉદ્દેશથી જ ગૃહસ્થાશ્રમનો પ્રારંભ થાય તો ઘણે અંશે પણ તે લાગણી ખીલ્યા શિવાય રહે નહિ.

વાણી અને મનનો સંયમ.

ગૃહસ્થાશ્રમીઓને આ ગુણની ખાસ જરૂર છે. કારણકે કુટુંબ સદ્ભાવ શાંત જાળવવાને અને યોગ્ય સુખ પ્રાપ્ત કરવાને મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સદ્‌ગુણ પ્રમાણે પોતાનું વર્તન રાખવું જોઈએ. એક અંગ્રેજ લેખક જણાવે છે કે ' આત્મસંયમ તે કુટુંબના સુખની પ્રથમ શરત છે. ' કુટુંબદ્વારા સુખની ઈચ્છા રાખનારે પોતાના હલકા સ્વભાવ ઉપર કાબુ રાખવો જોઇએ, કારણ કે હૃદયની કટુતા જ નહિ પણ હાસ્યમાં બોલાયલાં કટાક્ષનાં વચનો પણ ઝટ ઉશ્કેરાઈ જાય તેવા પુરૂષોનાં હૃદયને ઘાયલ કરે છે, અને આ રીતે કલેશનું બીજ રોપાય છે, જે વૃદ્ધિ પામી આખરે કુટુંબની સુલેહશાંતિનો અંત આણે છે. " કટાક્ષનાં વચનો " તત્વવેત્તા કાર્લાઈલના શબ્દોમાં કહીએ તો " સેતાનની ભાષા છે અને તે કારણથી જ લાંબા વખતથી તેનો ઉપયોગ કરવો મેં છોડી દીધો છે. "

" अनुद्वेगकरं सत्यं वाङ्मयं तप उच्यते "

બીજાને ઉદ્વેગ કરનારૂં ન હોય, અને સત્ય હોય તે વાકયને વાણીનું તપ કહેલો છે. ડાહ્યા પુરૂષોએ નમ્ર અને પ્રિય વચનોનો ઉચ્ચાર કરવો તેટલું જ નહિ પણ તે સાથે બાહ્ય દેખાવ પણ શાંત રાખવો જોઇએ. પણ જો લાગણી અંતરમાં હશે, તો ગમે ત્યારે તે બ્હાર પ્રકટી નીકળ્યા વિના રહેશે નહિ, માટે તે લાગણીને જ દાબી દેવી એ જ હિતકારી છે.

તે લાગણીનું મૂળ કારણ અભિમાન, ઈર્ષ્યા અને ઝટ ઉશ્કેરાઈ જાય તેવો સ્વભાવ હોય છે. એવા સ્વભાવવાળા ન બોલવાનું બોલી દે છે, અને ન કરવા યોગ્ય કામ, ઉશ્કેરાઈ જતાં કરી દે છે. તેવા પુરૂષો પણ કુટુંબના સુખને અર્થે પોતાના ઝટ ઉશ્કેરાઇ જાય તેવા સ્વભાવપર કાબુ રાખવાનું શિખે છે. આત્મસંયમ એ ઉત્તમ માણસનું એક ઉમદા લક્ષણ છે. માટે મનુષ્યે નજીવી બાબતમાં પોતાના મન ઉપરનો નિગ્રહ ખોવો નહિ, પણ મનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિ જાળવી રાખવી. સર વૉલ્ટર સ્કૉટનો દાખલો આ સંબંધમાં બહુ અનુકરણ કરવા યોગ્ય છે. તેનું જીવનચરિત્ર લખનાર જણાવે છે કે, દુનિયામાં પોતાને શિર પડેલા અસહ્ય ઘાતું વેર તે પોતાના કુટુંબીઓ ઉપર લેતો નહિ. પોતાના ધંધામાં ગમે તેવી મુશ્કેલીઓ તેને માથે આવી પડી હોય, છતાં જ્યારે તે ઘેર આવતો ત્યારે તદ્દન બદલાયલો તે જણાતો હતો. કુટુમ્બની શાંતિમાં વિઘ્નકારક સર્વ વસ્તુઓનો ભોગ આપવા તે જરા પણ ડરતો ન હતો. માટે કુટુમ્બમાં શાંતિની ઈચ્છા રાખનારે વાણીને મનના સંયમમાં રાખવાની જરૂર છે. તેમ જ તેવા પુરૂષે ચીડાઇ જઇને વદન કરવું નહિ, અને ક્રોધના વિચાર પણ હૃદયમાં રાખવા નહિ. કારણ કે એકત્ર થયેલી ક્રોધની શક્તિને કાર્ય રૂપે પરિણમતાં વાર લાગતી નથી.

ક્ષમા.

આ ગુણની પણ ગૃહસ્થાશ્રમમાં અતિશય જરૂર છે. કુટુમ્બના કોઈ માણસે આપણને એક કટુ વચન કહ્યું. હવે જો આપણે તે વચન સારૂ તેનાપર ક્રોધે ભરાઇએ અને ગમે તેવા શબ્દોમાં તેનો પ્રત્યુત્તર આપીએ તો તેનામાં દ્વેષની લાગણી વૃદ્ધિ પામે છે અને કલેશ કંકાસ થાય છે અને કુટુમ્બની શાંતનો અંત આવે છે. તમારા પુત્રે, દાખલા તરીકે, એક ચીનાઇ રકાબી રમતાં રમતાં ફોડી નાખી; તમે તેનાપર ક્રોધ કરો એ સ્વાભાવિક નિયમ છે. પણ તમારે તે સમયે ક્ષમા આપવી જોઇએ. તમે તેને શિક્ષા કરી શકો. પણ શિક્ષાથી તેના મનપર જે અસર થાય તેના કરતાં વિશેષ અસર તમે પ્રેમથી કરી શકશો. પ્રેમનું પ્રાબલ્ય કેટલું છે તેની અસર હજુ બહુ થોડા મનુષ્યોને જ છે. કેટલીક વાર બાહ્યસ્વરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધનું ધારણ કરવું પડે પણ હૃદયની શાંતિ તો અખંડિત જ રાખવી જોઇએ. " તમારે બાહ્યસ્વરૂપ સર્પનું રાખવું કે જેથી કોઇ તમને હેરાન કરી ન જાય. પણ તે સાથે તમારૂં હૃદય કબુતર જેવું નમ્ર રાખવું જોઇએ, કે જેથી કોઇને તમે વિના કારણ હેરાન ન કરો." ક્ષમાને કેટલાક નિર્બળતારૂપે ગણે છે, પણ સર્વ સ્થળે તેમ નથી. શિક્ષા કરવાની સત્તા છતાં તે ઉદાર હૃદયને લીધે, અને વધારે વિરોધ અટકાવવા હેતુથી ક્ષમા કરે છે. આ ક્ષમા કોઈ પણ રીતે દોષરૂપ નથી, તે તો મહાપુરૂષોનું એક પરમ લક્ષણ છે. અને તે સદ્‌ગુણ પણ ધીમે ધીમે ગૃહસ્થાશ્રમમાં ખીલતો જાય છે.

છેવટ.

આવી રીતે અનેક સદ્‌ગુણોને કેળવવાની શાળા ગૃહસ્થાશ્રમ છે. પણ આવો પરમ ઉદ્દેશ ધ્યાનમાં રાખી જે માણસ ગૃહસ્થાશ્રમ સેવે તો તે સદ્‌ગુણો સંપૂર્ણ રીતે ખીલી નીકળે. ઘણા મનુષ્યો કાંઇ પણ ખાસ ઉદ્દેશ વિના પોતાનું જીવન નિરર્થક વ્યતીત કરે છે. તેઓનું કાંઈ પણ સાધ્યબિંદુ હોતું નથી, કાંઇ પણ લક્ષ્ય સિદ્ધ કરવાને તેઓનો પ્રયાસ હોતો નથી. તેવા એક મનુષ્યના સંબંધમાં તેની કબર પર મુદ્રાલેખ લખાયેલો હતો તે વિચાર કરવા યોગ્ય છે.

" This is the tomb of John Mac bride,
He lived, married and died."

" આ જહોન મેક બ્રાઇડની કબર છે, તે જન્મ્યો, પરણ્યો અને મરણ પામ્યો. " જે મનુષ્યો આ જગત્‌માં જન્મીને જન્મ, લગ્ન અને મરણનાં ત્રણ અનિવાર્ય કર્તવ્ય સિવાય બીજું કાંઇ ઉપયોગી કાર્ય કરતા નથી અને પશુની માફક પોતાનો જન્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુમાવે છે, તેઓ આ જીંદગીરૂપી શાળામાંથી કાંઇ પણ ઉત્ત
શિક્ષણ ગ્રહણ કરી શકતા નથી, અને ફરીથી તેઓ જ્યારે જન્મે
છે ત્યારે ફરીથી એની એ ઘટ્ટમાળમાં રખડયા કરે છે. પણ જે
ગૃહસ્થાશ્રમની ઉચ્ચભાવનાનો તેમને ખ્યાલ આવે, અને તે માર્ગે
ચાલવાને જો તેઓ ઉત્સુક થાય તો આ સંસારરૂપી શાળામાંથી
કાંઇને કાંઇક બોધ તેઓ જરૂર ગ્રહણ કરવાને તેઓ લલચાય, તે
ટલા જ હેતુથી આ લેખ લખવાની પ્રવૃત્તિ થઇ છે, અને તેમાં જ
આ લેખની સાર્થકતા છે.

ગુપ્ત મદદગારો.

પ્રાચીન સમયથી લોકો માનતા આવ્યા છે કે, આ જગત
ગુપ્ત મદદગારો વસે છે. અસલના લોકોને તે બાબતપર સંપૂ
વિશ્વાસ હતો. દેવો મદદ કરે છે અથવા સહાય આપે છે, એ બા
તની માન્યતા પ્રથમ પૂરેપૂરી જામેલી હતી, પણ જ્યારથી પશ્ચિ
મના જડવાદના વિચારોનો વિશેષ ફેલાવો થવા લાગ્યો, અ
લોકોની નજર જગત્‌ની સૂક્ષ્મ બાબતો કરતાં, બહારની વસ્તુઓ
તરફ વિશેષ ખેંચાવા લાગી, અને લોકોમાં હૃદયની નિર્મળ
ઓછા પ્રમાણમાં જણાવા માંડી, ત્યારથી આવા મદદગારો
હયાતી વિષે લોકોના મનમાં સંશય પડવા લાગ્યા, અને લોકો
તે બાબતની શ્રદ્ધા દિન પ્રતિદિન ઘટવા લાગી. આ સ્થિતિ હ
એટલે સુધી પહોંચી છે કે કેટલાક મનુષ્યો એમ પણ કહેવા મ
પડયા છે કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દેવ ગયા ડુંગરે અને પીર ગયા મક્કે !"

દેવ ડુંગરપર નાશી ગયા અને પીર મક્કે ચાલ્યા ગયા, અર્થાત્ દેવો બધા અદૃશ્ય થઇ ગયા ! કેટલાક એમ પણ કહેવા લાગ્યા કે હાલ કળિયુગના સમયમાં દેવો અહીં આવી શકે જ નહિ!

પણ આમ કહેવું અથવા માનવું તે તદ્દન ભૂલભરેલું છે. દેવો અને ફીરસ્તાઓ તો તેના તે જ છે. પ્રથમની માફક હાલ પણ તેઓ પોતાનું પરોપકારનું કામ કર્યે જાય છે. લોકોને તેમની હયાતીમાં અવિશ્વાસ આવવાથી તેઓએ પોતાનું કામ કરવાનું છોડી દીધું નથી, પણ અસલની માફક ખુલ્લી રીતે કામ કરવાને બદલે મોટે ભાગે તેઓ છુપી રીતે અને શાંતિથી કામ કરે છે. આવા દેવો જગતના માનની કે કીર્તિની દરકાર કરતા નથી, તેથી તેમનું નામ અથવા કામ છુપું રહે તો તેની તેમને રતીમાત્ર પરવાહ નથી. તેઓ તો જે કામ કરતા આવ્યા છે તે કર્યે જાય છે. મારી ખાત્રી છે કે જેમ જેમ લોકોની વિશેષ શ્રદ્ધા થતી જશે, જેમ જેમ લોકો દેવોની હયાતીમાં અને તેમના પરોપકારી કાર્યમાં વિશ્વાસ રાખતા જશે, તેમ તેમ દેવો અસલની માફક લોકોની સાથે વધારે ને વધારે પરિચયમાં આવતા જશે અને ખુલ્લી રીતે પોતાનાં લોકોપયોગી કામો બજાવતા જશે.

ઉપર જણાવ્યા પ્રમાણે બધા ધર્મોવાળા આવા ગુપ્ત મદદગારોને માનતા આવ્યા છે. ધર્મશાસ્ત્રોમાં આપેલાં જૂના ચરિત્રો વાંચશો તો તમને જણાશે કે દેવો કે દેવીઓએ ઘણા પ્રસંગે મદદ કરેલી છે. હિંદુઓ તથા જૈનો તેમને 'દેવો' કહે છે, પારસીઓ અને મુસલમાનો તેમને 'ફીરસ્તા' તરીકે ઓળખાવે છે, અને યુરોપીયનો તેમને 'એન્જલ' અથવા દેવદૂત તરીકે જણાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ ગમે તે આપીએ, છતાં તેવા દૂતોની અવશ્ય હયાતી છે, અને તેઓ પોતાનું કામ કર્યે જાય છે; એ બાબત તો ચોક્કસ જ છે. આ કળિયુગના સમયમાં જ્યાં જડવાદ અથવા નાસ્તિકતા ચારે બાજુએ ફેલાયેલી છે, તેવા જમાનામાં પણ જો કોઇ પણ મનુષ્ય આ બાબત જાણવાની મહેનત કરે તો તેને ઘણાક દાખલાઓ ખુદ હમણાં પોતાની નજર આગળ બનતા માલૂમ પડયા વિના રહેશે નહિ. જે લોકો જગત્‌ના વ્યવહારનો અને તેમાં બનતા બનાવોનો બારીક અભ્યાસ કરે છે, તેઓ તો એવા અનુમાનપર આવ્યા વિના રહેશે નહિ કે આ સર્વ બનાવોમાં થોડે ઘણે અંશે દેવોનો હાથ રહેલો છે. આપણી અશ્રદ્ધાથી દેવો કે ફીરસ્તાઓ કામ કરતા અટકી ગયા નથી અને જશે પણ નહિ.

આ નાનકડા લેખમાં આવા કેટલાએક હાલમાં બનેલા બનાવો આપવાનું ધાર્યું છે, પણ તે દાખલાઓ અહીં ટાંકવામાં આવે તે પહેલાં આ સંબંધમાં ઉપજતી કેટલીક શંકાઓ દૂર કરવી એ વધારે યોગ્ય અને વાજબી ગણાશે.

પ્રથમ શંકા એ થાય છે કે, જો દેવો મદદ કરતા હોય તો તેઓએ બધાને મદદ કરવી જોઇએ. જો થોડાને મદદ કરે અને થોડાને ન કરે તો તેઓ પક્ષપાતી ગણાય. અને જો દેવો પક્ષપાતી હોય તો જગત્‌માં ન્યાય કયાં રહ્યો ?

આ શંકા વાજબી છે, પણ તે ગેરસમજથી ઉઠેલી છે. નીચેનો ખુલાસો વાંચવાથી તે શંકા જરૂર દૂર થઇ જશે. દેવો મદદ કરે છે એ વાત સૌ સત્ય જ છે, પણ જેઓ તે મદદને લાયક હોય અથવા પોતાનાં પૂર્વકર્મોને લીધે તેમની મદદ મેળવવાને જેઓ યોગ્ય હોય તેમને જરૂર તેઓ મદદ કરે છે. તમે જો સારાં કામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યા હોય છે તો દેવો તમને સહાય આપે છે. આ ભવમાં પણ જો તમે સારાં કામો કરો, તો તેના બદલારૂપે દેવો જરૂર તમને મદદ આપશે. જે મનુષ્ય જેટલાને લાયક હોય છે, તેટલું તેને તેઓ આપે છે. તમારે વધારે જોઈતું હોય તો વધારે મેળવવાને લાયક બનો. એક અંગ્રેજી કહેવત જણાવે છે કે "કોઇ પણ વસ્તુની ઈચ્છા કરો, તે પહેલાં તે મેળવવાને લાયક બનો."* માત્ર પૂર્વ ભવનાં જ સારાં કૃત્યથી દેવોનું ધ્યાન તમારા તરફ ખેંચાય છે, એમ નથી; પણ હાલ પણ જો તમે સારાં કૃત્યો કરતા રહો, અથવા તો દેવોની પ્રાર્થના કે બંદગી કરો અને તેમનાપર સંપૂર્ણ શ્રદ્ધા રાખો તો જરૂર તમારી પ્રાર્થનાથી તેઓનું ધ્યાન તમારા તરફ ખેંચાશે, અને તમને યોગ્ય મદદ મળશે. તમારી પ્રાર્થના તમારાં કર્મોને તોડી નાખે છે, અને દેવો તમને સહાયભૂત થાય છે. જો તમારૂં 'કર્મ' બહુ જોરાવર હોય તો વિશેષ પ્રાર્થનાની જરૂર પડે છે. દેવોને કોઈ ઉપર પક્ષપાત નથી. પણ તેઓ તો કર્મના મહાન્ નિયમોને અમલમાં મૂકનાર દિવ્ય શક્તિઓ છે.+

---

* Deserve before you desire.

+ બધા મનુષ્યોએ દેવોની મદદ ઇચ્છવી જોઇએ એમ પણ કાંઇ નથી. જેઓ મહાત્માઓ છે તેઓ પોતાના આત્મોત્ક્રાન્તિના કામમાં આગળ વધ્યા કરવામાં જ સર્વ લક્ષ આપીને સંતોષ માને છે. તેમની "મદદમાં" નહિ પણ તેમની 'સેવામાં' દેવો હમેશ તૈયાર રહે છે. દેવોની બાબતમાં કાંઇ શક લઇ જવા પહેલાં ઘણી બાબતો લક્ષમાં લેવાની છે. સર્વ દેવો એક સરખા નથી હોતા, તેમાં અનેક 'ગ્રેડ' અથવા વર્ગ છે, અને તેમનાં જ્ઞાન–શક્તિ પણ એક સરખાં નથી હોતાં, એટલું યાદ રાખવાથી કેટલીક શંકાઓ દૂર થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી શંકા એ ઉભી થાય છે કે જો દેવો મદદ કરતા હોય તો શા સારૂ તેઓ આપણી નજરે પડતા નથી? માટે દેવો છે જ નહિ.

આમ કહેવું એ પણ ભૂલ ભરેલું છે. અહીં એક અગત્યની બાબત એ સમજવાની છે કે જ્યાં સુધી આ જગતનો કોઈ પણ મનુષ્ય અમુક કામ કરવાને મળી આવે છે ત્યાં સુધી તેઓ તેની મારફતે કામ કરે છે, અને કર્મના નિયમોની ગોઠવણ પ્રમાણે ઘણીવાર તો કોઇને કોઇ મનુષ્ય મળી આવે છે, એટલે તેના દ્વારા તેઓ તે કામ કરે છે; પણ જો કોઇ પણ મનુષ્ય ન મળી આવે, અને છતાં કોઇ મનુષ્યને મદદની જરૂર હોય અને તે મેળવવાને તે યોગ્ય હોય તો તેઓ પ્રસંગને અનુસરતું રૂપ ધારણ કરી આવે છે, અમુક કાર્ય કરે છે, અને પાછા ચાલ્યા જાય છે.

આ વિષયને અંતે જણાવેલા દૃષ્ટાન્ત ઉપરથી આપણને જણાય છે, કે 'દેવો' અને 'ભૂદેવો' આ જગતને મદદ કરવાના કામમાં પોતાની શક્તિના પ્રમાણમાં ભાગ લે છે. આપણે પણ જો ભૂદેવ થવું હોય, પૃથ્વીપર વસવા છતાં દેવ જેવું બીજાઓને મદદ કરવાનું ઉત્તમ અને પવિત્ર કામ કરવું હોય તો આપણામાં કયા સદ્‌ગુણો જોઇએ તે બાબત હવે આપણે વિચારીશું. આ સંબંધમાં આ બાબતના અતિ અનુભવી એક ગુપ્ત મદદગાર અથવા ભૂ–દેવના શબ્દોનો જ ઉતારો આપવો એ મને વધારે ઉચિત લાગે છે. તે પૂજ્ય ભૂ–દેવ જણાવે છે કેઃ—

જે ગુપ્ત મદદગાર થવાની ઇચ્છા રાખે તેનામાં કેવા સદ્‌ગુણો હોવા જોઇએ, તે વિષે કાંઇ છુપું નથી. કયા સદ્‌ગુણો આ કામ માટે જરૂરના છે, તે જાણવું મુશ્કેલ નથી, પણ તે ગુણો આપણામાં પુરેપુરા ખીલવવાનું કામ તો બલબત મુશ્કેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. પવિત્ર મન, મનની એકાગ્રતા અથવા મનની એક જ વિષયપર સંપૂર્ણ આસ્થા.

પ્રથમ તો મહાત્માઓ અથવા મહાન્ દેવો અથવા આપણા ઇષ્ટદેવ જેથી પ્રસન્ન થાય એવું, આપણાથી બની શકે એવું મોટું કામ આપણે શોધી કાઢવું. અને જગતનાં સર્વ કામો કરવા છતાં આપણા હૃદય આગળથી એ મોટું કામ–એ મોટી ઉચ્ચભાવના–જરા પણ દૂર ન થાય એમ કાળજી રાખવી. તે કામને જ મુખ્ય ગણીને આપણે અંતઃકરણપૂર્વક આપણું સર્વસ્વ તે કામ પાછળ જ લગાડવું. આપણે, પ્રથમ તો, ઉપયોગી અને નિરુપયોગી કામો વચ્ચેનો તફાવત જોતાં શિખવું. એટલું જ નહિ, પણ ઉપયોગી કામોમાં પણ આપણાથી બની શકે એવું ઉત્તમમાં ઉત્તમ કામ પસંદ કરવું. કોઈ નજીવું ભલું કામ જે બીજા મનુષ્યથી સહેલાઇથી થઇ શકે, અને બીજો મનુષ્ય જેથી પુણ્ય મેળવી શકે, તેવા ઉતરતા કામમાં આપણો સમય આપણે ગુમાવવો નહિ. પણ આપણા જ્ઞાન અને શક્તિના પ્રમાણમાં કોઇ ચઢતા પ્રકારનું જ કામ બજાવવાનું માથે લેવું. જે મનુષ્ય આવો ગુપ્ત મદદગાર થવાની ઇચ્છા રાખે છે, તેણે બ્રહ્મજ્ઞાન અથવા આત્મજ્ઞાનને માટે આ સ્થૂળ ભુવન ઉપર તેનાથી બની શકે એવું ઉત્તમમાં ઉત્તમ કામ હાથમાં લેઈ તે બજાવવાનો પ્રારંભ કરવો જોઇએ.

આ સ્થળે મારે ચેતવણી રૂપે જણાવવું જોઇએ કે, આપણે માથે લીધેલી સાંસારિક ફરજો નાખી દેવી એમ હું કહેવા માગતો નથી. આપણા સંજોગોને લેઈ આવી પડેલી સાંસારિક ફરજો જરૂર અદા કરવી, પણ કોઈ પણ પ્રકારની નવી સાંસારિક જોખમદારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથે લેવી એ ડહાપણ ભરેલું નથી. જે કાંઇ ફરજો કર્મના નિયમ પ્રમાણે આપણે માથે આવી પડી હોય, તે અવશ્ય બજાવવી. તે છોડી દેવાનો આપણને હક નથી. આપણી સ્ત્રી અથવા તો આપણી સંતાત અથવા તો ઘરડાં માબાપને નિરાધાર સ્થિતિમાં રખડતાં મૂકી સંન્યાસી થઇ જવાનો આપણને હક નથી. જ્યાં સુધી કર્મ પ્રમાણે જે સંજોગોમાં આપણે મૂકાયેલા હોઇએ, તે સંજોગોને લગતી ફરજો આપણે અદા ન કરીએ, ત્યાં સુધી આપણે ઉત્તમ પ્રકારનાં કામો કરવાને કદાપિ લાયક બની શકીશું નહિ. પણ ઉચ્ચ કામ કરવાની ઉત્તમ ભાવના હૃદય આગળ દરેક પળે રાખી આપણી ફરજો બજાવવી જોઇએ, અને આપણે જે જે કામ કરીએ તે તે આપણે કૃપાળુ મહાત્માઓના ચરણકમળમાં અર્પણ કરવું જોઇએ.

૨. સંપૂર્ણ આત્મસંયમ–પોતાની જાતપર કાબુ.

સૂક્ષ્મ–ગુપ્ત શક્તિઓ આપણને મળે તે અગાઉ આપણી ઇંદ્રિઓ ઉપર સંપૂર્ણ કાબુ મેળવવો જોઇએ. આપણા સ્વભાવ અથવા લાગણીઓ ઉપર એટલો કાબુ મેળવવાની જરૂર છે કે આપણે જે જોઇએ અથવા સાંભળીએ, તેથી આપણને જરા પણ ગભરામણ કે સંક્ષોભ ઉત્પન્ન થાય નહિ. કારણ કે આવા સંક્ષોભથી આ જગત્ કરતાં સૂક્ષ્મ ભુવનોમાં વધારે ભય ભરેલો ગભરાટ થાય છે. વિચારબળ એ આખા જગત્માં બધાં બળો કરતાં વધારે મોટું બળ છે. પણ અહીં આ જગત્માં આ સ્થૂળ મગજને લીધે તે બળ બરાબર પ્રકટ થઇ શકતું નથી, પણ સૂક્ષ્મ ભુવનોમાં તે વિચારબળ ઘણું જ છુટું હોવાને લીધે હદ વગરનું હોય છે. જેની શક્તિઓ ખીલેલી છે, તેવો મનુષ્ય જો સૂક્ષ્મભુવન પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા કોઈ મનુષ્ય પર ક્રોધ કરે તો તે મનુષ્યને તે ઘણીવાર ગંભીર અથવા તો પ્રાણઘાતક નુકસાન કરે છે, એટલે કે મનુષ્યનું મરણ પણ થાય છે. આપણા જ્ઞાનતંતુઓ (Nerves) ઉપર આપણો એટલો બધો કાબુ હોવો જોઈએ કે જેથી કરીને સૂક્ષ્મ ભુવન ઉપર જો કાંઇ આપણે એકાદ કલ્પિત કે ભય ભરેલો દેખાવ જોઇએ તો તેથી ડરીએ નહિ અને તેની સામે પુરતી હિમ્મતથી ટટાર ઉભા રહી શકીએ. આ સંબંધમાં એટલું ખુશ થવા જેવું છે કે જ્યારે કોઇ પણ ગુરૂ અથવા મહાત્મા કોઈ પણ મનુષ્યને સૂક્ષ્મ ભુવન પર પ્રથમ જાગ્રત કરે છે, ત્યારે તે મનુષ્યનાં તે ભુવન પરનાં કામ માટે અને સલામતી માટે તે ગુરૂ અથવા મહાત્મા પોતાને માથે જોખમદારી લે છે. માટે જો નવા શિખાઉમાં એકલા રહી સૂક્ષ્મભુવનમાં કામ કરવાની હિમ્મત ન આવી હોય તો તેના મદદ કરનારને તેની સલામતી માટે હમેશાં તેની પાછળ પાછળ ભમવું પડે, અને આમ કરવાને માટે તે ગુરૂને પોતાના અમૂલ્ય સમયનો મોટો ભોગ આપવો પડે; માટે જ્યારે ચેલામાં ઘણે અંશે હિમ્મતનો ગુણ ખીલ્યો હોય છે, ત્યારે જ તેને સૂક્ષ્મભુવન પર જગાડવામાં આવે છે. શિખાઉની હિમ્મતની ખાતરી કરવાને માટે અને તેને તે કામમાં લાયક બનાવવાને માટે અસલના સમયની માફક હાલમાં પણ પૃથ્વી, પાણી, હવા અને અગ્નિની કસોટીઓમાંથી તેને પસાર થવું પડે છે. બીજી રીતે કહીએ તો આ નવા શિખાઉને શબ્દોથી નહિ પણ ખાસ અનુભવથી ખાત્રી કરવી પડે છે કે અગ્નિ તેના સૂક્ષ્મ શરીરને બાળી શકશે નહિ, પાણી તેને ડુબાડી શકશે નહિ, પાણી તેને ભીંજવી શકશે નહિ, અને પર્વત તેના માર્ગમાં વિઘ્નરૂપ થશે નહિ. જ્યારે આપણે આ સ્થૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરમાં જોઇએ છીએ, ત્યારે આપણને એવું માનવાની મજબુત ટેવ પડી ગએલી હોય છે કે અગ્નિથી આપણે બળીએ છીએ, પાણીમાં ડુબી મરીએ છીએ, નક્કર પદાર્થમાંથી આપણાથી પસાર થઇ શકાતું નથી, અને આસપાસની ખુલ્લી હવાની વચમાં આપણાથી અધર રહેવાતું નથી. આ વિચાર એટલો બધો હૃદયમાં સજ્જડ ચોટી ગયેલો હોય છે કે સૂક્ષ્મ શરીર આ સઘળી અડચણોથી મુક્ત છે, એવી ખાત્રી તેમને મહા મહેનતે અને બહુ વ-અતે થાય છે. તેઓને એકદમ ખાત્રી થતી નથી કે આ સૂક્ષ્મ શ-રીર ગમે એવા મ્હોટા પર્વતો કે ખડકોની વચ્ચેથી કે જમીનના નીચલા ભાગમાં અડચણ વગેરે સહેલાઈથી પસાર થઇ શકે છે, તે શરીર પર્વતોની ગમે તેવી ઉંચી ટોચો પરથી વગર હરકતે નીચે કુદકા મારી શકે છે, પુરતા વિશ્વાસથી અને સહેજ પણ ભય વિ-ના જ્વાળામુખી પર્વતોના મુખમાં પેસી શકે છે, તેમ જ મહાસાગ-રના અથાગ અને ઉંડા જળને તળીએ સહેલાઈથી અને વગર હર-કતે જઈ શકે છે.

તોપણ એક માણસ જ્યાં સુધી સારી પેઠે જાણે નહિ— જાણે એટલું જ નહિ પણ તે પ્રમાણે પોતાના જ્ઞાન અને અનુભ-વથી કામ કરવાને તે લાયક બને નહિ ત્યાં સુધી, તેવો મનુષ્ય સૂક્ષ્મ ભુવન ઉપર કામ કરવાને ઘણોખરો નાલાયક છે; કારણ કે અગત્યના પ્રસંગે, જે પ્રસંગો ઘણીવાર આવે છે તેવે પ્રસંગે—કોઈ પણ કાર્યમાં બેધડક આગળ વધતાં તે અચકી જાય અથવા બીકથી પાછો હઠે, અને આ સ્થૂલ શરીરના સંબંધથી મનમાં દાખલ થયે-લી બીકથી ચાહોમ કરીને પોતાનું શરીર ઝીપલાવતાં ડરી જાય. આમ ન થવું જોઇએ, તેટલા જ માટે સૂક્ષ્મભુવન ઉપર કામ કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની ઇચ્છાવાળા અભ્યાસીને સઘળી કસોટીઓમાંથી અને તરેહવાર અનુભવમાંથી પસાર થવું પડે છે. આ રીતે તે ધીમે ધીમે શિખે છે—જ્ઞાન મેળવે છે. ઘણા જ ભય ભરેલા અને ત્રાસ ઉપજાવે તેવા દેખાવો અને કમકમાટ ઉપજાવે તેવા સંજોગો સામે તેને શાંતિથી અને હિમ્મતથી કામ કરવાનું હોય છે, અને જ્યારે ગુરૂની સંપૂર્ણ ખાત્રી થાય છે કે ગમે તેવા અણગમતા અને ત્રાસદાયક બનાવો કે દેખાવો વચ્ચે પણ પોતાનો શિષ્ય ગભરાશે નહિ પણ હિમ્મત રાખી શકશે, અને ફરમાવેલું કામ કરી શકશે, ત્યારે જ આ સૂક્ષ્મભુવન ઉપર તે નવા શિખાઉને તેનું કાર્ય કરવા ગુરૂ તરફથી એકલો છૂટો મુકવામાં આવે છે.

આ સાથે આપણાં મન અને લાગણીઓ ઉપર પણ કાબુ મેળવવાની જરૂર છે. જેનું મન વશ નથી, જેનું મન એકાગ્ર નથી, તે કદાપિ બીજાને મદદ કરવાને લાયક બની શકશે નહિ. અનેક પ્રકારનાં ખેંચાણકારક પ્રસંગો અને ભયકારક બનાવો વચ્ચે તેને કામ કરવાનું હોય છે. જો હવે તે પોતાના મનને એકાગ્ર બનાવતાં ન શીખ્યો હોય તો તે મનુષ્ય કાંઈ પણ સારૂં કામ ધાર્યા પ્રમાણે કરી શકશે નહિ. ભટકતા મનવાળો મનુષ્ય આ ભુવન તેમ જ સૂક્ષ્મભુવન ઉપર નકામો છે.

ઇચ્છાઓને કાબુમાં રાખવાનો હેતુ એ છે કે સૂક્ષ્મભુવનમાં મનુષ્ય જેની ઇચ્છા કરે છે તે પોતાની નજર આગળ જુએ છે. ત્યાં કોઈ પણ ચીજ મેળવવાને માટે 'ઇચ્છા'જ પુરતી છે. હવે જો આપણી ઇચ્છાઓ હલકી હોય તો હલકા પદાર્થો આપણી નજર આગળ આવી ઉભા રહેશે; આથી આપણે તેમાં લોભાઇ જઇશું અને બીજાઓને સહાય કરવાનું કામ થઇ શકશે નહિ. જો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયે આપણા ગુરૂદેવ આપણી પાસે હોય તો તે વખતે આ
ણને ભારે લજ્જા ઉત્પન્ન થાય છે. માટે આ કામના અભ્યાસીએ
હલકી ઇચ્છાઓ ઉપર પૂર્ણ કાબુ મેળવવો જોઇએ.

૩. શાંતિ–આ ગુણની આ માર્ગના અભ્યાસીમાં ખાસ જ
છે. ચિંતા, ઉદાસી, ઉદ્વેગ, શોક વગેરે બિલકુલ અસર ન કરી
શકે તેવી મનની શાંતિ જાળવવાની ઘણી જરૂર છે. ગુપ્ત મદદગાર
થવા ઇચ્છનારે જે કામ કરવાનાં છે, તેમાંનું મુખ્ય લોકોને શાંતિ
આપવાનું, લોકોની દિલગીરી, ઉદાસી અને ફિકર દૂર કરવાનું છે
પણ મદદ કરનારનું પોતાનું જ મન બીજવાટ, ઉશ્કેરણી, ચિંતા
શોક વગેરેથી ભરપૂર હોય તો તે બીજાને શું મદદ કરી શકે
જે પોતે બંધાયેલો હોય તે બીજાને શી રીતે મુક્ત કરી શકે? આ
વીસમી સદીની કાંઇક જૂદા જ પ્રકારની ધાંધલ, ધોંધાટ, નજીવી
બાબતો માટે લાંબી લાંબી ચર્ચાઓ, અને 'કાગનો વાઘ' અથવા
તો 'રજનું ગજ' બનાવવાની ટેવ–આ સર્વ ગુપ્ત જ્ઞાનના વધારાને
માટે ઘણું જ નુકસાનકારક છે. આપણામાંના ઘણાખરા પુરૂષો એ
નજીવી બાબતને મોટું રૂપ આપવાનો ખ્યાલ કરીએ છીએ, અને
નકામી બાબતને ગંભીર જેવી ગણીને ચિંતાતુર થવામાં અમૂલ્ય
સમય ગુમાવીએ છીએ, અને આથી શાંતિ આપણાથી હજારો
ગાઉ દૂર ભાગે છે.

જેઓ બ્રહ્મવિદ્યાના ભક્ત છે, તેઓએ તો મૂર્ખાઈ ભરેલો
સંક્ષોભ અને વગર કારણની નકામી ચિંતા યા ઉદાસીને પોતાના
દિલમાંથી દૂર કરવી જોઇએ. જેઓ આખા વિશ્વનું જ્ઞાન મેળવવાને
આતુર છે, તેઓએ તો મન સાથે દૃઢ નિશ્ચય કરવો જોઇએ કે
'જે કાંઈ બને છે, તે ભલાને માટે જ થાય છે.' આ વિચાર બ્રહ્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ાનને મળતો છે, અને તેટલા માટે ઈશ્વરી છે; એમ ચોકસ મા·
ું. કારણ કે દરેક મનુષ્યમાં જે કાંઈ સારૂં અને પવિત્ર તત્વ છે
ી જ સ્થાયી છે, અને જે કાંઇ અશુભ કે અપવિત્ર જણાય તે થોડા
ખતનું છે. બ્રાઉનીંગ નામના કવિએ બરોબર કહ્યું છે કે "બુરૂં
ી કાંઇ જ નથી, તેની હયાતી જ નથી. પણ તે અશુભની પેલી પાર
દિવ્ય હયાતીમાં સઘળું શાંત, આનંદથી અને સૂક્ષ્મ આશીર્વાદોથી
ભરપુર છે." આ કારણથી જ આ બાબતના જાણકાર મહાત્માઓ,
પવિત્ર પુરૂષો અને જગહુદ્ધારકો સદા શાંત સ્વભાવ રાખે છે. તેઓ
જાણે છે કે આખરે સઘળું ઠીક અને સારૂં જ થશે; તેથી તેવા જ્ઞાન
ને લીધે તેઓ શાંતિ સાથે આનંદ પણ મેળવી શકે છે. આ કારણ-
થી જેઓને મહાત્મા પુરૂષોને પગલે ચાલવું હોય તેઓએ ચિંતા,
ોક અથવા ઉદ્વેગ વગરની સ્થિતિમાં રહેવાની ટેવ પાડવી જોઇએ.

૪. જ્ઞાન—મનુષ્યને જે ભુવન ઉપર કામ કરવાનું છે, તે ભુવ-
નને લગતું જ્ઞાન તેણે મેળવવું જોઇએ. આ બાબતનું જ્ઞાન જેમ
મનુષ્યને વધારે હોય તેમ તે વધારે ઉપયોગી બની શકે. આ કામને
માટે લાયક થવાને ગુપ્તજ્ઞાન અને અધ્યાત્મને લગતાં પુસ્તકોમાં
જે કાંઇ માહિતીઓ પ્રકટ થયેલી છે તે સઘળું સંભાળથી વાંચી
વિચારી મનન કરવું જોઇએ. જેઓને વધારે ઉપયોગી કામ કર-
વાનું હોય, તેઓને વારે ઘડીએ પૂછી તેઓનો અમૂલ્ય વખત લેવો
જોઇએ નહિ. પણ અત્યાર અગાઉ પુસ્તકોમાં જે કાંઇ પ્રગટ થયું
હોય તે જાતે વાંચીને અભ્યાસ કરવો જોઇએ. જે કોઈ અભ્યાસી
આવાં પુસ્તકો વાંચી, તેને લગતું જ્ઞાન મેળવવા ઉદ્યમ કરતો નથી,
તેણે કદાપિ સૂક્ષ્મભુવનમાં પરોપકારને લગતાં કામો કરવાની
આશા રાખવી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. પ્રેમ—સૌથી છેલ્લો પણ સૌથી વધારે અગત્યનો પ્રેમનો છે. આ સ્થળે મારે ભારે ભાર દેઈને જણાવવું જોઇએ આ પ્રેમ તે ફક્ત શબ્દોમાં દર્શાવાતો, અથવા સંજોગો બદલા બદલાતો, કાંઇક ક્ષણિક જુસ્સો નથી. તેમ જ સત્યને ખાતર હિં તથી ઉલું રહેવાની જેનામાં તાકાદ નથી, તેમ જ જે લા લાગણીરૂપે જ રહે છે પણ કદાપિ કાર્યના રૂપમાં બદલાતી ન તે લાગણી પણ પ્રેમના નામને યોગ્ય નથી. તેવા પ્રેમથી કાંઇ મહત્ત્વનું કાર્ય બજાવી શકાય નહિ. ખરો પ્રેમ અથવા સાચી પ્રી તો તેને જ કહી શકાય કે જેમાં ખોટો ડોળ હોય જ નહિ તેમ બડાઈ પણ હોય નહિ અને જે વખત આવ્યે ચુપચુપ પરોપ રનું કામ કરવાને મનુષ્યને પ્રેરે છે. આવા પ્રેમવાળો મનુષ્ય હં બીજાનું ભલું કરવાના પ્રસંગ શોધતો જ હોય છે, અને દરેક પ્રસં કોઇને પણ જણાવ્યા સિવાય તે તેના સંબંધમાં આવતા હ પુરૂષનું કલ્યાણ કરે છે. મનુષ્યને ધીમે ધીએ માલૂમ પડતું કે પરમકૃપાળુ મહાત્માઓ સાથે એક થઈ, તેમના એક ગર્ દાસ બની, તેમને કરવાનાં અનેક પરોપકારોનો બને તેટલો બો પોતે ઉપાડી લેવો એ એક પરિશ્રમ નહિ પણ આનંદનું કામ તો તેવા મનુષ્યને ખરેખર ભાગ્યશાળી માનવો.

આ'વો પ્રેમ ! આ'વી પ્રીતિ ! આ'વી દયા ! ખરેખર તે ઉ ઓત્તમ ગુણ છે. એ પ્રેમ હદવગરનો હોય છે અને દુનિયા કોઈ પણ પ્રેમની સાથે તે સરખાવી શકાય તેમ નથી.

ઉપર જણાવેલા સદ્‌ગુણો ખીલવવાને 'ગુપ્ત મદદગાર' ક ઇચ્છનારે સતત અને ચાલુ કોશીશ કરવી જોઇએ, અને કોઈ પણ મહાત્મા અથવા મહાત્માનો શિષ્ય સૂક્ષ્મભુવન ઉપર પરોપકારી ક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાને જગાડે તે પહેલાં, આમાંના બધા ગુણો થોડે ઘણે અંશે તેનામાં ખીલેલા હોવા જોઇએ. આ સ્થિતિ બહુ ઉચ્ચ છે અને તેટલા જ વાસ્તે પ્રાપ્ત કરવી એ મુશ્કેલ છે. તે છતાં કોઇએ પણ આ કામમાં નાસીપાસ થવું જોઇએ નહિ, અથવા તો તે મૂકી દેવું જોઇએ નહિ; તેણે જાણવું જોઇએ કે તે નિરંતર સંપૂર્ણ ભાન સાથે સૂક્ષ્મ ભુવન ઉપર ભય અથવા જોખમ વિના કામ કરવાને સમર્થ નથી છતાં હમણાં પણ જ્યારે તે તેવી હાલત મેળવવાને બંત રાખે છે, ત્યારે પોતાની શક્તિના પ્રમાણમાં સૂક્ષ્મભુવન ઉપર જોખમ અને જવાબદારી વગરનું કેટલુંક કામ તે બજાવી શકશે.

જ્યારે રાત્રે આપણે ઉંઘીએ છીએ, ત્યારે આપણા શરીરમાંથી બ્હાર નીકળી દૂર જઇએ છીએ, તે વખતે આપણામાંનો કોઈ પણ મનુષ્ય કાંઇ પણ દયાળુ કે ભલું કામ કરી શકતો નથી, એમ નથી. મનુષ્ય જો ઈચ્છા કરે, તો ઉંઘમાં પણ કેટલુંક પરોપકારી કામ કરી શકે છે. ઉંઘમાં આપણે ઘણે ભાગે એક વિચારમાં તલ્લીન અથવા ગરક થઇએ છીએ. આપણા દિવસની જાગ્રત સ્થિતિમાં જે વિચાર મુખ્ય હોય, તે વિચારમાં ઘણે ભાગે આપણે ઉંઘમાં રોકાઇએ છીએ. તેમાં મુખ્ય કરીને સૂતી વખતે આપણે જે છેલ્લો વિચાર કર્યો હોય છે, તે વિચાર ઉંઘમાં ઘણે ભાગે પોષાય છે. આપણો કોઇ પ્રિય મિત્ર, અથવા સગું બ્હાલું, અથવા તો કોઈ પણ મનુષ્ય જેને આપણે મદદ કરવા ઇચ્છતા હોઇએ, તે મનુષ્યને સઘળી રીતે મદદ કરવાનો વિચાર કરી, તેના તે જ વિચારનું રટન કરતાં આપણે ઉંઘવું જોઇએ. આનું પરિણામ એ જરૂર આવશે કે જેને તમે મદદ કરવા માગતા હો, તેને જરૂર મદદ મળશે. તે હજારો માઇલ દૂર હોય તોપણ અવશ્ય તમે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદદ કરી શકો છો. મદદ કરતી વખતે મદદ કરનારનું સૂક્ષ્મ શરીર મદદ લેનારની બાજુએ ભમતું ઘણી વાર મદદ લેનારના જોવામાં આવે છે. આવા ઘણા દાખલા નોંધાયેલા છે.

કોઇએ પણ નાઉમેદ થઈ એમ ન ધારવું કે આવા ભલા કામમાં તે કાંઈ પણ ભાગ લેઇ શકે નહિ. આમ વિચારવું એ ભૂલ ભરેલું છે. કારણ કે જે મનુષ્ય વિચાર કરી શકે છે, તે બીજાને મદદ પણ કરી શકે. આવું પરમાર્થી યાને પરોપકારી કામ ઉંઘતી વખતે કરવું એમ પણ નથી. કોઈ પણ વખતે દિવસે કે રાત્રે જ્યારે તમને માલૂમ પડે કે તમારો કોઈ સગો કે દોસ્ત માંદો છે, કે દુઃખ કે સંતાપમાં છે, અને તમે તેને મદદ કરવા ચ્હાતા હો, તો જરૂર તમારે તેને માટે ભલા, પ્રેમના, દિલસોજી ભર્યા વિચાર જોરથી કરવા. કદાચ સમજ સહિત તમારૂં સૂક્ષ્મ શરીર બ્હાર કાઢી મોકલવાનું તમને નહિ આવડતું હોય, તોપણ તમારા મજબૂત અને ભલા વિચારોનું એક રૂપ–આકાર બંધાશે, અને ત જેને તમે મદદ કરવાને ધારતા હો તેને જરૂર મદદ કરશે, એમાં જરા પણ શક કે સંદેહ રાખવા જેવું નથી. જે પ્રમાણમાં તમારા વિચારો એકાગ્ર હશે, અને જે પ્રમાણમાં તમારી શુભ લાગણી બળવાળી અને વિખરાયા વગરની હશે, તે પ્રમાણમાં વધારે જલદીથી અને ફાયદાકારક રીતે, તે મનુષ્યને મદદ થશે. વિચાર એ ખાલી હવાઇ કલ્પના નથી, પણ વિચાર એ ખરી વસ્તુ છે અને જેની અંતરદૃષ્ટિ ખીલેલી છે તેવા મનુષ્યો તે વિચારને જોઇ પણ શકે છે. આ ઉપરથી આપણને જણાશે કે જગતનું ભલું કરવાને જેટલો એક પૈસાદાર મનુષ્ય સમર્થ છે, તેટલો જ એક ગરીબમાં ગરીબ મનુષ્ય પણ છે. તદ્દન અપંગ અને લાચાર મનુષ્ય પણ પોતાના વિચારો અને શુભ આશિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથી બીજાનું કલ્યાણ કરી શકે છે. આપણે ભાન સહિત સૂક્ષ્મ-ભુવન ઉપર કામ કરવાને શક્તિમાન્ થઇએ તે અગાઉ પણ, ઉપર પ્રમાણે કામ કરીને અત્યારથી પણ આપણે ગુપ્ત મદદ કરનારાઓની ટુકડીમાં સામેલ થઇ શકીએ. આ લેખ વાંચી દરેક મનુષ્યે ભલા વિચારો કરીને તે પરમાર્થી ટુકડી સાથે જોડાવું જોઇએ.

ગુપ્ત મદદગારનાં થોડાંક દૃષ્ટાંતો.

(૧)

લંડનના પરામાં કામ કરતો એક મજુર બે છોકરાંને નિરાધાર અને મા વગરનાં મુકી મરી ગયેા. તેના મરણ પછી તે છોકરાંની સંભાળ કરનાર કોઈ નથી, એ વિચારમાં તેનું મન એટલું બધુ. ગરક થઇ ગયું હતું કે તે આગળ વધી શકયેા નહિ. તે મજુર હતેા અને વિલાયતમાં ખર્ચ પુષ્કળ હેાવાથી તે કાંઇ પણ ધન બચાવી શકયેા નહતેા. તેની સ્ત્રી અગાઉ મરણ પામી હતી. અને જે ઘરમાં તે રહેતેા તે ઘરની માલીક બાઈ જો કે બહુ દયાળુ અન્તઃકરણની હતી, છતાં આ બે છોકરાંને દત્તક લેઇ. ઉછેરી શકે એવી પૈસા સંબંધી તેની સ્થિતિ નહતી. તેથી તેણી નાખુશીથી એવા ઠરાવપર આવી હતી કે, અનાથાશ્રમમાં તે બે છોકરાંને મોકલી આપવાં. આથી તે મરણ પામેલા પિતાને અત્યંત દુઃખ થતું હતું; જો કે તે ઘરની માલીક બાઇને ઠપકેા આપતેા ન હતેા છતાં શું કરવું તે તને સૂઝતું ન હતું.

આપણા ‘ ગેબી મદદગારે ’ તે પિતાને પૂછયું: “ જેને તમે આ છોકરાઓ નિર્ભય રીતે સોંપી શકેા એવેા કોઇ પણ તમારેા સ્વજન છે ? ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મરણ પામેલાએ જવાબ આપ્યોઃ " એવો તો કોઇ મારો સગો નથી પણ મારે એક નાનો ભાઈ હતો, અને જો તે મારી હકીકત જાણે તો જરૂર મદદે આવ્યા વિના રહે નહિ. પણ છેલ્લા પંદર વર્ષથી તે મને છોડી ચાલ્યો ગયો છે, અને હાલ તે ક્યાં રહે છે, અથવા જીવે છે કે મરી ગયો છે, તેની પણ મને ખબર નથી. છેલ્લીવાર જ્યારે મને પત્ર મળ્યો ત્યારે એવી ખબર પડી હતી કે તે સુતારને ત્યાં નોકર તરીકે રહેલો છે. તે હોંશીઆર અને મહેનતુ હોવાથી મને આશા છે કે જો બરાબર રીતે તે ચાલ્યો હશે તો અત્યારે તેનું કારખાનું સારી રીતે ચાલતું હશે. "

આટલા જ ઉપરથી તેના ભાઇને શોધી કાઢવો એ કામ સહેલું ન હતું, છતાં તે બિચારાં નિરાધાર બાળકોની તેમ જ તેના પિતાની દયામણી સ્થિતિ ખાતર તે કામ તે 'મદદગારે' મન ઉપર લીધું. તે મરણ પામેલાને સાથે લેઇ તે ' મદદગાર ' પોતાના સૂક્ષ્મ શરીરમાં શોધવા નીકળ્યો અને ઘણી મહેનતે અને ઘણા કલાક સુધી શોધ કર્યા પછી તે ભાઈ માલુમ પડયો.

અત્યારે તે પોતે જ મોટો સુતાર બનેલો હતો અને ઘણાક નોકરો તેના હાથ નીચે કામ કરતા હતા. તેની પૈસા સંબંધી સ્થિતિ સારી હતી. તે પરણેલો હતો, છોકરાંની તે બહુ ઇચ્છા કરતો હતો પણ તેને છોકરૂં છૈયું ન હતું. ટુંકમાં કહીએ તો આ કામને બરાબર બંધબેસતો આવે તેવો જ તે મનુષ્ય હતો.

હવે તેને ખબર શી રીતે આપવી એટલો સવાલ હતો. સારા ભાગ્યે તે નિર્મળ હૃદયનો હતો અને તેથી આપણા 'મદદગારે' ત્રણ રાત્રિ સુધી તેને સ્વપ્ન આપ્યાં અને સ્વપ્ન મારફતે તેને સૂચવ્યું કે " તારો ભાઇ મરી ગયો છે, તેના બે છોકરા નિરાધાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિમાં છે, તે અમુક ગામમાં અમુક સ્ત્રીને ત્યાં રહેલા છે, માટે તું ત્યાં જા અને તેમને લાવીને ઉછેર." આવો ભાવાર્થ જે રીતે તેના મનપર ઠસે તેવાં સ્વપ્ન આપ્યાં. આ સ્વપ્નની તેને એટલી બધી અસર થઇ કે તેણે પોતાની સ્ત્રીને તે સ્વપ્નની હકીકત કહી, તેથી તેણીએ તે શિરનામે પૂછાવવા કહ્યું, પણ તે તેને પસંદ પડ્યું નહિ. જાતે જ ત્યાં જવાનો ને તે ઘર આગળ પુછપરછ કરવાનો વિચાર કર્યો. એવામાં તેની સ્ત્રી બોલી ઉઠી; "સ્વપ્ન તો આળપંપાળ છે; એવા મગજના ખોટા ખ્યાલ સારૂ આખા દિવસનો રોજ શા સારૂ ખોવો ? માટે ત્યાં જશો કરશો નહિ."

તેણે ત્યાં જવાનો વિચાર માંડી વાળ્યો. આ રીતે જ્યારે તે મદદગાર પોતાના કામમાં ફતેહમંદ ન નીવડ્યો, ત્યારે તેણે બીજી યુક્તિ પસંદ કરી. આ પૃથ્વી ઉપર વસતા તે 'મદદગારે' એક કાગળ તેના ભાઇ ઉપર લખ્યો અને તે કાગળમાં સ્વપ્નમાં તેણે જે જોયું હતું તેવી બધી બાબત અને છોકરાઓની સ્થિતિ વગેરે લખી મોકલ્યું. આ કાગળ મળતાં જ તેના સ્વપ્નની તેને ખાત્રી થઇ, અને જરા પણ વિલંબ ન કરતાં તે ચાલી નીકળ્યો અને જ્યાં તેના ભાઈના બે છોકરા રહેતા તે ઘર આગળ આવી પહોંચ્યો. તે ઘરની માલીક સ્ત્રીએ તેને સારો આદરસત્કાર આપ્યો. આટલા દિવસ સુધી તે 'મદદગારે' સ્વપ્ન મારફતે ડોસીને પણ સૂચવ્યું હતું કે કોઇને કોઇ માણસ આવી તે છોકરાંને તેડી જશે, માટે તેટલા થોડા દિવસ સુધી તમે છોકરાંને સાચવી રાખજો. આ કારણથી જ તે ડોસીએ છોકરાંઓ અનાથાશ્રમમાં મોકલી દીધા ન હતાં. હવે તે છોકરાંનો કાકો તેમને પોતાને ઘેર લેઈ ગયો, અને પોતાને છોકરૂં ન હોવાથી, તેમને તેણે પોતાના પેટના છોકરાની માફક પાળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મરણ પામેલો પિતા પણ હવે ચિંતારહિત થયો અને આનંદ પામી 'આગળ ચાલ્યો ગયો.' આવી ગુપ્ત રીતે દેવો કામ કરે છે.

(૨)

મરણ પામેલાને દેવે આપેલી સહાયનો દાખલો આપણે ઉપર વિચારી ગયા. હવે જીવતાને તેઓ કેવી રીતે મદદ કરી શકે છે તે આપણે વિચારીએ.

એક વખતે મદ્રાસના નાના ગામડામાં એક ખેડુત અને તેની સ્ત્રી પોતાના ખેતીના કામમાં રોકાયલાં હતાં, અને તેઓનાં બે નાનાં છોકરાં બહાર રમતાં હતાં. રમતમાં અને રમતમાં તેઓ ઘણે દૂર ચાલ્યાં ગયાં, અને ભૂલાં પડયાં. જ્યારે આખા દિવસના કામથી કંટાળી ગયેલાં માબાપ પોતાને ઘેર પાછાં આવ્યાં, ત્યારે તેમને માલુમ પડયું કે છોકરાંઓ તો ઘેર નથી પણ ખોવાયાં છે. પાડોશીઓના ઘરમાં તપાસ કર્યા પછી ચારે બાજુએ પોતાના નોકરોને, સગાંવ્હાલાંને અને પાડોશીપાડોશીઓને તે છોકરાંની સંભાળ કાઢવા દોડાવ્યા. તેઓએ ચારે બાજુએ તપાસ કરી, પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. તેથી તેઓ નિરાશ થઈ પાછા ફર્યા. તેવામાં આઘેથી તેઓએ કોઇક પ્રકારનો પ્રકાશ અંતરમાં થઇ મુખ્ય માર્ગપર આવતો જોયો. તે સાધારણ દીવાના પ્રકાશ જેવો ન હતો, પણ ગોળા જેવું કાંઇ ચળકતું હતું. તેવા તે પ્રકાશમાં બે ભૂલાં પડેલાં છોકરાં આ બધા મનુષ્યોની નજરે પડયાં. તે છોકરાઓનો બાપ અને તેના સોબતીઓ એકદમ તે પ્રકાશ ભણી દોડયા. જ્યાં સુધી તેઓ તે છોકરાની નજદીક આવી પહોંચ્યા ત્યાં સુધી તે પ્રકાશ ચાલુ રહ્યો, પણ જેવા તેઓએ તે છોકરાને હાથમાં લીધા કે પ્રકાશ અદૃશ્ય થયો અને તેઓ અંધારામાં ગોથાં ખાવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાંઓને પૂછતાં તેઓએ જવાબ આપ્યોઃ "રાત પડી ગઇ તેથી અમોએ જંગલમાં ઘૂમો માર્યા કરી, પણ કોઇએ જ્યારે તે ઘૂમ ન સાંભળી, ત્યારે અમે ઝાડ તળે સૂઈ રહ્યા. તેવામાં કોઇ સુંદર સ્ત્રી હાથમાં દીવા સહિત આવી. તેણે અમને જગાડયા. હાથથી દોરી તે અમને ઘર ભણી લાવવા લાગી. જ્યારે અમે તેને કાંઇ સવાલ પૂછતા, ત્યારે તે હસતી હતી. પણ એક પણ શબ્દ બોલતી ન હતી!" આ પ્રમાણે તે બે છોકરાઓએ વાત કરી, અને ઉથલાવી ઉથલાવીને સવાલ પૂછતાં છતાં તઓ તો તે મતને જ વળગી રહ્યા.

આ બનાવ એટલો બધો સ્પષ્ટ છે કે તેમાં દેવે લીધેલા ભાગના સંબંધમાં વિશેષ સમજણ આપવાની જરૂર નથી.

(૩)

એક વકીલ કે જેની સ્ત્રી એક વર્ષ ઉપર મરણ પામી હતી તે પોતાના એક છોકરા અને છોડીને લેઇ પોતાના મિત્રને પાસેના ગામમાં મળવા ગયો હતો. તે બે છોકરાં તેમ જ તેના મિત્રનાં છોકરાં સાથે રમવા લાગ્યાં. તેના મિત્રનું મકાન એક ભવ્ય મહેલના ખંડેરમાં આવેલું હતું, અને તે ખંડેરના લાંબા અંધારા ગલીવાળા રસ્તામાં છોકરાઓ રમતા રમતા આગળ વધી ગયા, પણ ત્યાંથી તેઓ એકદમ પાછા દોડી આવ્યા અને તેમના પિતા પાસે ઉપર જઈ કહેવા લાગ્યા કે "અમને અમારી મા મળી, તેણે અમને કહ્યું કે અહીંઆં રમશો નહિ, ઉપર જતા રહો; એમ કહી તે અદૃશ્ય થઇ ગઇ!" પાછળથી તપાસ કરતાં માલૂમ પડયું કે તે ગલીવાળા માર્ગમાં ઉંડો કુવો હતો અને તે છોકરાઓ જરાક આગળ વધ્યા હોત તો તરત કુવામાં પડી મરણ પામત. આ રીતે માનો પ્રેમ મરણ પછી છોકરાઓની સંભાળ રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટના બે બોલ.

આ લખનાર સારી રીતે જાણે છે કે આ વિષય પર સર્વની શ્રદ્ધા બેસી શકશે નહિ. આજકાલ 'દેવો'ના નામે અને 'ભૂતો'ના નામે એટલા બધા ઢોંગસોંગ ચાલે છે કે જેથી ખરી વાતો પણ મનાવવી મુશ્કેલ થઇ પડી છે. પણ તે માટે શોક કરવો નકામો છે. જેઓ પવિત્ર છે, જેઓ પરોપકારી છે, જેઓ વિવેક સાથે શ્રદ્ધા ધરાવે છે તેઓને તો આ વાતો જેવી વાતો પોતાના સંબંધમાં અન્યાના દાખલા જોવા મળ્યા હશેજ, અગર નજીકના ભવિષ્યમાં મળશે જ. જેમને આ વાતો માનવી ન ગમતી હોય તેમને આ લેખક દુંકમાં અરજ કરે છે, કે આ વાત માનો તો તેથી તમારા ધર્મને કાંઇ નુકસાન થવાનું નથી અને ન માનો તો સત્યને કે દેવોને કાંઇ નુકસાન થવાનું નથી. માનવાથી સારાં કામો કરવામાં તમને શ્રદ્ધા બંધાશે અને શ્રદ્ધાથી તમે પરોપકારના કામમાં કંટાળો કે ડર રાખવાનું ભૂલી જઈ હિંમતવાળા બનશો (કારણ કે એવા કામમાં ગુપ્ત મદદ કરનાર દેવો દૂર નથી. એવી તમને ખાત્રી હોય છે:) એટલો લાભ છે. આ માન્યતામાં શ્રદ્ધા રાખવી એ ખોટ વગરનો ધંધો છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ખાતામાં મળતાં તૈયાર પુસ્તકો.

શ્રીમદ્ ભાગવતનો એકાદશ સ્કંધ પાકું પૂઠું ... ૦—૬—૬
શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ પાકું પૂઠું ... ... ૦—૯—૦
શ્રીમદ્ ભગવદ્ ગીતા ગુ. અર્થ સાથે સોનેરી પૂઠું રૂ. ૦।। સાદું ૦—૨—૦
શ્રી યોગવશિષ્ઠનાં વૈરાગ્ય મુમુક્ષુ પ્રકરણ પાકું પૂઠું ... ૦—૭—૦
સુબોધ રત્નાકર (ઉત્તમ દૃષ્ટાંતો) ... ... ૦—૫—૬
સદ્‌ગુણી બાળકો (બાળકો માટે ખાસ ઉપયોગી) ... ૦—૩—૦
બાળકોની વાતો („) ... ૦—૩—૦
નસીબ ફેરવવાની કુંચી ... ... ૦—૩—૬
આર્યભીષક્ અથવા હિંદુસ્તાનનો વૈદરાજ ... ... ૧—૮—૦
આયુષ્ય વધારવાનો ક્રીમિયો (વૈદક પુસ્તક) ... ... ૦—૫—૦
સુબોધ રત્નમાળા છત્રીશી પૃષ્ટ ૭૨૦ પાકું પૂઠું (કવિતા) ૦—૧૪—૦
જેસંગ કાવ્ય પૃષ્ટ ૯૦૦ પાકું પૂઠું ... ... ૧—૨—૦
*આર્ય ધર્મ નીતિ તથા ચાણક્ય નીતિસાર ... ... ૦—૫—૦
*અબળા હિત દર્પણ ... ... ૦—૨—૬
***સ્વામી રામતીર્થનું જીવન અને ઉપદેશો ભાગ ૧-૨-૩** ૦—૭—૬
***લઘુલેખ સંગ્રહ** (એનીબિસેંટના ૪ લેખો)... ... ૦—૨—૦
***સંસારમાં સુખ ક્યહાં છે ?** ... ... ૦—૩—૦
***નવાયુગની નવી વાતો**... ... ... ૦—૨—૬
ક્ષાત્રપાળ પ્રતાપ (કાવ્ય) ... ... ૦—૧—૬
કથા વિનોદ ... . ૦—૩—૦
જાપાન ... ... ૦—૪—૦
શ્રી ભગવાનની છબી ઉપદેશ સાથે લીલા રંગની નવી છે. ૦—૧—૦
શ્રી શંકર દિગ્વિજય સારસટીક (સંસ્કૃતમાં છે.) ... ૧—૪—૦

***આ નિશાની વાળાંનું** પોષ્ટેજ માફ. બીજાનું જુદું છે. વી. પી. ખર્ચ સર્વનું જુદું છે.

ઠે.—સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય-કાલબાદેવી રોડ-મુંબઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળામાં
જાહેર ખબર છાપવાના દર.

હાલ આ ગ્રંથમાળાનાં દર માસે ત્રેવીસસો પુસ્તકો નીકળે છે. સર્વને સુગમ થવા અર્થે જાહેર ખબરોના ભાવ મુદ્દતપર ન ઠરાવતાં પુસ્તકોની સંખ્યા ઉપર ઠરાવ્યા છે તે નીચે પ્રમાણે છે.

જાહેર ખબર કેટલાં પુસ્તકોમાં છપાશે.	એક પેજનો ભાવ રૂ.	અર્ધા પેજનો ભાવ રૂ.	પા પેજનો ભાવ રૂ.	ત્રણ લાઈનનો ભાવ રૂ.
૨૫૦૦૦	૩૦	૧૮	૧૦	૬
૧૫૦૦૦	૨૦	૧૨	૭	૪
૧૦૦૦૦	૧૫	૯	૫	૩
૫૦૦૦	૧૦	૬	૩	૨
૨૦૦૦	૫	૩	૨	૧

વધુ માટે લખો, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. મુંબઇ નં. ૨

પુસ્તકો મંગાવનારને
જાણી લેવા જેવો લાભ.

૫૦ વર્ષથી પ્રખ્યાત પુસ્તકો વેચનાર શા. મોતીલાલ મગનભાઇની દુકાનેથી પાંચ રૂપિયાની ચોપડીઓ એકી વખતે ખરીદનારને એક રૂપિયાની કિંમતની ચોપડી ભેટ અપાય છે. બીજા બુકસેલરોના કે પબ્લીશરોના લિસ્ટમાંથી પુસ્તકો પસંદ કરી મંગાવનારને પણ ભેટ તો મળવાનીજ. ચોપડીઓના પ્રાઇસ લીસ્ટ સાથે ભેટ બુકોનું પ્રાઇસ લિસ્ટ પણ નીચેના શિરનામેથી મંગાવી લેવું.

એમ. એમ. શાહ. તમામ જાતનાં પુસ્તકો વેચનાર,
મુંબાઇ-કાલબાદેવી રોડ અને અમદાવાદ રીચીરોડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગનાં પુસ્તકો.

આ પુસ્તકો ગૃહસ્થોના ઘરના સાચા શણગાર રૂપ છે, હરિજનોને માટે હૈયાના હાર જેવાં છે, અને સર્વ સાધારણને માટે ઉત્તમ વાંચનના ભંડારરૂપ છે; કારણકે તેની ભાષા ઘણીજ સાદી અને સહેલી છે, બાળકો અને સ્ત્રીઓ પણ સમજી શકે એવી તેમાં સરળતા છે, અને તે ભક્તિમાર્ગના ઉત્તમ સિદ્ધાંતો તેમજ હાલના જમાનાને અનુસરતા નવા વિચારો અને વાતોથી ભરેલાં છે.

ભક્તિ-જ્ઞાન-પ્રભુપ્રેમના દાખલાઓવાળાં:—

સ્વર્ગનું વિમાન	....રૂ.	એક
સ્વર્ગની કુંચી	....રૂ.	એક
સ્વર્ગનો ખજાનો	....રૂ.	એક

જમાનાને અનુસરતા વિચારોનાં:—

સંસારમાં સ્વર્ગ	....રૂ.	દોઢ
સ્ત્રીઓનું સ્વર્ગ	....રૂ.	દોઢ
સાચું સ્વર્ગ	....રૂ.	દોઢ
સ્વર્ગની સીડી	....રૂ.	દોઢ

દરેકનું પોષ્ટેજ વી. પી. ખર્ચ રૂ. ૧ જુદું.

મુખ્ય ઠેકાણું:—વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર.
કાલબાદેવીરોડ, હાથીબીલ્ડીંગ—મુંબઈ. નં. ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૉયલ હિંદુ હોટેલ.

માથેરાન અને દેવલાલી

હવા ખાવાનાં ઉપલાં જાણીતાં સ્થળો

ઉપર લોકપ્રિય હિંદુ આશ્રમ

કે જેમાં

ખાવા પીવાની તથા સુવા બેસવાની

સર્વોત્તમ સગવડ

કરવામાં આવી છે. સંખ્યાબંધ સ ગૃહસ્થો પોતાના ફૅમીલીઓ સહિત ઉપલા આશ્રમોનો લાભ લઇ પોતાનો અપૂર્વ સંતોષ જાહેર કરી ચુક્યા છે.

ફીઃ—માથેરાનમાં રોજના રૂ. ૩) ત્રણ
માસ ૧ ના રૂ. ૭૫)
દેવલાલીમાં રોજના રૂ. ૨) બે
માસ ૧ ના રૂ. ૫૦)

વધુ માટે પૂછોઃ—

ગોવિંદજી વસનજી.

(૧) ઠાકોરદ્વાર—મુંબઇ.
(૨) ચોક હાલ—માથેરાન.
(૩) માધવવિલાસ—દેવલાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"થીઓસૉફીને લગતાં ગુજરાતી પુસ્તકો."

	રૂ.આ.પૈ.		રૂ. આ. પૈ.
પુરાણી પ્રજ્ઞા કિંમત	...૧-૪-૦	હૃદયવાદ, ગુપ્તનાદ દરેકના	...૦-૪-૦
મહાતમંદિરનો ચોક	...૦-૭-૦	ગુપ્તજ્ઞાન સંહિતા	...૦-૧૨-૦
પુર્નજન્મ... ...	...૦-૪-૦	થીઓસોફી (નવી એડીશન)	૧-૦-૦
મુમુક્ષુનો માર્ગ ...	...૦-૬-૦	રાજઋષિ	...૩-૦-૦
ધર્મ અને હિંદુ ધર્મ	...૦-૬-૦	બ્રહ્મજ્ઞાન ભોમીઓ	...૧-૮-૦
કર્મ, જ્ઞાન ભક્તિ	...૦-૫-૦	યોગદર્શન અનુભવ	...૨-૦-૦
સમર્પણ મનુષ્ય ...	...૦-૫-૦	સુબોધ પત્રિકા ...	...૧-૪-૦
અવતારો	...૦-૫-૦	શ્રીમદ્ ભગવદ્ ગીતા	...૦-૬-૦
કર્મ, દેવલોક (દરેકના)	...૦-૪-૦	વર્ણોપચાર વિધા...	...૦-૬-૦
આત્મા અને તેના કોષો	...૦-૪-૦	એની બીસન્ટ જીવન ચરિત્ર ...	...૦-૧૨-૦
વિચારશક્તિ ...	...૦-૧૦-૦		
એનીબીસન્ટ વ્યાખ્યાનમાળા.	૪-૦		

ઠેકાણું—થીઓસોફીકલ બુકડીપો ૨૬, હોરનબી રોડ,—મુંબઇ.

અમારા કારખાનામાં જે

રબર સ્ટૅંપ

તૈયાર થાય છે તેમાં ઉંચી જાતનો રબર અને સામાન વપરાતો હોવાથી તે ઘણા દિવસ સુધી જેવાને તેવા રહી કાગળ ઉપર ચોખા અક્ષરોથી છપાય છે. હલકો રબર અને સામાન વાપરી જે રબર સ્ટૅંમ્પ બને છે તે બહુ ટુંક મુદતમાં ખરાબ થઇ તેનાથી કાગળ ઉપર છાપેલું નામ વંચાતું પણ નથી. માટે એક વખત અમારે ત્યાં રબર સ્ટૅંમ્પ બનાવી પોતાની ખાત્રી કરી લેશો.

પી. પી. રેળે અને કંપની

રબર સ્ટૅંપ મેકર્સ અને એન્ગ્રેવર્સ વિગેરે ૧૭૯. કાલબાદેવી. મુંબઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોસી મણિલાલ નથુભાઈ બી. એ. નાં રચેલાં પુસ્તકો.

ગુરૂ દર્શન.

(બીજી આવૃત્તિ; કીંમત બોર્ડ રૂ. ૦–૬–૦. પાકું પુઠું છીંટનું રૂ. ૦–૮–૦)

તત્ત્વવિદ્યાને આધારે આર્યધર્મમાં માન્ય ગણાતા ઉત્તમ નીતિના સિદ્ધાંતોને પ્રતિપાદન કરનાર આ પુસ્તક ગાયકવાડી કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઈનામ માટે મંજુર કર્યું છે, તથા સરકારી કેળવણી ખાતાએ પણ પ્રાયમરી સ્કુલોમાં લાયબ્રેરી માટે મંજુર કર્યું છે. સુરત મ્યુનીસીપલ સ્કુલોમાં એક નૈતિક પુસ્તક તરીકે શિખવવામાં આવે છે. તેનું હિંદી ભાષામાં ભાષાંતર થયું છે, અને હુંક મુદતમાં તેની બે આવૃતિઓ થઇ છે. તેમાં દાન, શીળ, વૈરાગ્ય, ક્ષમા, વીર્ય, ધ્યાન અને જ્ઞાન એ સાત સદ્‌ગુણો ઉપર અસરકારક રીતે વિવેચન કરવામાં આવ્યું છે, અને અનેક માસિકો તથા વર્તમાન પત્રો તરફથી તથા ખાનગી સદ્‌ગ્રહસ્થો તરફથી ઘણાં પ્રમાણપત્રો મળ્યાં છે.

યોગમાર્ગના ભોમીઓ.

મન વશ કરવાની સરલ યુક્તિ જણાવનારો ઉત્તમ નિબંધ છે. તેમાં અભ્યાસ અને વૈરાગ્ય એ બે સાધનો વડે મન શી રીતે કાબુમાં લાવવું, તથા એકાગ્રતા અને ધ્યાન શી રીતે કરવું, તથા તેમાં કયા સદ્‌ગુણોની આવશ્યકતા છે, તથા જૂદા જૂદા શરીરોની શુદ્ધિ શી રીતે કરવી તે સર્વ સરલ ભાષામાં, વ્યવહારમાં ઉપયોગી લાગે તેવી રીતે રાજયોગ પ્રમાણે સૂચવવામાં આવ્યું છે. કીંમત માત્ર રૂ. ૦–૨–૦ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશી મણીલાલ નથુભાઇ બી. એ. નાં રચેલાં પુસ્તકો.

દયાનો ઝરો.

(આવૃત્તિ બીજી–કીંમત રૂ. ૦–૪–૦.)

મનુષ્યોની બેદરકારીથી પશુઓ, પક્ષીઓ અને મનુષ્યો ઉપર જે ઘાતકીપણું ગુજરે છે, તે અટકાવવાના હેતુથી ગુજરતા ઘાતકીપણાનું વર્ણન આપી તે અટકાવવાના ઉત્તમ માર્ગો સાદી અને સરલ ભાષામાં આપવામાં આવ્યા છે. તેમાં આવેલાં પ્રકરણોમાં મુખ્ય હૃદય કેળવણી, પુચ્છ છેદન, પ્રાણી ઉપર કરાતા અખ્તરા નિમિત્તે થતી હિંસા, માંસ નિષેધ, યુદ્ધ અથવા ક્રીડા, કેદીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું, પોશાક અને ફેશન નિમિત્તે પક્ષીઓ ઉપર ગુજરતો ત્રાસ, શિક્ષકોનું કર્તવ્ય, પ્રાણીઓમાં રહેલો અમર આત્મા, એ વગેરે છે. આ પુસ્તક ગાયકવાડી કેળવણી ખાતાએ ઇનામ માટે મંજુર કર્યું છે. એક વાર આ પુસ્તક વાંચ્યા પછી હૃદયમાં દયાભાવ ઉત્પન્ન થયા વિના રહેજ નહિ. કીંમત રૂ. ૦–૪–૦. મનુષ્ય અને પશુઓના કલ્યાણાર્થે મફત વ્હેંચનારને માત્ર રૂ. ૦–૨–૦ માં એ આપવામાં આવશે.

જ્ઞાનદીપક.

(આવૃત્તિ બીજી–કીંમત રૂ. ૦–૩–૦.)

જ્ઞાનનું માહાત્મ્ય દર્શાવનારો ઉત્તમ ઇનામી નિબંધ; જેમાં જ્ઞાનપ્રાપ્તિનાં બાહ્ય સાધનો જેવાં કે, પુસ્તકો, દેશાટન, સત્સંગ, ગુરૂ; તથા અંતરંગ સાધનો જેવાં કે વિવેક, વૈરાગ્ય, શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન વગેરેનું (જુદા જુદા વિભાગો પાડી) બહુજ અસરકારક રીતે વિવેચન કરવામાં આવ્યું છે. 'કેવી રીતે વાંચવું?' તથા 'ધાર્મિક કેળવણીની શી આવશ્યકતા છે?' એ બે પ્રશ્નોનો બહુ સારો પ્રત્યુત્તર આ નાનકડા નિબંધમાં છે. વિદ્યાર્થીઓમાં ખાસ વ્હેંચવા લાયક છે. તેની કીંમત રૂા. ૦–૩–૦ છે. તે છતાં વિદ્યાર્થીઓમાં વ્હેંચવા સારૂ સામટી પ્રતો ખરીદનારને માત્ર રૂા. ૦–૧–૬ માં આપવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોશી મણીલાલ નથુભાઇ બી. એ. નાં રચેલાં પુસ્તકો.

સ્ત્રી કેળવણી અને સદ્ગર્તન.

આ નિબંધમાં સ્ત્રીઓને કેળવણી આપવાની શી આવશ્યતા છે? કેળવણી કેવા પ્રકારની આપવી જોઈએ? સ્ત્રીઓની મહત્તા શાસ્ત્રોધારે કેટલી છે? સ્ત્રીઓના સદ્ગર્તનમાં કયા ગુણોનો સમાવેશ થાય છે? તથા ગૃહસ્થાશ્રમ એ શું? અને તેમાં શિખવા લાયક કયા સદ્ગુણો છે? તે સર્વનું વર્ણન કરવામાં આવ્યું છે. આવૃત્તિ ત્રીજી, કીંમત રૂ. ૦–૨–૦

આત્મપ્રદીપ.

જૈનમુનિ શ્રી બુદ્ધિસાગરજીએ રચેલ આ ગ્રન્થ ઉપર શુદ્ધ સરલ ભાષામાં ત્રણસેં પાનાનું વિવેચન કરવામાં આવેલું છે. તેમાં જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ કેવું છે? પુનર્જન્મની આવશ્યકતા શી છે? આત્મા કેવી રીતે કર્મથી મુક્ત થઇ શકે? તથા આત્માના અમરત્વના શા પુરાવા છે? વગેરે પ્રશ્નોનો ખુલાસો આપવામાં આવેલો છે. આવું દળદાર પુસ્તક છતાં તેની કીંમત રૂ. ૦–૮–૦ છે.

આત્મનિરીક્ષણ.

દરરોજના કાર્યોનું રાત્રીએ અવલોકન કરી પોતાના આત્માને શુદ્ધ બનાવવાનો ઉત્તમ માર્ગ આ પેમ્ફલેટમાં બતાવ્યો છે. ફક્ત અર્ધા આનાની ટીકીટ બીડનારને તે મફત મળે છે. (આવૃત્તિ ત્રીજી)

મહાત્મા બુદ્ધ.

૫૦ કરોડની સંખ્યા ધરાવતા બુદ્ધિસ્ટોના મહાન ધર્મપિતા અને વિશ્વને દયા તથા આત્મસંયમનો ઉમદા પાઠ શીખવનાર પરમ ગુરૂ મહાત્મા બુદ્ધનું જીવનચરિત્ર પૂર્વ અને પશ્ચિમના અનેક વિદ્વાનોના ગ્રંથોને આધારે લખ્યું છે. આ દળદાર પુસ્તકની કિંમત માત્ર ૦–૮–૦ છે.

મળવાનું ઠેકાણું. કર્તા પાસેથી, રતનપોળ—અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ અમૂલ્ય પુસ્તકો.

સુબોધચંદ્ર.

આ ગ્રન્થ વાર્તાના રૂપમાં લખવામાં આવ્યો છે, અને વાત ની રસિક શૈલિમાં સત્યની શોધ, મરણ પછીની સ્થિતિ, વિચાર શક્તિ, પૂર્વભવોનું સ્મરણ, પ્રેમ અને ત્યાગ, પ્રેમની કસોટી તથા ગુપ્ત મહાત્મા મંડળ વગેરે ઉમદા સિદ્ધાંતો ચર્ચવામાં આવ્યા છે. ગુપ્ત જ્ઞાનના જીજ્ઞાસુઓને માટે આ ગ્રન્થ એક દીપક સમાન છે. નૉવેલોના રસિકો માત્ર નૉવેલ રૂપે આ વાંચી શકશે, અને ગુપ્ત વિદ્યાના અભ્યાસકો અનેક ગુપ્ત સત્યો પ્રકટ થયેલાં જોઈ શકશે. મૂલ્ય માત્ર ૦—૮—૦

સ્વરશાસ્ત્ર.

ઇડા, પિંગળા અને સુષુમ્ણા; આ ત્રણ નાડીઓ સંબંધી જ્ઞાન આપી દરેક બાબતમાં વિજય અપાવનારૂં ઘણું ઉમદા પુસ્તક છે. તેની સાથે ગુપ્ત મદદગારોનો વિષય પણ જોડવામાં આવ્યો છે. કીંમત રૂ. ૧.

વિદ્વાનોની અભિપ્રાયો.

મરણ પછીની સ્થિતિ	૦—૧—૦
શાંતિનું સ્થળ.	૦—૧—૦
જાહેર હિમ્મત.	૦—૧—૦
જૈન ધર્મ.	૦—૧—૦
મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં.	૦—૧—૦

ધમ્મપદ સૂત્ર (બુદ્ધ ધર્મનો ઉત્તમ ગ્રન્થ) ૦—૩—૦

ગુરૂ નાનકનું જીવન ચરિત્ર. ૦—૧—૦

મળવાનું ઠેકાણું—થીઓસોફીકલ સોસાયટી
રીચીરોડ—અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂ ૧૦૭૫૦ ની કિંમતની ૩૦૦૦ મણના વજ

ગોદરેજની તીજો

થોડા વખત ઉપર મુંબઇની યાકોહોમા બેંક
ગોદરેજે રૂ ૭૫૦૦ ની ૧૫૦૦ મણની ફાય
મુફ તીજોરી બનાવી હતી. એ તીજોરી
એટલી મોટી છે કે તેમાં પચાસ
માણસો ઉભા રહી શકે.

હાલમાં એથી પણ મ્હોટી ફાયર મુફ તીજોરી બ
આરડર ગોદરેજને મળ્યો છે. એ તીજોરી મુંબઇની ઈસ્ટ
માટે છે. માપમાં એટલી મોટી થશે કે તેમાં મોટા કદનાં
માણસ સહેલાઇથી ઉભા રહી શકે, વજનમાં ત્રણ હજારમ
એ તીજોરીની ગોદરેજની કિંમત રૂ. ૧૦૭૫૦ છે. ઉ
મેકરે એથી લગભગ બેવડા પૈસા માગ્યા હતા.

તીજોરીનું કામ એવું હોય છે કે તૈયાર થઇ રહેવા પા
બનાવટની છે કે હલકી તે કારીગર પોતે પણ પારખ
નહિ. બહારના દેખાવમાં રૂ. ૫૦૦ ની તેમજ રૂ. ૧
સરખી જ દેખાય. માટે ખરીદનારે કારખાને આવી બા
ફેરની માહિતી જાતે મેળવવી એ સારૂં છે.

કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ,–મુંબઇ
દુકાન—મુળજી જેઠા માર્કીટની સામે,
શેખમેમણ સ્ટીટ,—મુંબઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar